બેંકના વ્યાજ, બેંક લોન, જીવન વીમો, સામાન્ય વીમો,
ચેક–ડ્રાફ્ટ વગેરેનો વટાવ, પોસ્ટ ઓફીસના વિકાસ પત્રો, શેર
બજારના મસાઈલ, નેટ વર્ક માર્કેટિંગ વિશે, મ્યુચ્યુઅલ ફંડ,
ક્રેડિટ કાર્ડ, ઈ કોમર્સ બિઝનેસ, ફોરેક્ષ ટ્રેડિંગ વગેરે વિશે ઉઠતા
પ્રશ્નોનો હલ રજૂ કરતી કિતાબ..

ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર

લેખક..

મુહક્કિકે મસાઈલે જદીદા ફકીહે મિલ્લત

હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી

(સદર મુફતી : જામિઆ અશરફિયા મુબારકપુર, યુ.પી.)

નવીન સંપાદન : મુફતી મુહમ્મદસાબિર નજમી મિસ્બાહી

(સદર : દારુલ્ ઈફતા, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)

પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

Web:www.barkatekhwaja.net • **Email :** anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૨૬૬ આવૃત્તિ–૩ પ્રત : ૧૫૦૦ **હદિયો : ૬૦/–**
૨૫–ઝિલ્ હજ્જ હિ.સ. ૧૪૪૩ ઓગષ્ટ–૨૦૨૨

"અંજુમને રઝાએ મુસ્તફા"ના મેમ્બરો તથા ડોનરોને ફ્રીમાં આપવામાં આવશે.

★ અનુક્રમણિકા ★

- ❑ **બીજી આવૃત્તિ પ્રસંગે બે બોલ...** 04
- ❑ **પ્રારંભિક વાત.....** 06
- ❑ **તસ્દીકે જલીલ (મહાન સમર્થન)** 10
- ❑ **તસ્દીકે જમીલ** 23
- ❑ **અહલે સુન્નતના ફક઼ીહોનું સમર્થન** 25
- ❑ લોકો પાસેથી પ્રાપ્ત થયેલ માલની શરઈ હૈસિયત 27
- ❑ કરજ (લોન) લેણદેણની શરત 28
- ❑ કરજના માલ પર મળતો વધારો જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશે ઉલમાના બે ગૃપો 29
- ❑ પ્રથમ પ્રસ્તાવના 30
- ❑ બીજી પ્રસ્તાવના 32
- ❑ ત્રીજી પ્રસ્તાવના 34
- ❑ ચોથી પ્રસ્તાવના 34
- ❑ હુકમો 38
- ❑ પોસ્ટ ઓફીસથી મળતી વધારાની રકમનો હુકમ 41
- ❑ લોકોએ વેપાર વગેરે માટે બેંકમાંથી નાણા પ્રાપ્ત કરવા વિશે 43
- ❑ ઈન્કમટેક્ષની મજબૂરી 46
- ❑ ઈજારો (ઠેકો) 51
- ❑ હૂંડી તથા બિલનો વટાવ 55
- ❑ ચેક તથા પાવતીનું ખરીદ વેચાણ 59
- ❑ જાઈઝનો માર્ગ 60

❑ ઈસ્લામી બેંક 61
❑ **LIC જાન તથા માલનો વીમો અને તેની શરઈ હૈસિયત** 63
❑ જીવન વીમાનો હુકમ 63
❑ માલના વીમાનો હુકમ 70
❑ **મેડિક્લેમ Mediclaim ઈન્સ્યૂરન્સનો હુકમ** 72
❑ મેડિક્લેમ Mediclaim ઈન્સ્યૂરન્સ વિશે જાણકારી 72
❑ **વર્તમાન સંજોગો મુજબ શેર બજાર વિશે શરઈ હુકમ** 78
❑ ફક઼ીહે ઈસ્લામનો ફત્વો 85
❑ **મ્યુચ્યુઅલ ફંડનો શરઈ હુકમ** 93
❑ **નેટ વર્ક માર્કેટિંગ શરીઅતની દષ્ટિએ** 93
❑ **ક્રેડિટ કાર્ડ (Credit Card)નો હુકમ** 101
❑ **ઈ કોમર્સ બિઝનેસ કરના કૈસા** 104
❑ **ફોરેક્ષ ટ્રેડિંગ શરીઅતની દષ્ટિએ** 109
❑ ફેંસલાનો ખુલાસો 109
❑ બે દેશોની કરન્સીની ઓનલાઈન લે વેચ શું છે ? 109

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

બીજી આવૃત્તિ પ્રસંગે બે બોલ...

પ્યારા સુન્ની ભાઈઓ ! વર્તમાન સમયમાં વિશ્વભરમાં નાણાકિય લેવડ દેવડનો વહેવાર બેંકો થકી ચાલી રહ્યો છે. તો બેંકમાં નાણા રોકતાં બેંક તરફથી અમુક ટકા રકમ ઈન્ટરેસ્ટ તથા વ્યાજના નામે મળતી હોય છે. તેમજ બેંક પાસેથી લોનો લેતાં વ્યાજરૂપે બેંકમાં રકમ ચૂકવવી પડે છે. તો બેંકમાંથી વ્યાજના નામથી મળતી રકમ લેવી કેવી ? અને લોન પેટે બેંકમાં વ્યાજ ભરવું કેવું ? એ વિશે પ્રશ્નો અવાર નવાર પબ્લિકમાંથી ઉઠતા રહે છે. તો એ સંબંધે હિંદુસ્તાનની બેંકોમાં થતી લેવડ દેવડ વિશે તથા અન્ય બેંકો જે મુસ્લિમોની નથી તેવી બેંકોમાંથી ઈન્ટરેસ્ટના નામે જે વધારાની રકમ મળે છે તે શરીઅતની બોલીમાં **"વ્યાજ"** નથી એ સમજાવતી કિતાબો જેમાં શાહઝાદાએ આ'લા હઝરત હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ નો ફત્વો તેમજ શારેહે બુખારી ફક઼ીહુલ હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક઼ક઼ સાહબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ નો ફત્વો વિવિધ મહાન મુફ્તીઓના સમર્થન સાથે અમો બે ત્રણવાર કિતાબરૂપે છાપી ચૂક્યા છીએ કે, **"હિંદુસ્તાનની બેંકોમાંથી વ્યાજના નામે જે અધિક રકમ મળે છે તે વ્યાજમાં દાખલ નથી. અને તે રકમ નફો છે જેને કોઈ પણ જાઈઝ કામમાં વાપરી શકાશે."**

એ જ મસ્અલો આ કિતાબમાં પણ વિસ્તારપૂર્વક સમજાવેલ છે. તથા બૅંકોમાંથી લોન લેતાં ભરવા પડતા ઈન્ટરેસ્ટ વિશે શું હુકમ છે ? એ પણ શરીઅતની દલીલો સાથે સ્પષ્ટ સમજાવ્યું છે. તદ્ ઉપરાંત **જીવન વીમો, જાન માલનો વીમો તથા અન્ય બૅંકીંગ વહેવાર તથા વિકાસપત્રો વિશે, શેર બજારના મસાઈલ તથા નેટવર્ક માર્કેટિંગ તથા ક્રેડિટ કાર્ડ વગેરે વિશે** શું શરઈ હુકમો છે તેનો સંતોષકારક જવાબો પ્રસ્તૂત કિતાબ **''ઈસ્લામ અને અર્વાચીન બૅંક કારોબાર''** (આવૃત્તિ–૨)માં મુહક્ક઼િક઼ે મસાઈલે જદીદા, ફક઼ીહે મિલ્લત **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન સાહેબ કિ઼બ્લા** مدظلہ العالی (સદર મુફ્તી જામિઆ અશરિફયા–મુબારકપુર)ની તેહક઼ીક઼ી ક઼લમ વડે રજૂ થયેલા છે. તેનો અભ્યાસ કરશો અને વર્તમાન સમયમાં નિત નવી સ્કીમો ગર્વમેન્ટ થકી તથા પ્રાઈવેટ કંપનીઓ થકી જે નીકળે છે તેના વિશે માહિતી મેળવી શું જાઈઝ શું નાજાઈઝ છે તેને સમજી લઈને તમે મુસલમાન છો તો હરામથી બચવા અને હલાલ લૂકમો તથા હલાલ રોજી પામવા માટે તેના પર અમલ કરી તમારામાં દિલોને નૂરાની બનાવશો.

આ બીજી આવૃત્તિમાં અમોએ કિતાબની ગોઠવણમાં થોડોક ફેરફાર કર્યો છે અને એમાં જીવન વીમાના લેખને નવેસરથી રજૂ કર્યો છે તથા શેર બજારના મસાઈલ, નેટવર્ક માર્કેટિંગ તથા ક્રેડિટ કાર્ડ વગેરેનો ઉમેરો કર્યો છે.

–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) (તા. ૧–૩–૨૦૦૯,

વાર : રવિવાર, હિ.સ. ૧૪૩૦, રબીઉલ અવ્વલ શરીફ)

પ્રારંભિક વાત...

✻ અઝ ✻

હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન સાહબ રઝવી

(સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપૂર)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡم۔ حامداًوّ مصلّیاً وّمسلّماً

આ પુસ્તિકા ૫–ઓકટોબરથી ૧૨–ઓકટોબર ઈ.સ. ૧૯૯૨ના દરમિયાની અરસામાં મેં તૈયાર કરી હતી. ત્યાર બાદ અઝીઝે મિલ્લત હઝરત મૌલાના અલ્હાજ અબ્દુલ હફીઝ સાહબ કિબ્લા مدظلہ العالی જાનશીને હુઝૂર હાફિઝે મિલ્લત علیہ الرحمۃ والرضوان સરપરસ્ત મજલિસે શરઈ તેમજ સરબરાહે આ'લા જામિઆ અશ્રફિયા મુબારકપૂરની ઈજાઝતથી ઘણાયે ઉલમાએ કિરામની સેવામાં સુધારણા તથા સમર્થનના હેતુથી મોકલવામાં આવ્યો. સામાન્યતઃ તમામ ઉલમાએ કિરામે તેના લખાણો સાથે સંમતિ દર્શાવી અને ખાસ કરીને બે બુઝુર્ગોએ એના પર પોતાનું સમર્થન કરતુ લખાણ પણ લખ્યું જે આ પ્રમાણે છે :–

(૧) ઉસ્તાઝે મુકર્રમ, હઝરતુલ અલ્લામ, મૌલાના **મુફ્તી મુહમ્મદ શરીફુલ હક્ક સાહબ** કિબ્લા અમજદી علیہ الرحمۃ والرضوان શારેહે બુખારી નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ, સરપરસ્તે મજલિસે શરઈ, સદર શોઅબાએ ઈફતા તથા નાઝિમે તા'લીમાતે જામિઆ અશ્રફિયા, મુબારકપૂર.

(૨) સાહિબે તસાનીફે કષીરા, ફકીહે મિલ્લત હઝરતુલ અલ્લામ મુફતી **જલાલુદ્દીન અહમદ અમજદી** મુફતી ફૈઝુર્રસૂલ, બ્રાઉન શરીફ.

મારા લખાણની હૈષિયત જ શું ? પણ તે બુઝુર્ગોની ઝર્રાનવાઝી છે

કે એના પર સમર્થન કરતુ લખાણ લખીને એને મજબૂત બનાવી આપ્યું છે. આ ઝર્રાનવાઝીના માટે એ બંને બુઝુર્ગોનો સાચા દિલથી આભારી છું.

આ કિતાબના સુધારા વધારામાં મહેરબાન ઉસ્તાઝ મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ કિબ્લા કાદરી دام ظلہ العالی સદરે મજલિસે શરઈ તથા સદર મુદર્રિસ તથા શૈખુલ હદીષ જામિયા અશરફિયા મુબારકપૂરની ખુદાએ અતા કરેલ શકિત તથા તીવ્ર દ્રષ્ટિની ઘણી દખલ રહી છે.

''જીવન વીમા''નો હુકમ બયાન કરતાં મેં લખ્યું છે :–

''જીવન વીમા''નું જાઈઝ હોવું એ શરતની સાથે જોડવામાં આવેલું છે કે વીમો ઉતારનારને પોતાની આવક તેમજ વર્તમાન માલ સંપત્તિને લક્ષમાં લેતાં અધિક્તર ગુમાન હોય કે તે પ્રારંભના ત્રણ વરસ હપ્તા જમા કરશે.''

(હું એક અરસાથી આ શરત હેઠળ ''જીવન વીમા''નું જાઈઝ હોવાનો ફત્વો લખતો રહ્યો.) એના પર મોહદ્દિષે કબીરે આ ટીકાત્મક સવાલ ઉપસ્થિત કર્યો :–

(૧) અધિક્તર ગુમાન યકીન સાથે સંબંધિત હોય છે તો શું માલના મામલામાં પણ પાકી ખાત્રીનો એ'તબાર થશે ? જ્યારે કે માલને આવતાં જતાં વાર નથી લાગતી.

મેં બીજા દિવસે ખરીદ વેચાણના સોદા વિશે કેટલાક જુઝઈય્યાત (કેટલીક દલીલો) પેશ કર્યા જેનાથી માલના વિષયમાં પાકી ખાત્રીનું વિશ્વાસપાત્ર હોવું સાબિત થાય છે. આ જુઝઈય્યાતને જોયા પછી હઝરત કાંઈક ખુશ થયા પરંતુ સાથોસાથ આ જબરદસ્ત શંકાઓ પણ સ્થાપિત કરી :–

(૨) ખરીદ વેચાણના સોદા (બયએ સલ્લમ)માં અધિક્તર ગુમાનનો એ'તબાર એટલા માટે છે કે જો વેચવામાં આવનાર વસ્તુ ગુમ થશે તો ખરીદ વેચાણનો સોદો ફાસિદ (ફોગ) થઈ જાય તો ખરીદનારને તેની પૂરી રકમ પાછી મળી જશે. પરંતુ જીવન વીમામાં જો ત્રણ વરસના હપ્તા અદા ન થઈ શકે તો વીમા ધારકને એક પૈસો પણ પાછો મળશે નહીં !

(૩) તદ્ ઉપરાંત ખરીદ વેચાણનો સોદો બુધ્ધિથી વિરૂધ્ધ શરીઅત મુજબનો છે. એટલા માટે તેના જુઝઈય્યાત (દલીલો) પર કયાસ દુરુસ્ત થશે નહીં.

આ કમજોરે ચિંતન મનન કર્યા બાદ તે શંકાઓનું પણ નિવારણ રજૂ કર્યુ. પણ હઝરત મૌસૂફ (અલ્લામા ઝિયાઉદ્દીન સાહબ) સાવચેતીના કારણે તેની સાથે સંમત ન થયા અને તેના કારણે આ કિતાબને પ્રસિધ્ધ કરવામાં અસામાન્ય મોડુ થતુ રહ્યું. એટલે સુધી કે મજલિસે શરઈ જામિઆ અશ્રફિય્યાના પ્રથમ ફિકહી સેમીનાર (તા. ૧૮ થી ૨૧ ઓકટો. –૧૯૯૩)માં આ વિષયમાં ઉલમાએ કિરામની જાનદાર બહષો પછી ખૂદ આપે જ જણાવેલ શર્ત સાથે જીવન વીમો જાઈઝ હોવાની તજવીઝ પેશ કરી અને કોઈ આનાકાની વિના સર્વ ઉલમાએ તેની સાથે સંમતિ દર્શાવી.

ત્યાર બાદ એ મસ્અલો ચર્ચા હેઠળ આવી ગયો કે ઈન્કમ ટેક્ષના નુકસાનથી બચવા માટે બૅંક પાસેથી કર્ઝ (લોન) લેવું જાઈઝ છે કે નહીં ? મારું મંતવ્ય જાઈઝનું હતું અને એને ખાસ્સી વિગતવાર આ કિતાબમાં વર્ણન કરેલ છે, પણ હઝરત (અલ્લામા)એ એના જાઈઝ હોવામાં ખામોશી અપનાવી હતી. એના કારણે એકવાર ફરીથી કિતાબનું પ્રકાશન રોકવું પડયું, એટલે સુધી કે શાબાન મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૧૪ ઈ.સ. પ્રમાણે ૧૭–૧–૧૯૯૪ ના શરૂઆતના દિવસોમાં પીરના દિવસે બનારસમાં મજલિસે શરઈના નિર્ણાયક

બોર્ડની મહત્વની મિટિંગમાં તા'બીરના ફર્કની સાથે તેના જાઈઝ હોવાનો પણ ફેંસલો થઈ ગયો, જેનાથી મને ખૂબ જ સપોર્ટ મળ્યો. ફેંસલો આ પ્રમાણે પ્રમાણે છે :–

''બેંકની લોન જેના માટે અમુક વધારાની રકમ આપવી પડે છે તે વધારાની રકમ ઈન્કમટેક્ષમાંથી બાદ થઈ જાય અથવા બેંકની લોન ફાજલ માલના એવજમાં લેવામાં ઈન્કમટેક્ષમાંથી કમસે કમ માલ ફાજલ માલના જેટલો અથવા તેનાથી વધારેની બચત થાય તો બેંકમાંથી લોન લેવી મુબાહ છે.''

ચોથા મુકદ્દમાનો ઉમેરો હઝરત અલ્લામા મુહદ્દિષે કબીરના જ નિર્દેશનથી થયો. એ ઉપરાંત અમુક સ્થળે આંશિક ફેરફાર કરવામાં આવ્યો. ખાસ કરીને હઝરતે જે ટીકા ટીપ્પણી કરતા સવાલો ઉપસ્થિત કર્યા તે ખૂબ જ મહત્વ ધરાવે છે. સાચુ એ છે કે જો આ ટીપ્પણીઓ ન હોત તો વીમાનો મસ્અલો મીજ વિનાના ઠળીયા (કવચ) જેવો સાબિત થાત.

હું એ ટીપ્પણીઓ તથા અન્ય સુધારણાઓ માટે હઝરતનો દિલના અતિ ઊંડાણેથી આભારી છું. સાથોસાથ તે તમામ ઉલમાએ કિરામનો પણ આભાર માનુ છું જેમણે પોતાનો અમૂલ્ય સમય આ કિતાબના અભ્યાસમાં ખર્ચ કરીને પોતાના પ્રતિભાવોથી મને માહિતગાર કર્યો. فَجَزاهُمُ لله تَعَالیٰ کلّهم خیرا الجزاءِ

આ રીતે હું આ કિતાબના લખ્યા પછી એક વરસને સાત મહીના પછી તેને ઈસ્લામી ભાઈઓની ખિદમતમાં પેશ કરવાની સદ્નસીબી પ્રાપ્ત કરી રહ્યો છું. ખુદા કરે એ ''દેર આયત દુરુસ્ત આયદ'' પુરવાર થાય. وَمَاتوفیقی اِلّا با للّٰه

–મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી

૭–૧૨–૧૪૧૪ હિ.સ. ૧૯–૫–૧૯૯૪ (જુમેરાત)

તસ્દીકે જલીલ

❑ મહાન સમર્થન ❑

[નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરતુલ અલ્લામ મૌલાના મુફતી મુહમ્મદ શરીફુલ અમજદી સાહબ દામત બરકાતુહુમુલ કુદ્દસિય્યહ્ સદર ફતાવા વિભાગ તથા સરપરસ્ત મજલિસે શરઈ જામિઆ અશરફિય્યા–મુબારકપુર.]

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

ألحمد للّٰه رب العالمين ولصّلوٰة و السلام على رحمة للعٰلمين وعلىٰ آلہٖ وصحبه الطيبين الطاهرين و على الأئمة المجتهدين وعلى من تبعهم، وتبع تاعيهم باحسان الى يوم الدين۔

અત્યારે મારી સમક્ષ એક ખૂબ જ મહત્વની કિતાબ ''ઈસ્લામ તથા જદીદ બેંકકારી'' છે, એ અઝીઝે ગિરામી વક઼ાર જનાબ મૌલાના મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન સાહબ રઝવી ઝૈદ મજ્દહુમ નાઈબ મુફતી જામિઆ અશરફિયા મુબારકપુરના ક઼લમના કમાલનો એક નમૂનો છે.

લાંબા અરસાથી અવામના દિમાગોમાં એ સવાલ ઉઠતો રહે છે કે બેંકોમાં રૂપિયા જમા કરવા જાઈઝ છે કે નાજાઈઝ ? જાઈઝ છે તો બેંકોમાં રૂપિયા જમા કરવા પર જે વધારાની રકમ વ્યાજના નામથી મળે છે તેને લેવું જાઈઝ છે કે નહીં ? એના અનુસંધાનમાં મારા પ્રારંભિક સમયથી આજ સુધી હજારો સવાલો આવી ચૂકયા છે જેના સંક્ષિપ્ત

તથા સવિસ્તાર જવાબો પણ આપવામાં આવેલા છે. આજથી લગભગ ૩૦ વરસ પહેલાં મારો એક ફત્વો ખાસ્સો વિગતવાર "પાસબાન" માસિક અંક ઈલાહાબાદમાં છપાઈ ચૂકયો છે. ત્યાર બાદ થોડાક વરસો પહેલાં જામિઆ અશ્રફિયાના તર્જુમાન "અશ્રફિયા" માસિક અંકમાં પણ છપાયો છે. પરંતુ એ અંકોને સઘળા મુસલમાનો નથી વાંચતા જેથી સવાલોનો ક્રમ હજી પણ ચાલુ જ છે.

આ બાબતે દેવબંદી જમાઅત ડબલ પોલીસી અપનાવી રહી છે એટલા માટે કેટલાક અંશે વિવાદ પણ રહે છે. દેવબંદી જમાઅતના મુફતી સાહેબો ફત્વો તો એવો આપે છે કે ગવર્નમેન્ટ તથા ગૈર મુસ્લિમોની બેંકોમાં પણ રૂપિયા જમા કરવા પર જે વધારાની રકમ મળે છે તે વ્યાજ છે, તેને લેવું હરામ છે, પરંતુ તેમના ધાર્મિક ઈદારાઓ તેમજ તેમની અવામ તથા ખાસના રૂપિયા પૈસા બેંકોમાં જમા થાય છે અને તેના પર મળનારી વધારાની રકમને એ લોકો લે પણ છે !

આ અજબની દીનદારી છે ! ફત્વો કાંઈ જુદો અને અમલ કાંઈ અલગ !

બીજી બાજુ બેંકોમાં રૂપિયા જમા કરવા આ જમાનામાં જરૂરી પણ છે કે ઘરોમાં રૂપિયા રાખવામાં ચોરીની અધિક અંશે ધારણા છે. ખુદાનો ડર ન રહેવાથી હવે હાલ એ થઈ ગયો છે કે પત્નીઓ પતિઓના રૂપિયા અને પતિઓ પત્નીઓના રૂપિયા, ઔલાદ, મા બાપના રૂપિયા, ભાઈ ભાઈના રૂપિયા ચોરવાના કિસ્સા રોજ બરોજ સાંભળવા મળે છે. વધુમાં એ કે બહારના ચોર ડાકૂઓનો ખતરો રહે છે, માલની સાથે જાનનો પણ ખતરો રહે છે. નહીં તો એ ખૂબ આસાન હતું કે લોકોને સૂચના આપવામાં આવતે કે બેંકોમાં રૂપિયા જમા ન

કરે બલ્કે રૂપિયાની ચાંદી તથા સોનું ખરીદીને ઘરમાં રાખી લે જેમાં મહાન ફાયદો પણ છે. એટલા માટે જરૂરત હતી કે આ વિષયમાં વિસ્તારપૂર્વક લખવામાં આવે અને તેના દરેક પાસા પર એવી સ્પષ્ટ ચર્ચા કરી દેવામાં આવે કે કોઈ બાજુ કોરી ન રહી જાય. બિહમ્દિહી તબારક વ તઆલા મુફતી સાહબે પોતાની ખુદાદાદ દિમાગી તથા ઈલ્મી શકિતઓ વડે ભરપુર કામ લઈને આ મસ્અલાને એટલો રોશન તથા સ્પષ્ટ કરી દીધો છે કે એક દીનદાર લેખકના માટે એમાં કાંઈ કહેવાપણુ રહેતુ નથી. મૌલા ﷻ તેમને એમાં જઝાએ ખૈર અતા કરે.

એના અનુસંધાનમાં કિતાબનો અભ્યાસ કરતા પહેલાં આ મુદ્દો ધ્યાનમાં રાખવો જરૂરી છે કે **વ્યાજ તદ્દન હરામ છે,** તેને હલાલ હોવાનું માનનારો કાફિર, મુર્તદ, ઈસ્લામથી ખારિજ છે. એને લેવું પણ હરામ, આપવું પણ હરામ, તેના સાક્ષી થવું પણ હરામ, તેનો દસ્તાવેજ લખવો પણ હરામ.

હદીષમાં ફર્માવવામાં આવ્યું :–

لعن رَسُولُ للّٰهِ صلى اللّٰه عليه وَسَلَّمَ اكل الربوا ومُوكلهٗ و كاتبهٗ وشاهديهِ، وقال هُمْ سواءٌ

રસૂલુલ્લાહ ﷺએ વ્યાજ ખાનારા, ખવડાવનારા, તેના સાક્ષીઓ અને લખનારા પર લઅ્નત ફર્માવી. *(મિશ્કાત, મુસ્લિમ, પેજ–૨૪૪)*

ફર્માવવામાં આવ્યું : **فَاِنْ لَّمْ تَفْعَلُوْا فَأْذَنُوا بِحَرْبٍ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ**

"જો વ્યાજ લેવાનું નથી છોડતા તો યક઼ીન કરી લો અલ્લાહ અને તેના રસૂલથી લડાઈનું."

પરંતુ કઈ ચીજ વ્યાજ છે અને કઈ નહીં, એ સહાબાના યુગથી જ ખૂબ જ ગુંચવણભર્યું અને મહત્વનું રહ્યું છે ત્યાં સુધી કે સૈયેદેના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

انّ رسول اللّٰہ صلی اللّٰہ تعالیٰ علیہ وسلم قُبِضَ ولم یُفَسّرھالنا۔

"રસૂલુલ્લાહ ﷺ દુનિયાથી તશરીફ લઈ ગયા અને આપણા માટે વ્યાજની સંપૂર્ણ તફસીર નથી ફર્માવી."

હદીષોમાં કેવળ છ ચીજોના વિશે સ્પષ્ટતા છે કે તેમાં વ્યાજ છે : સોનુ, ચાંદી, ઘઉં, જવ, ખજૂર, મીઠુ (નમક). તો હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે શું આ છ ચીજો સિવાય અન્ય કોઈ ચીજમાં વ્યાજ નથી ?

એના જવાબમાં સર્વ ફક઼ીહો એકમતિ સાથે જણાવે છે કે એના સિવાય અન્ય ચીજોમાં પણ વ્યાજ છે. પરંતુ વ્યાજ હોવાનો પાયો શું છે એના બારામાં મુજતહિદ ઈમામો વચ્ચે મતભેદ રહ્યો અને ખૂબ જ સરસ મહત્વની ચર્ચાઓ થઈ છે. હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે વ્યાજની "માપ અને વસ્તુની જાતિમાં સમાનતા" છે એટલે અદલ બદલ થતી બંને ચીજો એક જ જાતની હોય અને સાથોસાથ બંને માપવામાં કે વજન કરવામાં આવતી હોય. દા.ત. ગણીને વેચાતી હોય અથવા મેજર ટેપ વડે માપીને વેચવામાં આવતી હોય. જેમ કે ઈંડુ તથા કપડું. એક જ જાતનું કપડુ એક ગજના બદલામાં બે ગજ લેવું વ્યાજ નથી, એક જ પક્ષીનું ઈંડુ એકના બદલે બે લેવાં વ્યાજ નથી.

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે વ્યાજનો સબબ સ્વાદ અને કિંમત છે એટલે કે તે સોનુ, ચાંદી હોય અથવા ખાવાની

ચીજોમાંથી હોય. હવે તેમને ત્યાં એક ઈંડાંને બદલે બે ઈંડાં લેવાં વ્યાજ થશે, પણ એક જ જાતિના એક ગજના કપડાને બદલે બે ગજ કપડુ લેવું વ્યાજ થશે નહીં.

આ વિગત જણાવવાથી મારો હેતુ એ છે કે વ્યાજનું હરામ હોવું કતઈ હોવા છતાં પણ તેના જુઝઈય્યાત (દલીલો)નું નિશ્ચિત કરવું ઘણુ જ મુશ્કેલ કામ છે. અને આ કામ ન અવામના બસનું છે ન ગૈર મુસ્લિમ અર્થશાસ્ત્રીઓનું છે. એટલે દરેક તે ચીજ જેને ગૈરમુસ્લિમ અર્થશાસ્ત્રીઓ અથવા સામાન્ય લોકો (અવામ) વ્યાજ કહે કે સમજે એનું વ્યાજ હોવું જરૂરી નથી. આ મુદ્દાને સારી રીતે દિમાગમાં રાખીને પૂરી કિતાબ વાંચો તો તમારા સમક્ષ સ્પષ્ટ થઈ જશે કે ગવર્નમેન્ટ અને ગૈર મુસ્લિમોની બેંકોમાં રૂપિયા જમા કરવા પર જે વધારાની સ્પષ્ટ મળે છે તે હરામ છે કે મુબાહ કે પાક ?

એના બારામાં સુન્ની અવામથી એ વિનંતી છે કે જેવી રીતે "ક઼ાદયાની" એક અલગ મઝહબ છે અને "રાફઝી" એક અલગ મઝહબ છે, એવી જ રીતે "દેવબંદી" તથા "મૌદૂદી" પણ અહલે સુન્નત વ જમાઅતથી એક અલગ મઝહબ છે. જેવી રીતે "ક઼ાદયાની, મૌદૂદી કે રાફઝી" મુજતહિદોનો ક઼ૌલ અહલે સુન્નતના માટે સનદ નથી એવી જ રીતે દેવબંદી મોલ્વીઓ, મૌદૂદી મિસ્ટરોના તે કથનો જે મસ્લકે અહલે સુન્નતના વિરૂધ્ધ હોય તે અવામના માટે નોંધપાત્ર નથી.

આ કિતાબના લેખક જનાબ મૌલાના મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન સાહબ રઝવી ઝૈદ મજ્દહુમનો જન્મ જિ. દેવરીયાના એક પ્રખ્યાત નહીં એવા ગામ "ભૂજૌલી પોખરા ટોલા"માં ૨–માર્ચ ઈ.સ.

૧૯૫૭ના રોજ ૧ વાગ્યે રાત્રે થયો. સ્થાનિક તથા બહારના વિવિધ મક્તબો તથા મદ્રસાઓમાં ઈલ્મ હાંસલ કરતા રહ્યા, પણ મૌલા ﷻએ તેમને કોઈ ઓર જ કામના માટે અઝલથી જ ચૂંટી કાઢયા હતા એટલા માટે સઆદતે અઝલી તેમને ખેંચીને અહલે સુન્નતની સૌથી મોટી અને સૌથી મહાન ફૈઝ વેરતી દર્સગાહ જામિઆ અશરફિયા લાવી, અહીં તેમણે હિ.સ. શવ્વાલ ૧૩૯૬ થી શાબાન ૧૪૦૦ ચાર વરસ સુધી ખૂબ જ મહેનત તથા પરિશ્રમથી તાલીમ હાંસલ કરી. ગવર્નમેન્ટની કોલેજો તથા સ્કૂલોથી શીખીને દીની દર્સગાહોના તલબા પણ મોડર્ન બનવાના શોખમાં પોતાના સમયોને બર્બાદ કરે છે, પણ તેમણે પોતાના સમયોની કદર કરી. જ્યારે હું જામિઆ અશરફિયામાં આવ્યો તો એઓ મારી સાથેના જ કમરામાં રહેતા હતા. મેં તેમને તાલિબે ઈલ્મીના જમાનાથી (વિદ્યાર્થી કાળથી) જ જોયા અને પારખ્યા.

જ્યારે એઓ હિ.સ. ૧૪૦૦ ઈ.સ. ૧૯૮૦ માં ફારિગ થઈ ગયા તો તેમના માથા પર હોશમંદીના ચમકતા તારાઓને મારા ઉપરાંત તે સમયના વ્યવસ્થાપકોએ પણ જોયા. મારા મુબારકપુર પહોંચ્યા બાદ દારુલ ઈફતાનું કામ ખૂબ જ આગળ વધી ચૂક્યુ હતું. દારુલ ઈફતામાં પણ એક માણસની જરૂરત હતી. મારી દરખાસ્ત પર વ્યવસ્થાપકોએ તેમને દર્સ આપવા તથા ફત્વા લખવા બંને કામો માટે નિયુકત કર્યા. અને અલ્લાહ ﷻનો શુક્ર છે કે મેં તથા વ્યવસ્થાપકોએ તેમની પસંદગી કરવામાં કોઈ ગલતી કરી ન હતી, બલ્કે એવી પસંદગી કરી હતી કે જે તદન યોગ્ય અને સહીહ હતી. દર્સ આપવાના તથા ફત્વા લખવા બંને વિભાગોમાં આપ દરેક રીતે કામયાબ રહ્યા. ફત્વા વિભાગમાં તેમની કામયાબીની દલીલ આ કિતાબ તો છે જ ઉપરાંત તેમના હજારો ફત્વા તેમજ અન્ય કિતાબો પણ છે.

હાલમાં જ્યારે કે હું ઉંમરના તકાઝા હેઠળ અશકત તથા નજરની કમજોરીના કારણે તેમજ અમુક સખ્તતરીન દિમાગી ઉલઝનોના કારણે મહત્વના ફત્વા લખવાથી મઅઝૂર છું તો એઓ જ એ પ્રકારના ફત્વા લખે છે અને જે કાંઈ પણ લખે છે તે ખૂબ જ ચિંતન મનન, સંપૂર્ણ અભ્યાસ બાદ લખે છે જેનાથી મને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ છે અને ઈન્શાઅલ્લાહ રહેશે.

દેવબંદીઓએ એક ઈદારો 'મજમઉલ ફિક્હુલ ઈસ્લામી' નામથી શરૂ કર્યો છે જેનું મર્કઝ દિલ્હીમાં છે જેમાં અર્વાચીન મસાઈલ પર બે એક સામૂહિક ઈજલાસ કરીને ખૂબ જ આયોજનપૂર્વક સેમીનાર કરે છે.

એ સેમીનારમાં ભાગ લેવા માટે દાવતનામુ સતત મારા નામ પર આવ્યા કરે છે અને જનાબ મુફતી સાહબના નામથી પણ આવતુ રહે છે. પ્રારંભમાં એના પ્રતિ કોઈ ધ્યાન કરવામાં ન આવ્યું પરંતુ પછી ખયાલ આવ્યો કે એમાં અમારી જમાઅતના મુફતી સાહબોએ પણ હિસ્સો લેવો જોઈએ. જેથી અમારા સૌની રાયથી તેના ત્રીજા ફિક્હી સેમીનારમાં મુફતી સાહબ શરીક થયા જે દારુલ ઉલૂમ સબીલુર્રશાદ બેંગ્લોરમાં ૧૧ જૂન ઈ.સ. ૧૯૯૦ માં થયો હતો. જેમાં લગભગ ૨૫૦ દેવબંદી આલિમો શરીક હતા જેમાંથી અમુક નોંધપાત્ર આ પ્રમાણે છે : મૌલાના મુજાહિદુલ ઈસ્લામ કાસમી કાઝી ઓરિસ્સા વ બિહાર, મૌલાના બુરહાનુદ્દીન સંભલી, નદવા–લખનૌ, મૌલાના રફીઅ ઉષ્માની–કરાચી પાક. આ સેમીનારમાં એક ખૂબ જ મહત્વની શખ્સિયત ડો. મહરૂસુલ મુદર્રિસ પણ હતા જેઓ બગદાદ શરીફના રહેવાસી અને ઈરાક શરીફના ઈસ્લામી ફિક્હના માહિર હતા.

આ સેમીનારનો એક મહત્વનો વિષય હતો કે **"ઈસ્લામી બેંકોના ખર્ચાઓ કઈ રીતે પૂરા થાય ?"**

એના પર કાઝી મુજાહિદુલ ઈસ્લામે એક મક઼ાલો (લેખ) લખ્યો હતો જેમાં તેમણે એ ફેંસલો કરી આપ્યો હતો કે :–

"કરજ (લોન) આપવાના કારણે થનારો ખર્ચો કરજ લેનાર પાસેથી લેવો જાઈઝ છે જેમ કે તે મની ઓર્ડર અથવા સંદેશાવાહક થકી કરજ અદા કરે તો તેણે મની ઓર્ડર અથવા સંદેશાવાહક માટે થતા ખર્ચા આપવા પડે છે."

લગભગ દેવબંદી આલિમોએ તેને સમર્થન કરી આપ્યું. જ્યારે હઝરત મુફ્તી નિઝામુદ્દીન એના પર ચર્ચા કરવા માટે ઉભા થયા તો એ દલીલનું ઓપરેશન કરીને એની સર્વ પાંખડીઓ વેરી નાખી !

એની અસર એ થઈ કે હાજર આલિમોમાં જેઓ અત્યાર સુધી રાય આપી શકયા ન હતા તેઓ તેમની સાથે થઈ ગયા. એટલુ જ નહીં બલ્કે જેઓ પહેલાં કાઝી મુજાહિદુલ ઈસ્લામ સાહબનું સમર્થન કરી ચૂકયા હતા તેમાંથી મોટા ભાગના રુજૂઅ કરીને મુફ્તી સાહબની સાથે થઈ ગયા જેનું પરિણામ એ આવ્યું કે કોઈ ફેંસલો તે વખતે ન થઈ શકયો. અને તેના પર અધિક સંશોધન કરવાના માટે અગત્યની વ્યકિતઓની એક કમિટી બનાવવામાં આવી જેના એક મેમ્બર મુફ્તી સાહબ પણ હતા.

એ કમિટીની પ્રથમ બેઠકમાં મુફ્તી અહમદ સઈદ પાલનપુરી ઉસ્તાદે હદીષ દારુલ ઉલૂમ દેવબંદ અને અન્ય ફાઝિલોએ ક઼ાઝી સાહબના મંતવ્યના સમર્થનમાં કેટલીક દલીલો (જુઝઈય્યાત) રજૂ કરી જેનો જવાબ તેમણે તરત આપ્યો. તે બેઠક પણ કાંઈ નિર્ણય

લીધા વિના બર્ખાસ્ત થઈ ગઈ.

ત્યારબાદ અન્ય બેઠકોમાં મુફતી સાહબે નફાવાળો સોદો તથા બયએ હુકૂક઼ના વિષયમાં પોતાના લખેલા મક઼ાલા (લખાણો) વાંચ્યા જેને સાંભળીને તમામ હાજર રહેલાએ ખાસ કરીને નફાવાળા સોદા વિષેના મક઼ાલાને અતિશય વખાણ્યો.

બીજો મસ્અલો એ સેમીનારમાં 'બયએ હુકૂક઼' પર હતો.

આ વિષયમાં માહિરે ફિક઼્હે ઈસ્લામી ઈરાક ડો. મહરૂસુલ મુદર્રિસ બગદાદી સાહબે અરબીમાં એક વિસ્તારપૂર્વકનો મક઼ાલો વાંચી સંભળાવ્યો. એમાં તેમણે માલની વ્યાખ્યાના હેઠળ એના પર ખૂબ જ જોર આપ્યું હતું કે માલની એક વ્યાખ્યા હેઠળ માલનું ભૌતિક હોવું જરૂરી નથી એટલા માટે હક્કો તથા નફો પણ માલ છે જેથી તેનું પણ વેચાણ સહીહ છે. તેમના આ મક઼ાલાને તમામ સેમીનારમાં ભાગ લેનારાઓએ ખૂબ જ પ્રમાણમાં પસંદ કર્યો અને ખૂબ જ પ્રસંશા કરી. પરંતુ જ્યારે મુફતી સાહબ એકલાએ તેના પર એ ટીપ્પણી કરી કે ''માલની એ વ્યાખ્યા જાહેર રિવાયતો અને પસંદીદા મઝહબની વિરૂધ્ધ છે જામેઉર્રુમૂઝમાં તેની ઉઘાડી સ્પષ્ટતા મૌજૂદ છે.'' તો તેમની આ ટીપ્પણી પર ડો. બગદાદી તથા ક઼ાઝી મુજાહિદુલ ઈસ્લામ સિવાય કોઈ કાંઈ બોલી ન શક્યું. આ લોકો કાંઈક બોલ્યા તેના યોગ્ય જવાબો મુફતી સાહબે આપ્યા.

એ જ ઈદારાનો ચોથો ફિક઼્હી સેમીનાર દારુલ ઉલૂમ સબીલુસ્સલામ હૈદરાબાદ દક્કનમાં ૯ થી ૧૨–ઓગષ્ટ, ૧૯૯૧માં નિશ્ચિત થયો જેમાં સર્વ દેવબંદના મોટેરા ઉલમાએ હિસ્સો લીધો. વિશેષતઃ અખંડ ભારતના દેવબંદી જમાઅતના સૌથી મોટા મુહક્કિક઼

તકી ઉષ્માની કરાચી (પાક.) પણ મૌજૂદ હતા. એ સેમીનારનો વિષય હતો :–

"બે દેશોના ચલણનો ઉધાર એક્સચેંજ (અદલા બદલી) જાઈઝ છે કે નહીં ?"

આ સેમીનારમાં સૌ પ્રથમ મુફ્તી તકી ઉષ્માની સાહબે પોતાનો મક઼ાલો વાંચ્યો તેમાં તેમણે સાબિત કર્યું કે બે દેશોનાં ચલણોની ઉધાર અદલા બદલી જાઈઝ છે. એમના મક઼ાલાને હિસ્સો લેનારાઓએ સામાન્યતઃ સમર્થન કર્યું.

મુફ્તી સાહબે તેમના મંતવ્યની વિરૂધ્ધ એકદમ દલીલો સભર એક સંશોધનાત્મક તક઼રીર કરી, જેના પર મુફ્તી તકી ઉષ્માની સાહબે અમુક સમય સુધી વિચારોની આપલે કરી. છેવટે તે ખામોશ થઈને કાંઈક વિચારવા લાગ્યા.

ક઼ાઝી મુજાહિદુલ ઈસ્લામે જ્યારે એ રંગ જોયો તો એવું કહીને વાતને પતાવી દીધી કે હવે આ મસ્અલામાં કિતાબો પ્રતિ અધિક રુજૂઅ કરીને ચર્ચા થશે.

પછી બે દિવસમાં તકી ઉષ્માની સાહબ સાથે મુફ્તી સાહબની આ મસ્અલા પર બે વખત ચર્ચા થઈ જેનાથી પ્રભાવિત થઈને તકી ઉષ્માની સાહબે દારુલ ઉલૂમ નદવતુલ ઉલમાના મુદર્રિસ બુરહાનુદ્દીન સંભલી સાહબને કહ્યું કે, "હું મારા મંતવ્યથી રુજૂઅ કરું છું." અને તેમનું આ રુજૂઅ (નિવેદન પાછુ ખેંચવું) ખૂબ જ ઝડપથી મશહૂર થઈ ગયું.

પરંતુ સેમીનારની અંતિમ બેઠકમાં જ્યારે ફેંસલો સંભળાવવામાં આવ્યો તો તકી ઉષ્માની સાહબના મંતવ્યને સ્વીકારીને જરૂરતના કારણે જાઈઝનો હુકમ આપવામાં આવ્યો જેનું સૌએ સમર્થન કર્યું.

પરંતુ એકલા મુફતી સાહબે તેને ન સ્વીકાર્યું અને દલીલોથી સાબિત કરી દીધું કે "જરૂરત મુતહક્કિક઼ (કોઈ ચીજને ખરી ખોટી કરનાર) નથી." મૌલાના બુરહાનુદ્દીને મુફતી સાહબને સમર્થન કર્યું. મૌલાના તકી ઉષ્માની ખામોશ ચુપ ચાપ સાંભળતા રહ્યા. આખા મજમામાંથી કોઈએ પણ તેમની દલીલોનો કોઈ જવાબ ન આપ્યો. એ સેમીનારમાં જનરલ ઈન્શ્યુરન્સ (સામાન્ય વીમો) તથા લાઈફ ઈન્શ્યુરન્સ (જીવન વીમો)ના મસાઈલ પણ ચર્ચા હેઠળ આવ્યા. હિસ્સો લેનારાઓએ વિવિધ પ્રકારનાં મંતવ્યો રજૂ કર્યા જેને દલીલો તથા સાક્ષીઓથી રદ કરવામાં આવ્યાં જેનાથી તમામ મજમાએ મોઢામાં આંગળીઓ રાખી દીધી, ચો તરફથી સમર્થન તથા વખાણના અવાજો ઉઠયા.

કાઝી મુજાહિદુલ ઈસ્લામે એને લેખિત રૂપ આપવા કહ્યું તો તેમણે લેખિતમાં આપી દીધું જે કિતાબ "ફિક઼્હે ઈસ્લામી"માં પ્રકાશિત થઈ ચૂક્યું છે.

જૂન–૧૯૯૬માં મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢમાં ત્રણ દિવસનો સેમીનાર યોજાયો, જેમાં વિષય હતો "ઈસ્લામી મદ્રસાઓમાં સાયન્સની જરૂર" જેમાં યુનિવર્સિટીના ઘણા પ્રોફેસરો,દાનિશ્વરો જોડાયા હતા. એ સેમીનારમાં મુફતી સાહબની તક઼રીરને ઘણા જ માનની નજરે જોવામાં આવી. અંતિમ બેઠકની સદારત આંજહાની મૌલાના તકી અમીનીએ કરી. એ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના દીનીયાત વિભાગના વડા હતા. તેમણે મદ્રસાઓના નિસાબ (કોર્સ) અને મદ્રસાના ઉસ્તાદોની વિરૂધ્ધ અડધા કલાક સુધી તકરીર કરી. અલીગઢના ઉસ્તાદોમાંથી અમુકે પસંદ કરી અને અમુકે નાપસંદ કરી. ભાગ લેનારાઓમાં જે આલિમો હતા તે સૌએ તેને નાપસંદ કરી પરંતુ

તકી અમીની વિરૂધ્ધ બોલવાની કોઈએ હિંમત કરી નહીં. છેવટે મુફતી સાહબે ૨૦ મિનિટ સુધી ગંભીરતાપૂર્ણ તક઼રીર કરી જેમાં તેમની સર્વ વાતોનો જવાબ આપ્યો અને તેમની અયોગ્ય ઢબની તક઼રીરની ટીકા પણ કરી જેનાથી પ્રભાવિત થઈને તેમણે (તકી અમીનીએ) સૌની માફી માંગી.

એની અસર પ્રતિનિધિઓ પર એ પડી કે સૌએ મુફતી સાહબની તારીફ તથા તૌસીફ કરી. સેમીનાર હોલથી બહાર નીકળ્યા બાદ તમામ ભાગ લેનારાઓએ ચો તરફથી તેમને ઘેરી લીધા. મુફતી સાહબની હિંમત, વાકછટા, દલીલોની પધ્ધતિ પર ચો તરફથી દાદ અને શાબાશીની અવાજો ઉઠતી રહી. ત્યાર બાદ બે દિવસ સુધી મુફતી સાહબ ત્યાં રહ્યા તો જે તરફથી પસાર થતા લોકો ખૂબ આવકારતા અને ખૂબ જ દીવાનગીપૂર્વક દાદ આપતા.

મેં મુફતી સાહબના બારામાં આ થોડીક વાતો એટલા માટે વર્ણન કરી આપી કે **હવે ઉલમાને ઓળખવાનું માપદંડ બદલાઈ ચૂક્યું છે! હવે સૌથી મોટો આલિમ હોવાની નિશાની "શોલા બયાની" અથવા "પીરઝાદગી" છે ! અવામ તો અવામ ખાસ લોકો પણ હક઼ીક઼ી ઉલમાને ઓળખવાની કોશિશ નથી કરતા.** જ્યારે કે ઉલમાની ઓળખ તેમની ઈજ્જત તથા ક઼દરદાની, તેમનો એહતેરામ દીનને જીવંત રાખવા માટે જરૂરી છે. એટલા માટે મેં જરૂરી જાણ્યું કે મુફતી સાહબની ઓળખ કરાવી દઉં.

મુફતી સાહબ અન્ય કેટલીક કિતાબોના લેખક પણ છે જે આ પ્રમાણે છે :–

(૧) ફિક઼્હે હનફીકા તક઼ાબુલી મુતાલેઆ કિતાબો સુન્નતકી રોશનીમેં

(૨) લાઉડ સ્પીકરકા શરઈ હુકમ
(૩) ઈસ્મતે અંબિયા
(૪) અઝમતે વાલિદૈન
(૫) કમીશન પર સદકાતકી વસૂલી ઔર ઉસ્કા શરઈ હુકમ
(૬) મુબારક રાતેં
(૭) ઈસ્લામ ઔર જદીદ બેંકકારી
(૮) મશીની ઝબીહાકી તેહકીક

લાઉડ સ્પીકરના મસ્અલા પર મુફતી સાહબે જમહૂર અકાબિર તથા અસાગિર સાથે મંતવ્યમાં મતભેદ કર્યો છે પણ આ મતભેદ નેક નિય્યતી, મુસલમાનોની શુભેચ્છા અને પોતાની સમજના પ્રમાણે દલીલોની બુનિયાદ પર કર્યો છે એટલા માટે એમાં પણ તેઓ સવાબના હક્કદાર છે. વળી અસલમાં તેમની (લાઉડ સ્પીકરવાળી) આ કિતાબ વિશ્વસનીય ઉલમા માટે ચિંતન કરવાની હૈસિયત ધરાવે છે. હું ખૂદ એનાથી સહમત નથી પણ તેમ છતાં પણ મુફતી સાહબની તેહકીક તથા છણાવટથી અને દલીલો પૂરી પાડવાની જદ્દોજેહદ માટે દાદ જરૂર આપુ છું. મારી દુઆ છે કે અલ્લાહ તઆલા તેમને તંદુરુસ્તી તથા તાકાત અતા ફર્માવે, તેમની ઉમરને દરાઝ ફર્માવે, તેમના ફૈઝને આમ તથા તામ કરે, તેમના દિમાગ, કલમ, ઝબાનને ખતાથી મેહફૂઝ રાખે અને સવાબની તૌફીક અતા ફર્માવે. આમીન....

–મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી

૧૩–શવ્વાલ હિ.સ. ૧૪૧૩,

ઈ.સ. ૧૩–૪–૧૯૯૪, બુધવારની રાત

તસ્દીકે જમીલ

ફક઼ીહે મિલ્લત, હઝરતુલ અલ્લામ, મૌલાના મુફ્તી જલાલુદ્દીન અહમદ અમજદી સાહબ કિ઼બ્લા દામત બરકાતુહુમુલ આલિયહ,

(સદર સોબાએ ઈફતા દારુલ ઉલૂમ ફૈઝુર્રસૂલ–બ્રાઉન શરીફ)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

لك الحمد يا الله ! والصَّلوٰة وَالسَّلام عَلَيْكَ يا رسول الله ! ﷺ

ફક઼ીહે ઈસ્લામ હઝરત મૌલાના મુફતી નિઝામુદ્દીન સાહબ રઝવી ઝૈદુલ મજ્દહુમની કિતાબ "ઈસ્લામ ઔર જદીદ બેંકકારી" (ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર)નો મેં શરૂથી અંત સુધી અભ્યાસ કર્યો જેમાં ફાઝિલે જલીલે અમેરિકા, ફ્રાંસ, બ્રિટન, જર્મન, પોર્ટુગલ, નેપાલ અને હિંદુસ્તાન જેવી હુકૂમતો (ગવર્નમેન્ટો)ની બેંકો તથા પોષ્ટ ઓફીસોમાં અને તે દેશોના ગૈર મુસ્લિમ રહેવાસીઓ જેઓ ઝિમ્મી કે મુસ્તામીન નથી તેમની પાસે રૂપિયા રાખવામાં અસલ રકમ કરતાં વધારાની રકમ લેવાનુ જાઈઝ હોવા વિશે તથા અન્ય મસાઈલ સંબંધે જે સંશોધન (તેહક઼ીક઼) પેશ કર્યું છે એની સાથે હું સંપૂર્ણપણે સહમત છું.

રહ્યો એ સવાલ કે હદીષ શરીફ :–

لا ربٰوا بين المسلم و الحربی فی دار الحرب માં દારુલ હર્બની કૈ઼દ છે અને હિંદુસ્તાન દારુલ ઈસ્લામ છે, દારુલ હર્બ નથી, જેથી મુસલમાન અને અહીંના કાફિરો વચ્ચે વ્યાજ હોવું જોઈએ. તો એ શંકાનો જવાબ એ છે કે દારુલ હર્બની કૈ઼દ (શરત) કયાં તો બચવા પૂરતી નથી ઈત્તેફાક઼ી (આકસ્મિક) છે, કે એ જમાનામાં કાફિરોમાં કેવળ ઝિમ્મી તથા મુસ્તામિન દારુલ ઈસ્લામમાં રહેતા હતા અને

હર્બી દારુલ હર્બમાં જ રહેતા હતા. એટલા માટે સરકારે અક્દસ ﷺએ **ફી દારુલ હર્બ** ફર્માવી દીધું. ન એટલા માટે કે હર્બી કાફિર કદીક દારુલ ઈસ્લામમાં રહે તો મુસલમાન અને તેની વચ્ચે વ્યાજ થઈ જશે.

જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

يَايّها الذِين امنوا لَاتاكلوا الر بوٰا اضعافا مضاعفة : "હે ઈમાનવાળાઓ ! ડબલનું ડબલ (ચક્રવૃધ્ધિ) વ્યાજ ન ખાવ !" *(પારા–૪, રુકૂઅ–૫)*

તો આ આયતે કરીમામાં "ડબલ ડબલ" (ચક્રવૃધ્ધિ)ની ક઼ૈદ બચવા માટે નથી કે ડબલથી કાંઈક ઓછુ વ્યાજ ખાવું જાઈઝ છે ! બલ્કે તે જમાનામાં લોકો સામાન્યતઃ ચક્રવૃધ્ધિ વ્યાજ ખાતા હતા એટલા માટે ફર્માવ્યું કે ચક્રવૃધ્ધિ – ડબલ ડબલ વ્યાજ ન ખાવ. રઈસુલ ફુક઼હા હઝરત મુલ્લા અહમદ જીવન رحمۃ اللہ علیہ આ આયતે મુબારકના હેઠળ લખે છે :–

انما قيّد به اجراء على عادتهم والا فهو حرام مطلقاغير مُقيّدٍ بمثل هذا القيد۔ *(તફસીરાતે અહમદિયહ, પેજ–૧૪૪)*

અને કયાં તો હદીષ શરીફમાં "ફી દારુલહર્બ"ની ક઼ૈદ મુસ્તામીનને અલગ કરવા માટે છે. એટલે કે જ્યારે હર્બી મુસ્તામિન (શરણાર્થી) થઈ જાય તો તેના તથા મુસલમાનની વચ્ચે વ્યાજ છે. એટલા માટે કે અમાન આપવાના કારણે તેનો માલ મુબાહ નથી રહી જતો કે ફાસિદ (ગૈર શરઈ) સોદા થકી મુસલમાન તેને હાંસલ કરી શકે.

وصلى الله تعالىٰ وسلم على النبى الكريم الامين وعلى اله واصحابه وابنه الغوث الاعظم الجيلانى والمجدد الا عظم البريلوى اجمعين۔

–જલાલુદ્દીન અહમદ અમજદી

ખાદિમ દારુલ ઉલૂમ ફૈઝુર્રસૂલ–બ્રાઉન શરીફ

૨૩–રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૧૩

અહલે સુન્નતના ફક઼ીહોનું સમર્થન

અહલે સુન્નતના ફક઼ીહ હઝરાત દામત ફુયૂઝુહુમએ ''જીવન વીમા''ના બારામાં મજલિસે શરઈનો પહેલા ફિક઼્હી સેમીનારમાં સર્વસંમતિથી જે ફેંસલો બહાર પાડયો તેનાથી સંપૂર્ણપણે લેખકના મંતવ્યને સમર્થન મળે છે. એ ફુક઼હાએ કિરામમાં **જાનશીને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના મુફ્તી અખ્તર રઝાખાન અઝહરી સાહબ** مدظلہ العالی, નાઈબ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ શરીફુલ હક્ક** સાહબ અમજદી رحمۃ اللہ علیہ, મુમતાઝુલ ફુક઼હા **હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા** સાહબ ક઼ાદરી مدظلہ العالی, ફક઼ીહે મિલ્લત **હઝરત અલ્લામા મુફ્તી જલાલુદ્દીન અહમદ અમજદી** સાહબ رحمۃ اللہ علیہ, ફક઼ીહ મુહક્કિ઼ક઼ **હઝરત અલ્લામા ક઼ાઝી અબ્દુર્રહીમ બસ્તવી** مدظلہ العالی, તે ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં અકાબિર તથા અસાગિર સામેલ છે.

ફેંસલાની અમુક જરૂરી કલમો આ મુજબ છે :–

(૧) નીચે મુજબના લોકો માટે જીવન વીમો જાઈઝ છે :–

(અ) તે નોકરીયાત જેના પગારમાંથી પ્રિમિયમની રકમ પગાર આપનાર ખૂદ કાપીને જમા કરવા બંધાયેલ છે.

(બ) તે માલધારી જેને પોતાની વર્તમાન સ્થિતિની સાથે ત્રણ વરસની નિશ્ચિત મુદ્દત અથવા એના બાદની લાંબી મુદ્દત સુધી ત્રણ વરસના તમામ હપ્તા સતત જમા કરવાની અધિક્તર ગુમાન યક઼ીન સાથે હોય.

(૨) વીમાથી પ્રાપ્ત થયેલી વધારાની રકમ મુબાહ માલ છે તેને પોતાના કામમાં વાપરવી જાઈઝ છે. અલબત્ત તેને સદકો કરી દેવી બેહતર છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

❊ સ...વા...લો...❊

(૧) વર્તમાનકાળની બેંકોમાં વિવિધ પ્રકારના કારોબાર ચાલે છે. દા.ત. :

★ લોકો પાસેથી માલ (પૈસા) મેળવીને વેપાર કરે છે અને તેના પર તેમને ૫% કે એથી વિશેષ ઈન્ટરેસ્ટના નામ પર નફો આપે છે.

★ લોકોને પોતાની પાસેથી વિવિધ જરૂરતો માટે લોન આપે છે અને તેના માટે તેમની પાસેથી નફો વસૂલ કરે છે.

★ તેમનું એક કામ કમિશન પર બિલો તથા હૂંડીઓને વટાવવા તેમજ ડ્રાફટ, ચેક વગેરે થકી એક જગાએથી બીજી જગાએ રૂપિયા પહોંચાડવાનું પણ છે.

આ બાબતો શરઈ દ્રષ્ટિકોણથી જાઈઝ છે કે નહીં ?

(૨) પોષ્ટ ઓફીસો પણ વિવિધ રીતે લોકો પાસેથી રૂપિયા હાંસલ કરે છે અને તેના પર તેમને ઈન્ટરેસ્ટના નામે નફો આપે છે. તેમજ સાથોસાથ તે ચાર્જ લઈને કેટલાંયે કામો કરે છે, દા.ત. ટેલીગ્રામ, મનીઓર્ડર, વીમો વગેરે... તેનો શરીઅતની રૂએ શો હુકમ છે ?

(૩) લાઈફ ઈન્શ્યુરન્સ (જીવન વીમો) તથા જનરલ ઈન્શ્યુરન્સ (સામાન્ય વીમો)ના બારામાં શરીઅતનો શો હુકમ છે ?

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

حامدًا وَّ مصلّیا ومسلّمًا

વર્તમાનકાળની બેંક કાર્યપધ્ધતિ કાંઈ એવું કેન્દ્રનું સ્થાન પામી ચૂકી છે કે આજે દુનિયાના સર્વ આર્થિક ધંધાકિય કામો તેની આસપાસ સંકળાયેલ જોવા મળે છે, જાણે કે આર્થિક મજબૂતી પ્રાપ્ત કરવાના હિસાબે એ આપણા સૂર્યની વ્યવસ્થાની જેમ છે.

આ સઘળી વ્યવસ્થા ત્રણ મજબૂત પાયાઓ પર ચાલી રહેલ છે :–

★ લોકો પાસેથી માલ (રૂપિયા) હાંસલ કરીને ઉચ્ચ કક્ષાએ વ્યાપાર.

★ લોકોને વેપાર, ખેતી તથા કારીગરી તેમજ મશીન ચલાવવા વગેરેના માટે લોન પૂરી પાડવી.

★ માલ પહોંચાડવાનો અને અમાનતોની રક્ષાનો ઈજારો.

માલ પહોંચાડવાનો મકસદ હૂંડી, ડ્રાફ્ટ, ટ્રાવેલિંગ ચેક વગેરેને બહાર પાડવું અને અમાનતથી મતલબ લોકોની કિંમતી ચીજો છે.

બિલો તથા હૂંડીઓની કિંમતમાંથી અમુક કટ કરીને એડવાન્સ ચૂકવણી. આ બેંકનો સાઈડનો કારોબાર છે.

★ લોકો પાસેથી પ્રાપ્ત થયેલ માલની શરઈ હૈસિયત ★

લોકો દ્વારા બેંકમાં જે માલ દૌલત જમા થયા છે તો કયાં તો "અમાનત" છે કયાં તો "કરજ" છે અથવા "મુઝારબત" એટલે ભાગીદારીનો વેપાર.

અમાનતનો ખતરો તો એટલા માટે વિશ્વાસપાત્ર નથી કે તેમાં

કેવળ અસલ માલની મૂળ કિંમત પાછી મળે છે અને માલ વેડફાય જાય કે નાશ પામે તો અમીન તેનો જિમ્મેદાર નથી હોતો. પરંતુ બેંક તેનાથી ઉલ્ટુ બદલાની જિમ્મેદાર થાય છે અને અસલ માલ પર એક નિશ્ચિત દર કરતાં કાંઈક "વિશેષ" પણ આપે છે.

અને એને "મુઝારબત" એટલે ભાગીદારીનો વેપાર પણ નથી ઠરાવી શકતા, કેમ કે તેની એક અનિવાર્ય શરત એ છે કે વેપારમાં નુકસાન થાય તો તેનો એકલો જિમ્મેદાર માલનો માલિક (સરમાયાદાર) હોય છે, વેપારીને એની સાથે કોઈ લેવા દેવા નથી હોતી. અલબત્ત નફામાં બંને કોઈ પણ નિશ્ચિત ટકાવારીથી અથવા ભાગના હિસાબથી સંયુકત રીતે ભાગીદાર હોય છે. તદ્ઉપરાંત અહીં પણ માલની મૂળ કિંમત વેપારીની પાસે અમાનત હોય છે. જ્યારે કે વાસ્તવિકતા એ છે કે બેંકના થકી દૌલતના કારોબારમાં (બેંકમાં નાણા રોકવામાં) માલધારી નુકસાનનો તદ્દન જિમ્મેદાર નથી હોતો, અને માલ બર્બાદ થવાના સંજોગોમાં બદલાનો હકદાર પણ રહે છે. જેથી બેંકમાં જમા થતા માલ દૌલતની શરઈ હૈસિયત "કરજ"ની છે એમાં નુકસાન થતા માલનો બદલો પાછો આપવાનું ગમે તે રીતે અનિવાર્ય હોય છે અને એના પર કાંઈક વધારાનો કરાર બેંકોની દુનિયામાં રિવાજ પામેલ છે.

★ કરજ (લોન) લેણદેણની શરત ★

ઈસ્લામની દ્રષ્ટિએ કરજ એક પ્રકારનું એહસાન છે અથવા ભલાઈ અને બદલો છે એટલા માટે તે તેને દરેક પ્રકારના ભૌતિક લાભથી પાક તથા સાફ જોવા ચાહે છે. અને કોઈ કરારની રૂએ નફાની લેણદેણને વ્યાજ ઠરાવીને નાજાઈઝ ગણાવે છે. એટલે કે ઈસ્લામના

નિયમાનુસાર કરજ (ઉધાર) આપવા પર શરતી નફાની લેણદેણ વ્યાજ છે જે કતઈ હરામ તથા ગુનોહ છે. અમે આગળ જતાં આ મસ્અલા પર વિસ્તારપૂર્વક પ્રકાશ પાડીશું. અત્યારે કેવળ પયગંબરે આલમ ﷺની એક હદીષ નકલ કરીએ છીએ : كُلُّ قَرْضٍ جرَّ مَنْفَعَةً فَهُوَ رِبًا۔

"કરજના કારણે જે નફો પ્રાપ્ત કરવામાં આવે તે વ્યાજ છે."

જેથી કરજના મામલાને જાઈઝ હોવાની શરત એ છે કે તે વ્યાજની ગંદકીથી પાક હોય.

★ કરજના માલ પર મળતો વધારો જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશે ઉલમાના બે ગૃપો ★

સામાન્યતઃ ઉલમાએ કિરામે બેંક તથા થાપણદારોની આપસમાં લેણદેણને કરજનો મામલો ગણાવ્યો છે તેની વિવિધ શાખાઓ છે. દા.ત. :–

(૧) ફિક્સ ડિપોઝિટ

(૨) કરન્ટ એકાઉન્ટ (ચાલુ ખાતુ)

(૩) બચત ખાતુ (સેવિંગ્સ બેંક એકાઉન્ટ)

(૪) કુમુલેટીવ ડિપોઝીટ એકાઉન્ટ (સતત જમા ખાતુ)

આ તમામ પ્રકારોમાં અસલ માલ પર થોડો કે વધારે જે કાંઈ પણ વધારો કરજ આપનારને આપવામાં આવે છે તે તેની જાહેરી સ્થિતિમાં વ્યાજ જ જણાય છે એના કારણે ઉલમાનો એક થોડોક તબકો તેને નાજાઈઝ ઠરાવે છે. એ તબકાના ખયાલમાં એ વિશેષ રકમ તદ્દન વ્યાજ છે જે કોઈ રીતે હલાલ નથી.

પરંતુ ઉલમાનો એક વિશાળ તબકો એમાં કાંઈક છૂટછાટને

માનનારો છે તે તેને તદ્દન વ્યાજ માનવા માટે તૈયાર નથી, ખુલાસાની અપેક્ષા રાખે છે. તેની સ્પષ્ટતા માટે પ્રથમ ચાર જરૂરી પ્રાસ્તાવિક વાતોને દિમાગમાં બેસાડો.

★ પ્રથમ પ્રસ્તાવના ★

દુનિયામાં વસનારા માનવો ઈસ્લામની દ્રષ્ટિએ ચાર વિભાગોમાં વહેંચાયેલા છે : (૧) મુસ્લિમ (૨) ગૈર મુસ્લિમ (૩) ગૈર મુસ્લિમ મુસ્તામિન (૪) તે ગૈર મુસ્લિમ જે ન ઝિમ્મી હોય ન મુસ્તામિન.

- **મુસલમાન** : તો તે છે જેણે ઈસ્લામ ધર્મને સ્વીકાર્યો અને તેના તમામ અસલ તથા શાખાકિય, અક઼ીદા, ઈબાદતો તથા મામલાઓમાં તેની પાબંદીનો દિલ તથા ઝબાનથી ક઼બૂલાત તથા સ્વીકાર કર્યો.
- **ગૈર મુસ્લિમ ઝિમ્મી** : તે શખ્સ છે જેણે ઈસ્લામને કબૂલ તો નથી કર્યો પણ ઈસ્લામી સુલ્તાનથી ઈજાઝત હાંસલ કરીને દસ્તૂર મુજબના ક઼રારની સાથે ઈસ્લામી હુકૂમતમાં તેણે ક઼ાયમી વસવાટ કરી લીધો, એટલે ત્યાંનો વતની બની ગયો.
- **ગૈર મુસ્લિમ મુસ્તામિન** : એ પણ એક પ્રકારનો ઝિમ્મી જ છે, ફરક એ છે કે તેનું રોકાણ ઈસ્લામી હુકૂમતમાં કેવળ ટેમ્પરરી હોય છે. જેમ કે આજના જમાનામાં કોઈ અન્ય દેશમાં વિઝા લઈને જનારનું રોકાણ ટેમ્પરરી હોય છે.
- **તે ગૈર મુસ્લિમ જે ન ઝિમ્મી હોય ન મુસ્તામિન** : તેની વ્યાખ્યા તેના નામથી સ્પષ્ટ છે. બીજા શબ્દોમાં આ તે શખ્સ છે જે ઈસ્લામી સુલ્તાન સાથે કોઈ દસ્તૂર પ્રમાણેનો ક઼રાર કર્યા વિના દારુલ ઈસ્લામમાં ટેમ્પરરી કે ક઼ાયમી વસવાટ કરે અથવા

ગૈર દારુલ ઈસ્લામનો રહેવાસી હોય.

''ઝિમ્મી'' તથા ''મુસ્તામિન'' પોતાની ખુશીથી ઈસ્લામી સુલ્તાન સાથે દસ્તૂર મુજબ કરાર કરીને તેની હુકૂમતમાં કાયમી કે ટેમ્પરરી વસવાટ અપનાવે છે અને એ કરારમાં તેમના પર કોઈ બળજબરી નથી હોતી એટલા માટે દીવાની (કોર્ટ કચેરી)ના મામલાઓમાં અને સજાઓમાં તેમના માટે તે જ હુકમ છે જે મુસલમાન માટે છે. જેથી જે મામલાઓ મુસલમાનો સાથે કરવા હરામ તથા ગુનોહ બનશે તે તમામે તમામ મામલાઓ ગૈર મુસ્લિમ ઝિમ્મી તથા મુસ્તામિન સાથે પણ હરામ તથા ગુનોહ ઠરશે. ઈસ્લામી કાનૂનની ઘણી જ વિશ્વસનીય કિતાબ 'હિદાયહ્'માં તેના હુકમો આ શબ્દોમાં લખાયેલા છે :–

وأهل الذمة فى البياعات كالمسلمين لقولهٖ عليه السلام فى ذٰلِكَ الحديث: فَأَعلِمُهم أنّ لهم ماللمسلمين، و عليهم ما على المسلمين۔ ولَا نَّهُم مُكَلَّفُوْن، محتاجونَ كا لمشلمين اِلَّافى الخمرِ و الجنزير خاصةً، فَاِنَّ عَقدَ هم على الخَمرِ كعقد المسلمين على العصير، و عَقُدَهُمُ على الخنزير كعَقدِ المسلم على الشاةِ لِاَنَّهااَمْوَالٌ فى اعتقادِهم، ونحنُ أمرنَا بِاَن نَترُكَهُم وما يعتقدون۔

''ગૈર મુસ્લિમ ઝિમ્મી (મુસ્તામિન) ખરીદ વેચાણ વગેરેના મામલામાં મુસલમાનોની જેમ છે. એટલા માટે કે રસૂલુલ્લાહ ﷺએ તેમના વિશે ઈર્શાદ ફર્માવ્યો : તેમને જણાવી દો કે જે મામલા મુસલમાનો માટે હલાલ છે તે તેમના માટે પણ હલાલ છે અને જે મામલાઓ મુસલમાનો પર હરામ છે તે તેમના માટે પણ હરામ છે. અને એટલા માટે પણ કે તેઓ પણ મુસલમાનોની જેમ બંધાયેલા તથા હાજતમંદ છે. અલબત્ત ખાસ કરીને શરાબ તથા સુવ્વરના

બારામાં તેમનો હુકમ મુસલમાનોથી અલગ છે. કેમ કે તેમની નજીક શરાબની લે વેચ દ્રાક્ષના રસની લે વેચની જેમ છે. અને તેમને ત્યાં સુવ્વરનું ખરીદ વેચાણ મુસલમાનના બકરીના ખરીદ વેચાણની જેમ છે. કેમ કે શરાબ તથા સુવ્વર તેમના મઝહબ તથા માન્યતામાં માલ છે. અને ઈસ્લામી શરીઅતે આપણાને હુકમ આપ્યો છે કે તેમને તેમના અક઼ીદા તથા મઝહબ પર મુકત છોડી દો."

(હિદાયહ, પેજ–૮૬, ભાગ–૩, મસાઈલે મન્થૂરા)

અને જે ગૈર મુસ્લિમે ઈસ્લામી સુલ્તાન સાથે કોઈ દસ્તૂર મુજબનો ક઼રાર નથી કર્યો તેના પર ઈબાદતોની જેમ દીવાની મામલાઓમાં પણ ઈસ્લામી ક઼ાનૂન લાગુ થશે નહીં અને તેને એ વાતની સંપૂર્ણ આઝાદી ઉપલબ્ધ હશે કે પોતાના તમામ માલ તથા સંપત્તિમાં પોતાના ધર્મ પ્રમાણે જે રીતે ચાહે ઉપયોગ કરે. જ્યારે તેણે ઈસ્લામ ધર્મને નથી સ્વીકાર્યો અને કારોબારમાં પણ તેણે કોઈ ઈસ્લામી નિયમોથી નિસ્બત નથી રાખી તો ઈસ્લામી ઉસૂલની પાબંદી તેના માટે શાથી રાખવામાં આવશે ?

★ બીજી પ્રસ્તાવના ★

કુર્આન તથા હદીષના અભ્યાસ પરથી એ બાબત સ્પષ્ટ થઈને સામે આવી જાય છે કે ઈસ્લામી નિયમોના અનુસાર વ્યાજ કેવળ **મુસલમાન** તથા **ઝિમ્મી** તથા **મુસ્તામિન**ના માલમાં જ લાગુ પડશે.

મુસલમાનના માલમાં તો એટલા માટે વ્યાજ લાગુ પડશે કે તે ઈસ્લામનો અનુયાયી છે અને ઈસ્લામી હુકમો તેને લાગુ પડે છે જેથી ઈસ્લામનો "વ્યાજનો ક઼ાનૂન" તેના માલમાં લાગુ પડશે.

અને ઝિમ્મી તથા મુસ્તામિનના માલમાં એટલા માટે એ ક઼ાનૂન

લાગુ પડશે કે તેમણે આ બાબતમાં સ્વખુશીથી ઈસ્લામી નિયમોને માનવાનો કરાર કર્યો છે.

પરંતુ જે ગૈર મુસ્લિમ ઝિમ્મી કે મુસ્તામિન નથી તેને ન તો ઈસ્લામી હુકમો લાગુ★ થતા અને ન તો આ બારામાં કોઈ સ્વૈચ્છિક કરાર છે. જેથી તેના માલમાં **શરઈ બોલીમાં (શરીઅતની રૂએ) વ્યાજ** જે કહેવાય તે લાગુ થશે નહીં. જેથી એવું ન થાય કે ઈસ્લામે તેમના પર પોતાના "પર્સનલ લો"નો કોઈ હુકમ લાગુ કર્યો, અથવા તેમના ખયાલો તથા માન્યતા તથા ધાર્મિક સ્વતંત્રતામાં કોઈ અડચણ ઉભી કરી. તેનું વર્ણન હદીષે પાકમાં ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં મૌજૂદ છે.

નબુવ્વતનો ઈર્શાદ છે : لاَرِ بَابَيْنَ اَهْلِ الحرب وَاَهْلِ الِاسْلَام -

"ગૈર મુસ્લિમ જે ઝિમ્મી તથા મુસ્તામિન ન હોય તે તથા મુસલમાનની વચ્ચે કોઈ મામલામાં વ્યાજ નથી." (એટલે કે તેમની સાથે મુસલમાન નાણાનો વહેવાર કરે અને જે વધારાની રકમ તે મુસલમાનને આપે તેને વ્યાજ નહીં કહેવાશે બલ્કે નફો ગણાશે.)

★ *અને નુરૂલ અન્વાર (૬૩, ૬૪) વગેરે ઉસૂલની કિતાબોમાં જે એવી સ્પષ્ટતા છે કે મામલાઓના બારામાં કાફિરો પણ ઈસ્લામી હુકમોના મુખાતબ (તેમને લાગુ પડે) છે. તો અહીં કાફિરોથી ગૈર મુસ્લિમ ઝિમ્મી મતલબ છે. જેમ કે આ બહષમાં દલીલરૂપે ખૂદ તેમની જ નકલ કરેલ આ હદીષ સાક્ષી છે :–*

و إنما بذلوا الجزية ليكون دمائُهم كدمائنا و أموالهم كأموالنا

(પેજ–૬૪) અને મુસલમુષ્ષબૂત વ ફવાતિહુર્રહ્‌મુતમાં છે :–

وأمّا لتكليف بالعقوبات و المعاملات فاتفاق بيننا و بينهم بعقدالذمّة، عقدُالذمّة انّما يقتضي أنُ تقام عليهم العقوباتُ كماُ تقام علينا و تنفذو تفسخ المعاملات كما تنفذ و تفسخ عقودنا إلّا مااسُتُثنِيَتُ اهـ

(અલ્ મકાલતુષ્ષાનિયા, ભા. ૧, પેજ. ૧૨૮)

બદાએઅ્, ભાગ–૫, પેજ–૧૯૩ની સ્પષ્ટતા فَيَجرِى الربابين المسلم والذمى થી પણ એ જ જાહેર થાય છે.

★ ત્રીજી પ્રસ્તાવના ★

આજે સામાન્યતઃ દુનિયામાં એવા જ ગૈર મુસ્લિમ જોવા મળે છે જે ''ઝિમ્મી'' તથા ''મુસ્તામિન'' નથી અને ઘણાયે દેશોમાં તેમની હુકૂમત પણ છે. જેમ કે અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ, ચીન, જાપાન, નેપાળ વગેરે. હિંદુસ્તાનવાસી ગૈર મુસ્લિમો પણ ''ઝિમ્મી'' કે ''મુસ્તામિન'' નથી, જેમ કે તેમની વ્યાખ્યાથી જાહેર છે. આજથી ૩૦૦ વરસો પહેલાં હિંદુસ્તાનના એક માયનાઝ જલીલુલકદર તથા વિશ્વસનીય આલિમ હઝરત અલ્લામા અહમદ જીવન رضی اللہ عنہએ પણ આ જ ખયાલ રજૂ કર્યો હતો.

(હિદાયહ્, બયહકીના હવાલાથી, તફસીરે અહમદિયહ્)

અને હક઼ીક઼તોનું નિરીક્ષણ કરતાં એ હક઼ીક઼ત પણ સ્પષ્ટ થઈ જાય છે કે અહીં અમલી રીતે હુકૂમત પણ એ જ લોકોની છે, ભલે નામ ગમે તે હોય. અને કમસે કમ વર્તમાન સંજોગોમાં તો કોઈને પણ એનાથી ઈન્કાર ન હોવો જોઈએ. આવા ગૈર મુસ્લિમ અને એમની હુકૂમતો બિન સાંપ્રદાયિક અથવા ગૈર ઈસ્લામી છે. તેમને ઈસ્લામના મામલાઓને લગતા ક઼ાનૂનો સાથે કોઈ નિસ્બત નથી. બીજા શબ્દોમાં એ કે એઓને ન તો ઈસ્લામી હુકમો લાગુ પડે છે અને ન તો ક઼રારથી બંધાયેલા, જેથી માલમાં તેમના વ્યાજ લાગુ થશે નહીં જેમ કે બીજી પ્રસ્તાવનામાં સ્પષ્ટ થયું છે.

★ ચોથી પ્રસ્તાવના ★

મુસલમાન અને ગૈર મુસ્લિમ (જે ઝિમ્મી કે મુસ્તામિન ન હોય)ના વચ્ચે કરજ અથવા ખરીદ વેચાણ વગેરેનો **મામલો એ પ્રમાણે નક્કી થાય કે નફો મુસલમાનને મળે તો તે સર્વસંમતિથી વ્યાજ નથી.**

કેમ કે ગૈર મુસ્લિમના માલમાં જેમ કે બયાન કરવામાં આવ્યું ઈસ્લામનો વ્યાજનો ક઼ાનૂન લાગુ થશે નહીં, પરંતુ જો નફો ગૈર મુસ્લિમને મળે એટલે કે મુસલમાને વધારે આપવું પડે તો ઈમામે આ'ઝમના મઝહબ પ્રમાણે એ પણ વ્યાજ ગણાશે કે નહીં ? એના અનુસંધાનમાં ફક઼ીહોની વચ્ચે મતભેદ છે.

એક તબકો એ બાબતને માનનારો છે કે એ વધારાનો ભાગ વ્યાજ છે, કેમ કે મુસલમાન જ્યારે શરઈ હુકમોનો પાબંદ છે તો તેના માલમાં શરીઅતની રૂએ વ્યાજનો ક઼ાનૂન લાગુ થશે. ઈમામ ઈબ્ને હુકમા કમાલુદ્દીન અને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નું મંતવ્ય એ જ છે. જેમ કે નીચેના લખાણથી જાહેર થાય છે :–

لا يخفى أنّه إ نّما يقتضى مباشرة العقد إذاكانتِ الزيادة ينالها المسلم وقد التزم الأصحاب فى الدرس أنّ مُرادَهم من حِلّ الرّباما إذا حصلتِ الزيادةُ اللمسلم نظرًا إلى العلّه..اھ

"અધ્યાહન ન રહે કે દલીલનો તકાઝો એ છે કે વ્યાજના રૂપનો કારોબાર ગૈર મુસ્લિમ સાથે તે વખતે હલાલ છે જ્યારે કે વધારો મુસલમાનને મળે.... અને અમારા ઉસ્તાઝોએ વ્યાજના સબબને લક્ષમાં રાખીને દર્સમાં એ સ્પષ્ટતાની કાળજી રાખી છે કે ફુકહા (ફકીહો)નો હેતુ જાહેરી વ્યાજનું હલાલ હોવું એ રીતે છે કે વધારાની રકમ મુસલમાનને પ્રાપ્ત થાય."

(ફત્હુલ કદીર મઅ કિફાયહ્ વગેરે, પેજ–૧૭૮, ભાગ–૬)

ઈમામ અહમદ રઝા કુદ્દસ સિર્રહૂ ફર્માવે છે કે :–

"(ગૈર મુસ્લિમે) મુસલમાનને જો સો રૂપિયાની નોટ કરજ (ઉધાર) આપી અને શરત કરી લીધી કે મહીના પછી બાર આના

અથવા એક પૈસો વધારે લઈશ તો હરામ અને વ્યાજ છે.''
لأنّ كُلّ قرضٍ جرَّ منفعةً فهوربا *(ફતાવા રઝવિય્યહ્, પેજ–૧૦૫, ભાગ–૭)*

પરંતુ ફક઼ીહોનો એક વિશાળ તબકો એને પણ વ્યાજ નથી માનતો અને પોતાની જગાએ તેમની દલીલ પણ ક઼વી તથા મજબૂત જોવા મળે છે. તેમની દલીલ એ છે કે મઝહબમાં વ્યાજ પુરવાર થવા માટે ''ઈસ્મતે બદલૈન'' (અદલ બદલ થતી ચીજો)ને ''શર્તે જૌહરી'' ગણવામાં આવેલ છે જ્યારે કે મુસ્લિમ તથા ગૈર મુસ્લિમના આપસના વહેવારમાં આ શરત નથી જોવા મળતી.''

''ઈસ્મતે બદલૈન''નો મતલબ એ છે કે અદલા બદલી થતા બંને માલો એવા હોય જેની રક્ષાની જિમ્મેદારી ઈસ્લામી સુલ્તાન પર લાગુ થતી હોય. બીજા શબ્દોમાં તે મુસલમાન, ગૈર મુસ્લિમ ઝિમ્મી તથા ગૈર મુસ્લિમ મુસ્તામિનના માલ હોય કે જેથી ક઼રારની રૂએ ઈસ્લામી સુલ્તાન તેમના માલોની રક્ષાનો જિમ્મેદાર છે.

બદાએઉસ્સનાએઅ્માં છે :–

وأماَشرائط جريان الرّبا، فمنهاأن يكون البدلان معصومين فإن كان أحـدهما غير معصومٍ لا يتحقق الرّبا عندنا۔ وعندأبى يوسف هٰذَا لَيْسَ بشرطٍ و يتحقق الرّبا۔

وعلىٰ هٰذ الأصل يُخرَّج ما إذادخـل مسلمٌ دارالحرب تاجرًا فباع حربيا درهمًا بـدر همين أوغيرذلك من سائر البيوعِ الفاسدة فى حكم الإ سلام أنّه يجوز عندأبى حنيفة و مُحمّدٍ۔

''વ્યાજ પુરવાર થવાની એક શરત એ છે કે બંને અદલ બદલ થતા માલ મઅસૂમ હોય. અને જો કોઈ એક બદલી થતો માલ ગૈર મઅસૂમ હોય તો અમારી દ્રષ્ટિએ વ્યાજ હોવું લાગુ થશે નહીં. એથી

ઉલ્ટુ ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہની દ્રષ્ટિએ આ ઈસ્મત શર્ત નથી જેથી વ્યાજ હોવું લાગુ થશે.

એ નિયમના આધારે મસ્અલો નીકળે છે કે કોઈ મુસલમાન વેપારના હેતુથી દારુલ હર્બમાં ગયો અને તેણે કોઈ ગૈર મુસ્લિમ પાસેથી એક દિરહમ બે દિરહમના બદલામાં વેચ્યો અથવા તેના હાથે કોઈ પણ એવો સોદો કર્યો જે ઈસ્લામના દ્રષ્ટિકોણથી ફાસિદ (ફોગ) છે. તો આ સર્વ સોદાઓ ઈમામે આ'ઝમ અને ઈમામ મુહમ્મદ રહ્મહુમુલ્લાહની નજીક જાઈઝ છે.''

(બદાએઉસ્સનાએઅ્ ફી તરતીબિ શરાએઅ્, પેજ–૧૯૨, ભાગ–૫)

તહતાવીમાં છે :–

والرّبا أعمُّ من ذلك إذ يشمل ما إذا كان الدرهمان من جهة المسلم أومن جهة الكافر۔ وجواب المسئلة بالحل عام فى الوجهين۔ منح عَنِ الفتح۔ وقدتقدّم أنّ شرط الرّبٰوا عصمة البدلين جميعًا۔

''એક દિરહમના બદલે બે દિરહમ મુસલમાન આપે અથવા ગૈર મુસ્લિમ, બંને સ્થિતિમાં વ્યાજ આમ તથા સામેલ છે, એટલે કે બંને સ્થિતિઓ (જાહેરી રીતે) વ્યાજ છે અને ચર્ચા પામેલ મસ્અલામાં હલાલનો હુકમ પણ બંનેવ જ સ્થિતિઓમાં જાહેર છે. (મનહ બહવાલએ ફતહ) અને એ વાત પ્રથમ વર્ણન થઈ ચૂકી છે કે વ્યાજ પુરવાર થવાની શરત ''ઈસ્મતે બદલૈન'' છે. *(તહતાવી હાશિયા દુર્રે મુખ્તાર, ભાગ–૩, પેજ–૧૧૨, અવાખિરુ કિતાબિર્રિબા)*

રદુલ્ મુહ્તારમાં છે :–

قال فى الشرنبلا لية: ومن شرائط الربا عصمة البدلين، فعصمة أحدهما لا يَمنعُ اه ملخصا

શરમાબુલાલિયહ્માં છે કે વ્યાજ લાગુ થવાની એક શરત "ઈસ્મતે બદલૈન" છે તો કોઈ એક બદલી પામતા માલનું માસૂમ હોવું સોદાના સહીહ હોવાથી રોકાશે નહીં. *(રદ્દુલ મુહ્તાર)*

તે ફકીહોની બીજી દલીલ રસૂલે પાક ﷺનો ઈર્શાદ :–

لاربابين أهل الحرب وأهل الإسلام છે જેમાં મુસ્લિમ તથા ગૈર મુસ્લિમના વચ્ચે વ્યાજ પુરવાર થવાનો તદ્દન ઈન્કાર કરવામાં આવ્યો છે.

આ ખુલાસાઓનો સાર એ છે કે મુસલમાનને વધારાની રકમ આપવાની સ્થિતિમાં વ્યાજનું લાગુ પડવું ફક઼ીહોની વચ્ચે વિવિધ પ્રકારનું છે. જેથી ઉલમાના મતભેદને ખયાલમાં રાખતાં મુસલમાનના માટે એનાથી બચવાનો હુકમ થશે. આમ તો સાવચેતીને લક્ષમાં લેતાં મારું મંતવ્ય આ પ્રકરણમાં એ છે જે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિર્રહૂનું છે. જેથી આગામી ચર્ચાનો વિષય એ જ હશે.

❖ ❖ ❖

★ હુકમો ★

આ પ્રસ્તાવનાઓથી જે હુકમો ઉઘાડા થઈને સામે આવે છે તે એ છે કે :–

(૧) મુસલમાન મુસલમાન અથવા મુસલમાન તથા ઝિમ્મી અથવા મુસલમાન તથા મુસ્તામિનની વચ્ચે વહેવારમાં વ્યાજ લાગુ થશે.

જેથી જે દેશોમાં મુસલમાનોની હુકૂમત સ્થાપિત છે, જેમ કે ઈન્ડોનેશિયા, મિસ્ર, સિરીયા, ઈરાક, લિબીયા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન વગેરે ત્યાંની બેંકોમાં રૂપિયા જમા કરવાથી

જે કાંઈ વધારાની રકમ મળે તે વ્યાજ છે કેમ કે કરજથી શરત મુજબના નફાની પ્રાપ્તિ શરીઅતની રૂએ વ્યાજની જ ગણત્રીમાં આવે છે. જેમ કે ઈર્શાદે નબુવ્વતથી એની સાબિતી મેળવવામાં આવી, સિવાય કે એ નફો કરજને કારણે ન હોય બલ્કે ભાગીદારી, વ્યાપાર, ખાસ પ્રકારના સોદા વગેરેના ઝરીયા હાંસલ થાય.

(૨) ''મુસલમાન અને ગૈર ઝિમ્મી તથા ગૈર મુસ્તામિન ગૈર મુસ્લિમ''ની વચ્ચે કોઈ વહેવાર વ્યાજ નથી હોતો જ્યારે કે નફો મુસલમાનને મળે, અને જો નફો ગૈર મુસ્લિમને મળે તો તેનું વ્યાજ હોવું મતભેદપૂર્ણ છે.

જેથી ગૈર મુસ્લિમ હુકૂમતોની બેંકોમાં રૂપિયા જમા કરવાથી ફિકસ ડિપોઝીટ કે બચત ખાતુ વગેરેના થકી જે કાંઈ વધારાની રકમ મળે તે વ્યાજ નથી કેમ કે અહીં પણ એ વધારાની રકમ કરજનો શરત મુજબનો નફો છે પણ એ નફો અગાઉ વર્ણવેલા બયાનના પ્રમાણે શરીઅતની વ્યાખ્યામાં વ્યાજની હદોથી બહાર છે.

અલબત્ત આ નફાના જાઈઝ હોવાના માટે શરીઅતે એક અનિવાર્ય શરત એ રાખી કે **નફાની પ્રાપ્તિમાં મુસલમાનના તરફથી કોઈ પણ પ્રકારનો ક઼રારભંગ, ધોકો કે પ્રપંચ ન હોય અને ગૈર મુસ્લિમ પોતાની રાજીખુશીથી બળજબરી વિના નફો આપે,** જેમ કે ઈસ્લામી ફિક઼્હના સંપૂર્ણ માહિર ઈમામ ઈબ્નુલ હુમામે સ્પષ્ટતા કરી. આપ લખે છે :–

وإنّما يحرم على المسلم إذاكان بطريق الغَدر، فإذالم اخذ غدرًا فبأيِّ طريق ياخذه حلّ، بعدكونه برضا۔

''ગૈર મુસ્લિમનો માલ કેવળ ક઼રારભંગ (ધોકા)ની રીતે મુસલમાને

પ્રાપ્ત કરવો હરામ છે. પરંતુ જ્યારે કરારભંગ ન હોય અને ગૈર મુસ્લિમ રાજી હોય તો તેનો માલ જે રીતે પણ મળે લેવો હલાલ છે."

(ફત્હુલ કદીર, ભાગ–૬, પેજ–૧૭૮)

અને જાહેર છે કે કરજ તથા નફાની લેણદેણમાં શરત મુજબની એ માંગણીઓ સંપૂર્ણપણે જળવાય છે. મુસલમાનના તરફથી કરજ આપવામાં અને નફાની પ્રાપ્તિમાં કોઈ ધોકો નથી થતો, અને બૅંક પોતાની રાજીખુશીથી એક નિશ્ચિત દર પ્રમાણે નફો આપે છે. જેથી એ નફાને મેળવવાનું જાઈઝ હોવામાં કોઈ શંકાને સ્થાન નથી. અને બરાબર એ જ હુકમ આજની તમામ મુસ્લિમ તથા ગૈર મુસ્લિમ રાજ્ય સત્તાઓના મામલામાં પણ છે.

નજીકના ભૂતકાળના એક અજોડ ફકીહ અને ઈસ્લામી કાનૂનના સંપૂર્ણ નિષ્ણાત ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિરહૂએ એના બારામાં ઘણાયે ફતાવા લખેલા છે. બે ફત્વાનાં લખાણો અહીં રજૂ કરું છું.

આપને સવાલ કરવામાં આવ્યો કે :–

"ગવર્નમેન્ટ જે કરજનો નફો આપી રહી છે તેને લેવું જાઈઝ છે કે નહીં ?" તો આપે તેના જવાબમાં લખ્યું કે :–

"વ્યાજની નિય્યતે લેવું જાઈઝ નથી અને જો કોઈ ગવર્નમેન્ટ પર તેની પ્રજા હોય કે અન્ય શખ્સનું શરીઅતની રૂએ કાંઈક આવતુ હોય (હક્કો વગેરે) તેમાં વસૂલ સમજવું કશીય શંકા વિના જાઈઝ છે. એ જ પ્રમાણે જો બયતુલ માલમાં હકદાર હોય તો તેમાં લઈ શકે છે, અને જો કાંઈ ન હોય અને તેને વ્યાજ ન સમજે બલ્કે એવું વિચારે કે એક જાઈઝ માલ માલિકની રાજી ખુશીથી ધોકો કે પ્રપંચ કર્યા વિના મળે છે તો તે પણ જાઈઝ છે.

અસલ હુકમ એ પ્રમાણે છે, પણ તક્વાવાવાળાઓ ખાસ કરીને પેશ્વાઓએ આ બંને સ્થિતિઓ, વિશેષતઃ પાછલી સ્થિતિથી બચવું જોઈએ. કેમ કે ન જાણનારો (અજ્ઞાની) તેનું અનુકરણ ન કરે. હદીષમાં છે કે તોહમતવાળી જગાએથી બચો.''

(ફતાવા રઝવિય્યહ, ભાગ–૭, પેજ–૧૨૩)

એક અન્ય ઠેકાણે લખે છે :–

''અહીંના હિંદુ વગેરે જેટલા ગૈર મુસ્લિમ છે તેમનામાં ન કોઈ ઝિમ્મી છે ન મુસ્તામિન. અને ગૈર મુસ્લિમ ન ઝિમ્મી હોય ન મુસ્તામિન તો **ધોકો** કે **પ્રપંચ** કર્યા સિવાય, કેમ કે એ તદન દરેક કાફિર સાથે પણ હરામ છે. તેની રાજીખુશી તેનો માલ જે રીતે મળે, જે પણ સોદાના નામથી હોય મુસલમાનના માટે હલાલ છે.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૭, પેજ–૧૦૫)*

વ્યાજ ન સમજવાની શરત એટલા માટે છે કે જાઈઝ કામ પણ નાજાઈઝ સમજીને કરવું ગુનોહ છે. જેમ કે દૂરથી એક ખાસ સ્ટાઈલથી તથા ઢંગથી રાખેલ કપડાંને પર સ્ત્રી સમજીને બુરી નજરે જોવું ગુનોહ છે કે એ એક પ્રકારનું ખુદાની નાફર્માનીનું કાર્ય છે.

★ પોસ્ટ ઓફીસથી મળતી વધારાની રકમનો હુકમ ★

પોસ્ટ ઓફીસો પણ બેંકોની જેમ લોકો પાસેથી કરજ લઈને પૈસા જમા કરે છે, તેના વિવિધ પ્રકારો છે :–

(૧) બચત બેંક ખાતુ (સેવિંગ્ઝ બેંક એકાઉન્ટ)

(૨) ફિકસ ડિપોઝિટ (**F.D.A.**)

(૩) નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ

(૪) કિસાન વિકાસ પત્ર

(૫) ઈન્દિરા વિકાસ પત્ર

(૬) માસિક આવક યોજના

આ ખાતાઓમાં રૂપિયા જમા કરવાથી પોસ્ટ ઓફીસો થકી એક નિયત દરથી રકમનો રોકેલા નાણા પર જે ખાસ વધારો મળે છે તે પણ તેની જાહેરી સ્થિતિના આધારે વ્યાજ છે કે એ આપેલા કરજનો નફો છે, પણ જેવું કે સ્પષ્ટ કરવામાં આવેલ છે કે એ હકીકતમાં વ્યાજ નથી બલ્કે મુબાહ માલ છે જેથી તેને પણ શરીઅતની રૂએ વસૂલ કરીને પોતાના ઉપયોગમાં લેવાની ઈજાઝત છે.

ફિકસ ડિપોઝિટોમાં રૂપિયા જમા કરવાથી પોસ્ટ ઓફીસો "પત્ર" કે "સર્ટિફિકેટ" વગેરેના નામથી જે કરાર પત્ર બહાર પાડે છે તેમાં મના કરનારા ઉલમાના તરીકાથી પણ જાઈઝ હોવાનો માર્ગ એ રીતે નીકળી આવે છે કે માલધારીઓ "કરજનો મામલો" કરવાને બદલે કરાર પત્રનું ખરીદ વેચાણ કરે. એટલે રૂપિયા જમા કરતી વખતે દરેક માલધારી એવું કહે કે "મેં આ કરારપત્ર આટલા રૂપિયામાં ખરીદ્યો" અને રૂપિયા એટલા જ બોલે જેટલા કરાર પત્ર પર લખેલા છે. પછી જ્યારે તેની મુદ્દત પૂરી થઈ જાય તો એવું કહીને પોસ્ટ ઓફીસને હવાલે કરે કે "મેં આટલા રૂપિયામાં આ કરાર પત્ર વેચ્યો." અને કિંમત એટલી જ બતાવે જેટલી વસૂલ થશે. બરાબર આવો ઉકેલ બૅંકોના કરાર પત્રોનો પણ છે.

આ રીતે નફાની પ્રાપ્તિ સર્વ સંમતિથી જાઈઝ થશે, કેમ કે એ નફો કરજનો નથી બલ્કે વેપારનો છે જે ઈસ્લામમાં કોઈ રોકટોક વિના જાઈઝ છે.

★ લોકોએ વેપાર વગેરે માટે બેંકમાંથી નાણા પ્રાપ્ત કરવા વિશે ★

બેંકનો બીજો પાયાનો કારોબાર એ છે કે લોકોને નાના કે મોટા વ્યાપાર અર્થે, ખેતી તથા હસ્તકલાનાં સાધનો, આધુનિક ડોકટરી ઓજારો, ટ્રાન્સપોર્ટના વાહનો (ટ્રક, બસ, ટેમ્પો, ટ્રેકટર વગેરે), મકાનોનાં બાંધકામ વગેરેના માટે પોતાની યોગ્ય યોજના પ્રમાણે જરૂરત પ્રમાણે કરજ (લોન) આપે છે અને તેના ઉપર એક નિશ્ચિત દરથી વ્યાજ પણ લે છે. ઈસ્લામ પોતાના માનવાવાળાઓને એની ઈજાઝત નથી આપતો. તેની દ્રષ્ટિમાં મુસલમાને કોઈ પણ વ્યકિત, સંસ્થા કે બેંક પાસેથી આ પ્રકારનું વ્યાજમય કરજ (લોન) લેવું હરામ તથા ગુનોહ છે. કુર્આને હકીમમાં ઘણી જ સખ્તીની સાથે મુસલમાનોને એનાથી રોકવામાં આવ્યા છે. જેમ કે નીચેની આયતો તથા હદીષોથી અંદાજો થશે :–

يَآَيُّهَا الَّذِينَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَذَرُوا مَا بَقِىَ مِنَ الرِّبٰوا اِن كُنتُم مُؤمِنِينَ۔ فَاِن لَّم تَفعَلُوا فَاذَنُوا بِحَربٍ مِّنَ اللّٰهِ وَرَسولِهٖ۔

(અર્થ) : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને વ્યાજ બાકી રહી ગયું છે તેને છોડી દો, જો મુસલમાન હોઉ. પછી જો એવું ન કરો તો યકીન કરી લો અલ્લાહ અને અલ્લાહના રસૂલથી લડાઈનું."

(સૂરએ બકરહ, ૨૭૮, ૨૭૯)

ક્યામતના દિવસે વ્યાજખોરોની બુરી હાલતનું ચિત્ર આ પ્રમાણે ખેંચવામાં આવ્યું છે :–

اَلَّذِينَ يَا كُلُونَ الرِّبٰوا لَا يَقُومُونَ اِلَّا كَمَا يَقُومُ الَّذِىْ يَتَخَبَّطُهُ الشَّيطٰنُ مِنَ المَسِّ۔ ذٰلِكَ بِاَنَّهُم قَالُوآ اِنَّمَا البَيعُ مَثلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰهُ البَيعَ وَ حَرَّمَ الرِّبٰوا۔

(અર્થ) : ''જે લોકો વ્યાજ ખાય છે તેઓ કિયામતના દિવસે તે વ્યકિતની જેમ ઉભા રહેશે જેને શૈતાને સ્પર્શીને પાગલ બનાવી દીધો હોય. એ એટલા માટે કે તેમણે કહ્યું કે વેપાર પણ તો વ્યાજની જેમ જ છે. જ્યારે કે અલ્લાહે વેપારને હલાલ અને વ્યાજને હરામ કર્યું.''

(સૂ. બકરહ, આયત–૨૫૭)

એ જ આયતમાં વ્યાજ ખાનારાઓને આ ધમકી પણ સંભળાવવામાં આવી :–

وَمَنْ عَادَ فَأُولَٰئِكَ اَصْحٰبُ النَّارِ ج هُمْ فِيْهَا خٰلِدُونَ۔ يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِىْ الصَّدَقٰتِ۔

(અર્થ) : ''હવે જે આવું કરશે તે દોઝખી છે તેઓ તેમાં મુદ્દતો સુધી રહેશે. અલ્લાહ વ્યાજને બર્બાદ કરે છે અને ખૈરાતને વધારે છે.''

(હવાલો ઉપર મુજબ)

આ આયતથી મુસ્લિમ દેશોની બેંકોએ સબક લેવો જોઈએ જેઓ વ્યાજને કારોબાર કહે છે. સાથોસાથ આમ દેશોના મુસલમાનોએ પણ સબક લેવો જોઈએ જેઓ શરઈ હાજત વિના વ્યાજમય લોન લેવામાં કશોય ખચકાટ નથી અનુભવતા. આયતે કરીમ حَرَّمَ الرِّبٰوا અને يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا તેના લાગુ થવાના હિસાબે વ્યાજ લેવા તથા આપવા બંને માટે સામાન્ય છે.

હદીષમાં છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

فَمَنْ زَادَ، اَوِاسْتَزَادَ فَقَدْ اَرْبٰى، اَلْاٰخِذُو الْمُعْطِى فِيْهِ سَوَاءٌ۔ ''વધારે આપવું પણ યકીનન વ્યાજ છે અને વધારે લેવું પણ યકીનન વ્યાજ છે. લેનારા અને આપનારા સૌ સમાન છે.''

(સહીહ મુસ્લિમ, પેજ–૨૫, ભાગ–૨, બાબુર્રિબા)

હવે સાથોસાથ કુર્આનના ઉતરાણના સમયની આર્થિક સ્થિતિનું પણ એક ઉપર છલ્લુ અવલોકન કરી લો જેથી આજના સંજોગોમાં એ આયતોનું ફીટ થવું સારી પેઠે જાહેર થઈ જાય.

હુજજતુલ ઈસ્લામ ઈમામ અબૂ બક્ર જસ્સાસ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

والـرَبـاالّـذی کانتِ العرب تعرفُه وتفعله، إنَّـماَ کان قرض الدَّرَا ھم والدّنا نیرإلـیٰ أجـل بـزیـادـۃ علـیٰ مقدارِ مااستقرَض علیٰ مایتراضون فہ---- ھـذاکـان الـمتـعـارف المشهور بینهم----- فَاَبْطَلَ اللّٰهُ تعَالیٰ الرّباالَّذی کانُوا یتعامَلونَ به، وأبطل ضروبًا اُخَرَمِن البیاعات وسمَّاھاربا۔

"અરબવાસીઓ જે ચીજને વ્યાજ સમજતા હતા અને જેને આપસમાં વર્તતા હતા તે કેવળ એ હતું કે દિરહમ (ચાંદીનો રૂપિયો) તથા દીનાર (સોનાનો રૂપિયો) એક નિશ્ચિત સમય સુધી કરજ આપવા અને આપસમાં રાજીખુશીથી તેના પર એક વધારાની રકમ નક્કી કરી લેતા હતા. અરબોમાં આ જ કરજવાળુ વ્યાજ મશ્હૂર હતું. તો અલ્લાહ તબારક વ તઆલાએ તેમના વ્યાજમય કારોબારને બાતિલ ફર્માવી દીધો અને સાથોસાથ ખરીદ વેચાણના કેટલાક પ્રકારોને પણ વ્યાજ ઠરાવીને બાતિલ કરી આપ્યા."

(અહકામુલ કુર્આન, ભાગ–૧, પેજ–૪૬૪, ૪૬૫)

આ ખુલાસો એ વાતને ખૂબ જ સ્પષ્ટ કરી રહ્યો છે કે જાહિલિયતના યુગમાં અથવા "કરને અસ્વદ" (અંધાર્યા યુગ)માં વ્યાજની લેવડ દેવડનું જે આર્થિક બંધારણ રિવાજ પામેલું હતું તે સર્વ કાંઈ આજના "સંસ્કૃત સભ્ય યુગ" તથા "રોશન યુગ"માં ઘણા જ મોટા પાયા પર બેંકોની દુનિયામાં રિવાજ પામેલ છે. તફાવત એ છે કે તે "કાળા

યુગ''માં એ કારોબાર સરમાયાદારોના હાથમાં હતો અને આજે એનું નિયંત્રણ ગવર્નમેન્ટોના હાથોમાં છે. જાહિલિયતના યુગમાં માણસ સામાન્યતઃ ગરીબી તથા મુફલિસીના કારણે વ્યાજની લપેટમાં આવતો હતો અને આજે સભ્યતાના યુગમાં કાનૂનનું દબાણ પણ તેને વ્યાજ લેવામાં મજબૂર કરે છે.

રોશની લાઈ હૈ મંઝિલસે બહોત દૂર હમેં !

કુર્આને હકીમે દુનિયાવાળાઓને સૌ પ્રથમ એ જ વ્યાજખોરીથી રોકયા હતા જેથી આજની બેંકિંગ વ્યાજખોરી પર પણ ખરેખર એનો હુકમ લાગુ થશે. બીજા શબ્દોમાં વ્યાજમય કરજ (લોન) જાહિલિયતના યુગનું હોય કે સભ્યતાના યુગનું તે ગમે તેમ પણ ઈસ્લામમાં હરામ છે અને હરામ રહેશે.

જેમ કે પ્રસ્તાવના ચોથીમાં વર્ણન થયું કે અલ્લાહના હુકમોનું સંબોધન મુસલમાનને છે એટલા માટે ઉલમાના એક તબકાનું મંતવ્ય એ છે કે તેના માલમાં વ્યાજ લાગુ થશે જેથી **મુસલમાનના માટે વ્યાજની શરત પર કોઈ પણ વ્યકિત અથવા પૈસા ધરાવતી સંસ્થા પાસેથી કરજ (લોન) લેવું હલાલ નથી.**

★ ઈન્કમટેક્ષની મજબૂરી ★

આર્થિક વિકાસના ઘણા વસીલા તથા ઝરીયાઓની પ્રાપ્તિ તથા ખરીદારીના સિલસિલામાં ઈન્કમટેક્ષ (**INCOME TAX**)ની કઠિન મુશ્કેલી સામે આવે છે જેનાથી બચવાનો એક માર્ગ બેંકમાંથી વ્યાજમય લોનનું લેવું છે. હવે આપણા માટે ત્રણ રસ્તા છે.

કયાં તો બેંક પાસેથી લોનની મદદ લીધા વિના આપણે આર્થિક વિકાસના ઝરીયા ઉભા કરીએ તો એ ઈન્કમટેક્ષના ચોરસ તથા

ભયાનક ખતરાઓને નિયત્રણ આપવું ગણાશે. જેથી દયાના સાયામાં સામાન્ય માણસ કદી નભી નથી શકતો, બલ્કે સામાન્ય સંજોગોમાં તેની કલ્પના પણ નથી કરી શકાતી. હા ! પાછલા બારણે ભારે લાંચના થકી એનાથી બચવું શકય છે પણ આ કોઈ સુરક્ષિત માર્ગ નથી.

બીજી સ્થિતિ એ છે કે બેંકથી વ્યાજમય લોનની મદદ લઈને ઈન્કમટેક્ષના ખતરાઓથી ચોક્કસપણે સલામતિ મેળવી લેવામાં આવે. આ ઝરીયો આપણી આર્થિક પ્રગતિના માર્ગમાં કોઈ ખાસ અડચણરૂપ થશે નહીં, પરંતુ બીજી બાજુ ઉલમાના એક તબકાની નજીક વ્યાજમય વહેવારમાં પડવાનું થશે.

ત્રીજી સ્થિતિ એ છે કે તંગદસ્ત બનીને આર્થિક વિકાસની ભાગદોડથી અલિપ્ત થઈ જઈએ જેથી આપણી બુરી હાલત ઓર જર્જરીતથી જર્જરીત (નબળી) બનતી જાય અને આપણે અન્યો પાસે હાથ ફેલાવતા થઈને એવા થઈ જઈએ કે આપણે આપણને તેમના રહમો કરમના હવાલે કરી દઈએ.

તમે અમારી આ વાતથી આશ્ચર્યમાં ન પડશો, કેમ કે જો તમામ મુસલમાન આ તંગદસ્તીના પૂતળાં બની જઈએ તો યકીનન ભૌતિક ઝરીયાઓના લેહાઝથી આપણી હૈષિયત શૂન્ય (૦) થી ઉતરતી કક્ષાની થશે જેના પરિણામે શૈક્ષણિક, સંસ્કારિક, રાજનીતિમય ધોરણે ઉતારતાપણુ અનિવાર્ય બનશે. બલ્કે એ નિમ્નતા પોતાની આખરી હદે પહોંચી જશે. તેમ છતાં પણ આપણે અન્યોના તાબા હેઠળ તથા દયા હેઠળ ન હોઈશું તો શું હોઈશું ?! ઈસ્લામ કદી એની ઈજાઝત નથી આપતો.

આ સંજોગોમાં દિમાગી શકિતઓ સખ્ત કશ્મકશ (અશમંજશ)માં

સપડાયેલી છે કે હવે છેવટે કયો મુકિતનો માર્ગ અપનાવીએ ?

ઈસ્લામના નિયમોના અભ્યાસથી એ જાણવા મળે છે કે તે આવા અશમંજશના માહોલમાં પણ પોતાના માનવાવાળાઓને બેસહારા નથી છોડતો, બલ્કે તેમની સાચી રહનુમાઈ કરીને તેમને અણીના સમયે સહારો આપે છે. જેમ કે આ ગુંચવણભર્યા સંજોગોના માટે પણ તેણે આપણા માટે આ માર્ગદર્શક નિયમ બનાવ્યો છે :–

مَنِ ابْتُلِىَ بِبَلِيَّتَيْنِ يختار أهوَنَهُمَا۔ "જે બે બલાઓમાં ઘેરાઈ જાય તો તેમાંથી હલકી તથા ઉતરતી કક્ષાની બલાને અપનાવે."

(અલ ઈશ્બાહુ વન્નઝાઈર, પેજ–૧૧૨)

અને જેવું કે હમણા વર્ણન થઈ ચૂકયું આપણે ત્રણ ત્રણ બલાઓથી ઘેરાયેલા છીએ :–

(૧) ઈન્કમટેક્ષના લગભગ યકીની ખતરાઓ.

(૨) વિવિધ પ્રકારના વ્યાજની ગંદકી.

(૩) આર્થિક પડતી દશા અને અતિશય કક્ષાની શૈક્ષણિક, સંસ્કારિક તથા રાજનીતિમય પડતી.

આ સૌમાં મધ્યમ કક્ષાનો તથા સુરક્ષિત માર્ગ એ છે કે **ઈન્કમટેક્ષથી બચવા માટે બૅંકથી લોન લઈને પોતાની આર્થિક સ્થિતિને મજબૂત બનાવવામાં આવે.** એનાથી ઉલ્ટુ બીજા માર્ગોમાં આ મધ્યમ માર્ગ નથી જોવા મળતો, કેમ કે શરીઅતથી વિરૂધ્ધ વર્તન તો દરેક ઠેકાણે ડાયરેકટ કે ઈન્ડાયરેકટ તો દરેક ઠેકાણ છે જ્યારે કે ઈન્કમટેક્ષ અને તેનાથી સંબંધિત વસ્તુઓના લાગુ થવાના સંજોગોમાં જે આર્થિક નુકસાન થશે અને તંગદસ્તીના પરિણામે જે મુફલિસી આવશે એની

સાથે લોન લેવામાં આવતાં ભરવાના થતા વિવિધ વ્યાજની કોઈ સરખામણી નથી કરી શકાતી. (એટલે કે તે ઓછુ જ હશે.)

પ્રથમ તથા અંતિમ સ્થિતિમાં શરીઅતની વિરૂધ્ધ વર્તન એ રીતે થશે કે તેમને અપનાવવાથી એક રીતે પોતે પોતાને બર્બાદીમાં નાખવું છે, ભલે તે બર્બાદી ગમે તેવા પ્રકારની હોય. અને અલ્લાહ તબારક વ તઆલાનું ફર્માન છે કે : وَلَا تُلْقُوا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ ''અને પોતાના હાથે બર્બાદીમાં ન પડો.'' *(સૂરએ બકરહ–૧૯૫)*

''તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન''માં આ આયતનો ખુલાસો આ પ્રમાણે કરવામાં આવ્યો છે :–

''ખુદાની રાહમાં ખર્ચ કરવાને ત્યજવું પણ બર્બાદીનો સબબ છે અને બિન જરૂરી ફુઝૂલખર્ચી પણ. અને એ રીતે અન્ય ચીજ પણ જે ખતરા તથા બર્બાદીનો સબબ હોય એ સૌથી દૂર રહેવાનો હુકમ છે. ત્યાં સુધી કે હથિયાર વિના જંગના મેદાનમાં જવું અથવા ઝહેર ખાવું અથવા કોઈ રીતે આત્મહત્યા કરવી. ઉલમાએ આ પરથી એ મસ્અલો પણ તારવ્યો છે કે જે શહેરમાં પ્લેગ હોય ત્યાં જવામાં ન આવે, જો કે ત્યાંના લોકોએ ત્યાંથી ભાગવું મના છે.''

અહીંથી જાણવા મળ્યું કે આ આયતે કરીમા બંને ઉપરોકત બલાઓ માટે પણ લાગુ પડે છે.

હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

إنَّ اللّٰهَ كرَه لكم قيل و قال، وكثرة السُّؤال، واضاعة المال۔

''બેશક ! અલ્લાહ તઆલા તમારા માટે મકરૂહ રાખે છે ફુઝૂલ બક બક અને સવાલની અધિકતા અને માલની તબાહી તથા બર્બાદી.''

(સહીહ બુખારી વ સહીહ મુસ્લિમ)

તદ્ ઉપરાંત ઈસ્લામી ફિક્હનો એક નિયમ એ પણ છે કે :–

دَفعُ الرّشوةِ لدفع الظُّلمِ أَمرٌ جائز **"જુલ્મ ટાળવા માટે લાંચ આપવી જાઈઝ છે."** *(અલ હિદાયહ્, પેજ–૨૨૯, ભાગ–૩)*

જેથી ઈન્કમટેક્ષ વગેરેની બલા ટાળવા માટે આ વ્યાજમય કરજ એટલે લૉન (જે વિવિધ પ્રકારની છે) લેવી પણ જાઈઝ થવું જોઈએ કેમ કે એ વ્યાજમય લોનની જેમ લાંચ પણ આપવી, લેવી હરામ છે. (છતાં જુલ્મ ટાળવા લાંચ આપવી જાઈઝ કહ્યું છે.)

આ વિસ્તારપૂર્વક વર્ણનને લક્ષમાં લઈને ઈન્કમટેક્ષના નુકસાન અને તેની બર્બાદીઓથી બચવાની જરૂર તેમજ આ ફાસિદ (ખોટી રીતે) ગુમાન કરવામાં આવેલ ટેક્ષના નિવારણ માટે બેંકથી વ્યાજમય લોન લેવી મારી દ્રષ્ટિએ **જાઈઝ** છે. કેમ કે એ ખરેખર માલને તબાહ થવાથી બચાવે છે. બીજા શબ્દોમાં **સખત નુકસાનથી બચવા માટે ઓછા નુકસાનમાં પડવું છે,** કેમ કે બેંકથી લોન લઈને ઈન્ટરેસ્ટ આપવું પણ આપણા માટે નુકસાનકારક છે અને આપણી દૌલતનો ઘણો બધો હિસ્સો ઈન્કમટેક્ષમાં આપવો પણ નુકસાન છે. પરંતુ ઈન્કમટેક્ષનું નુકસાન સામાન્ય સંજોગોમાં ઈન્ટરેસ્ટના નુકસાનથી વધીને છે **જેથી સખત નુકસાનથી મુક્તિ મેળવવા માટે ઓછા નુકસાનમાં પડવાની ઈજાઝત મળશે.**

ઈશ્બાહમાં છે :–

لوكان احدُهما اعظم ضررًا من الاخر، فان الأشدّ يُزال بالأخَفّ

"બે નુકસાનો હોય, એક સખત બીજુ મામૂલી. તો મામૂલી નુકસાન અપનાવીને સખત નુકસાનને દૂર કરે." *(પેજ–૧૧૧)*

ઈશ્બાહમાં એક બીજા ઠેકાણે છે :–

مَـنِ ابْتُلِـىَ بِبَلِيَّتَيْنِ وَهُمَا مُتَسَاوِ يَّتَانِ ياخُذُ بِاَيَّتِهِمَا شاءَ وَإِ نِ اخْتَـلَفَا يختارُ اَهْوَ نَهُمَا۔

"જે શખ્સ બે મુસીબતોમાં ફસાઈ જાય અને તે બંને એક જ કક્ષાની હોય તો બેમાંથી જેને ચાહે અપનાવી લે. અને જો એક બલા હલકી અને બીજી મોટી હોય તો હલકીને અપનાવે." *(પેજ–૧૧૨)*

પરંતુ જો કોઈ વ્યકિતએ પોતાની ઉણપના કારણે કરજની અદાયગી (લોન ભરપાઈ) કરવામાં એટલુ મોડુ કર્યું કે તેના પર લાગુ થતુ ઈન્ટરેસ્ટ ચક્રવૃધ્ધિ થઈને ઈન્કમટેક્ષની માત્રા કરતાં વધી ગયું તો એ નાજાઈઝ તથા હરામ થઈ ગયું. કેમ કે એ ઓછા નુકસાનને છોડીને સખત નુકસાનને અપનાવવું છે. જેથી કરજદાર માટે અનિવાર્ય છે કે તે શકય હોય ત્યાં સુધી જલ્દીથી જલ્દી કરજ અદા કરી આપે જેથી ઓછામાં ઓછું વ્યાજ અદા કરવું પડે.

વળી **આ ઈજાઝત પણ કેવળ તે જ લોકોના માટે છે જેમને ઈન્કમટેક્ષનો ખતરો હોય** અને જે લોકો આ ખતરાના નુકસાનથી બહાર છે **તેમના માટે ઈજાઝત નથી.**★

★ ઈજારો (ઠેકો) ★

એક સ્થળેથી બીજા સ્થળે રૂપિયા મોકલવા માટે ડ્રાફ્ટ બહાર પાડવો, મુસાફરોની સહૂલતના માટે ટ્રાવેલર્સ ચેકને બહાર પાડવા

★ *બૅંકોથી લોન લેવાના બારામાં આ નાચીઝે જે મંતવ્ય અપનાવ્યું છે તે આ છે. હવે એ જ મંતવ્ય અહલે સુન્નત વ જમાઅતના ફકીહોનું પણ છે. શાબાન મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૧૪ના પ્રારંભમાં "મજલિસે શરઈ"ના ફૈસલ બોર્ડે સર્વ સંમતિથી આ પ્રકરણમાં એ જ ફૈંસલો બહાર પાડયો છે જે આ કિતાબના પ્રારંભના લખાણના (પેજ નં. ૩)માં નકલ થયેલ છે. ફૈસલ બોર્ડના આલિમો આ પ્રમાણે છે :*

વધુ પેજ : પર પર..

અને કિંમતી ચીજોની હિફાઝત માટે ચાર્જની પ્રાપ્તિ વિના શંકાએ જાઈઝ છે. ઈસ્લામે બંને પક્ષોને એની ઈજાઝત આપી છે.

ચાલુ ખાતુ અથવા કરંટ એકાઉન્ટ (*CURRENT ACCOUNT*) પર પોતાના ખાતેદારોને સામાન્યતઃ બેંક કોઈ વ્યાજ નથી આપતી બલ્કે તે પોતાની ખિદમતના બદલામાં બેંક ચાર્જીસ અથવા ઈન્સિડેન્ટલ ચાર્જીસ વસૂલ કરે છે. એ પણ ઈજારાના જ ગૃપમાં સામેલ છે અને તે શરીઅતની રૂએ જાઈઝ તથા દુરુસ્ત છે.

પોસ્ટ ઓફીસોમાં પણ વિવિધ પ્રકારના ઈજારાઓનો રિવાજ છે.

દા.ત. : **(૧)** વી.પી. (**V.P.**) થકી વજની માલની હેરાફેરી.

(૨) કિતાબો, પુસ્તકો વગેરેની રજીસ્ટર ટપાલ

પેજ : ૫૧ નું ચાલુ..

★ *જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમ, હુજ્જતુલ ખલફ, હઝરત અલ્લામા વ મૌલાના મુફતી અખ્તર રઝાખાન અઝહરી દામત બરકાતુહુમુલ કુદસિયહ્, મહોલ્લા સૌદા ગ્રાન, બરૈલી શરીફ.*

★ *ફકીહે મિલ્લત હઝરત મૌલાના મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી* دام ظلہ العالی *મુફતી દારુલ ઉલૂમ ફૈઝુર્રસૂલ–બ્રાઉન શરીફ.*

★ *મુમતાઝુલ ફુક્હા, મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ* دام ظلہ العالی *શૈખુલ હદીષ જામિઆ અશ્રફિયા–મુબારકપુર.*

ફૈસલ બોર્ડના આ મહત્વના ઈજલાસની ચર્ચાઓમાં તથા કરારપત્રોમાં બે અન્ય મહાન શખ્સિયતો પણ સમાન રીતે શરીક રહી, એક તો નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ, ફકીહુન્નફસ હઝરત મૌલાના મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક સાહબ અમજદી دامت برکاتہم العالیہ *અને બીજા ફકીહ મુહક્કિક હઝરત મૌલાના મુફતી કાઝી અબ્દુર્રહીમ સાહબ* دام ظلہ العالی *મુફતી મર્કઝી દારુલ ઈફતા બરૈલી શરીફ અને લાભ પામવાના હેતુથી આ નાચીઝ (લેખક) પણ ઈજલાસમાં હાજર હતો.*

એક જરૂરી ખુલાસો : *આજના જમાનામાં શૈક્ષણિક તથા સંસ્કારિક તથા રાજનૈતિક*

(૩) ટેલીગ્રામ (Telegram) ના થકી સંદેશા પહોંચાડવા.

(૪) રજીસ્ટર્ડ ઈન્શ્યૂરન્સ (વીમા રજીસ્ટર) થકી રકમ મોકલવી.

પેજ : ૫૨ નું ચાલુ..

ક્ષેત્રોમાં અન્ય કૌમોના સાથે ખભે ખભા મિલાવીને ચાલવા અથવા કમસે કમ પોતાનો વકાર (પ્રભાવ) સુરક્ષિત રાખવા માટે આર્થિક મજબૂતી (ECONOMICAL STRENGTH) જરૂરી છે અને એ શરીઅતની રૂએ કોઈ અયબદાર બાબત પણ નથી.

ઈર્શાદે રિસાલત છે : لاباس بالغنٰى لِمَنِ اتّقٰى اللّٰهَ عَزّ و جَلّ۔ "જે શખ્સ અલ્લાહ ﷻ થી ડરે તેના માટે માલદારીમાં કોઈ વાંધો નથી." (મિશ્કાત, ૪૫૧)

ખૈરે કુરૂનના એક મશહૂર ફકીહ હઝરત ઈમામ અબૂ સુફયાન ષૌરી رضی اللہ عنہ ફર્માવે છે :–

كـاَن الـمَـالُ فيـمـا مضـىٰ يُكـرَهُ فـأمـا اليـوم فهوترس المومن۔۔۔ وقـال: لـولاهـذِهِ الـدنانير لَتَمَنْدَلَ بناهؤلاء الملوك۔ وقال: من كان فى يدهِ مـن هـذهِ شئىٌ فليصلحه فانه، زمان ان احتاج كان أولُّ من يبذل دينه۔

"આજથી પહેલાં (રિસાલત તથા સહાબાના યુગમાં) માલને નાપસંદ કરવામાં આવતો હતો. પરંતુ હવે તો માલ મોમિનની ઢાલ છે. જો આજે આ દિરહમ તથા દીનાર આપણી પાસે ન હોત તો આ બાદશાહ આપણને પોતાનો રૂમાલ બનાવી લેત. (એટલે કે પોતાની ઈચ્છાનુસાર આપણો ખોટી રીતે ઉપયોગ કરત) જેની પાસે કેટલાક દિરહમ તથા દીનાર હોય તે તેને વ્યાપાર વગેરેમાં લગાડીને વધારે, કેમ કે આ એવો જમાનો છે કે જો માણસ મોહતાજ થઈ જાય તો તે સૌ પ્રથમ પોતાનો દીન વેચી નાખશે." (મિશ્કાત–૪૫૧, બાબુલ ઈસ્તિહબાબુલ માલ)

આ તાબઈનના યુગના બારામાં ઈમામ ષૌરીના પ્રત્યાઘાત હતા. તો હવે આજના દૌરના માટે તો આ ખયાલ જરૂર ફીટ થશે. એને લક્ષમાં રાખીને અમે આર્થિક પડતીને એક બલામાં ગણત્રી કરેલ છે.

(૫) રૂપિયા મોકલવા માટે મની ઓર્ડર અને તાર મની ઓર્ડર★

અંતિમ પ્રકાર (નં. ૫) સિવાય ઈજારાના તમામ પ્રકારો સર્વ સંમતિથી જાઈઝ તથા હલાલ છે. અને "તાર મની ઓર્ડર"ના બારામાં મતભેદ છે.

નજીકના ભૂતકાળના બે નામ માત્રના કહેવાતા ફકીહો (દેવબંદી)એ પોતાના "ઈજતેહાદ" વડે મની ઓર્ડરને વ્યાજમય કારોબાર માનીને તેને જાઈઝ તથા ગુનોહ ઠરાવી દીધું ! પરંતુ તેમનો "ઈજતેહાદ" મઝહબ ઉસૂલ તથા ફુરૂઅથી અજ્ઞાનતાનું પરિણામ છે, જેને ન બુધ્ધિ સાથે નિસ્બત છે ન ફિકહ સાથે કાંઈ લેવા દેવા !

સહીહ એ છે કે મની ઓર્ડર પણ એક પ્રકારનો જાઈઝ ઈજારો છે અને એમાં વ્યાજમય વહેવારનો જરા સરખો પડછાયો પણ નથી.

આ મસ્અલાની સંપૂર્ણ તેહકીક મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિરહૂની મુબારક કિતાબ "અલ મુના વદુરર....." માં છે. *(ફતાવાએ રઝવિય્યહ્, પેજ–૫૬૩–૬૦૯, ભાગ : ૧૯)*

★ *મની ઓર્ડર તો ખૂબ જ પ્રખ્યાત છે. તાર મની ઓર્ડર (Telegram M.O.) એ છે કે રૂપિયા જલ્દી મોકલવા માટે તાર વડે મની ઓર્ડર મોકલવામાં આવે છે. એના થકી રૂપિયા મોકલવામાં એકસપ્રેસ કે ઓર્ડીનરી તારનો ઉપયોગ કરવામાં આવે છે. રૂપિયા મોકલવાનો એક તરીકો હિંદુસ્તાની પોસ્ટલ ઓર્ડર પણ છે. એ નાની રકમો એક જગાએથી બીજી જગાએ મોકલવા માટે સરળ તથા સુરક્ષિત તરીકો છે.*

–(જદીદ તરીકએ તિજારત વ તન્ઝીમે તિજારત, પેજ–૯૯, ભાગ–૧)

★હૂંડી★ તથા બિલનો વટાવ ★

બેંક એક સાથે સાથે કામ એ પણ છે કે તે હૂંડી અને બિલોને તેમના વટાવના સમયથી પહેલાં વટાવી આપે છે. પરંતુ તેના પર લખેલ રકમમાંથી અમુક પોતે કાપી લે છે. તેહકીક એ છે કે આ કટ થતી રકમ પણ વ્યાજ જ છે. આર્થિક બાબતની એક દર્સી કિતાબ ''અર્થશાસ્ત્રની રૂપરેખા''માં પણ એની ઓળખ એ જ નામથી કરાવવામાં આવેલ છે. જેમ કે એમાં લેખકો લખે છે :–

''બેંકનો વટાવ એક પ્રકારે તેના રૂપિયા પર વ્યાજ છે જે બેંક બિલનો વટાવ કરાવવા માટે બિલને વટાવ થવાના સમયથી પહેલાં જ આપી દે છે.''

(પેજ–૧૭૩, ઈન્ટર મેડિયટની દર્સી કિતાબ ''અર્થશાસ્ત્રકી રૂપરેખા'')

★ **હૂંડી** : *ને ફારસીમાં* ***સોફતાહ*** *અને* ***સુફતજહ*** *કહે છે. આ એક પ્રકારનું લેખિત હુકમનામુ છે જેમાં કરજદાર વ્યકિત કે સંસ્થા અન્ય શહેરની કોઈ બેંક, પેઢી કે વ્યકિતને લખે છે કે તે પત્ર ધરાવનારને આગામી ફલાણી તારીખે આટલા રૂપિયા અદા કરી આપે. અર્થશાસ્ત્રના નિષ્ણાત ડો. મુહમ્મદ આરિફખાને (પ્રો. મુસ્લિમ યુનિવર્સિટી–અલીગઢ) એની વ્યાખ્યા આ શબ્દોમાં દર્શાવી છે :–*

''બિલો સાથે જ મળતી જુલતી અદા કરવાને પાત્ર દસ્તાવેજ હૂંડીઓ પણ હોય છે. હૂંડી હકીકતમાં હિંદુસ્તાની બિલ ઓફ એક્ષચેન્જ છે. જેનો ઉપયોગ હિંદુસ્તાનના મહાજન તથા વેપારી કરે છે. હૂંડી તથા બિલ બંને નિયત સમય હેઠળ અથવા નિશ્ચિત મુદ્દતનાં હોય છે. બંને પર ટિકિટો એક જ પ્રકારની લાગે છે, બંનેવ કમિશનના બદલામાં વટાવી શકાય છે. બંનેની તબદીલી થઈ શકે છે. બંનેમાં મોહલતના દિવસો મળે છે. હૂંડી વિવિધ પ્રકારની હોય છે.''

(જદીદ તરીકાએ તિજારત, ભાગ–૧, પેજ :૭૪૦–૭૪૧)

વધુ પેજ : ૫૬ પર..

અર્થશાસ્ત્રની સ્ટાન્ડર્ડ કિતાબ "જદીદ તરીકએ તિજારત"માં છે :

"બિલ ખરીદવા (વટાવવા)નું કામ બૅંક અને બિલના દલાલ કરે છે. એ બિલની રકમમાંથી અદા કરવાની તારીખથી પહેલાં થોડીક સરખી વ્યાજની રકમ કાપીને બિલના માલિકને રોકડા આપી દે છે અથવા તેના ખાતામાં જમા કરી દે છે. કાપવામાં આવેલી આ રકમ ડિસ્કાઉન્ટ (Discount) કહેવાય છે. બિલને આ રીતે વેચીને હાંસલ કરવાને બિલને વટાવવું કહે છે. કમિશનની રકમ બિલ વટાવ્યાથી અદા કરવાની તારીખ સુધીના સમય પર નિશ્ચિત કરેલ રકમથી કાઢવામાં આવે છે. દા.ત. જો એક બિલ એક હજાર રૂપિયાની રકમનું ત્રણ મહીનાની મુદ્દતનું છે જેને ૪ ટકા વાર્ષિક કમિશનથી વટાવવામાં આવ્યું તો બૅંક ૧૦ રૂ. લઈને ૯૯૦ રૂ. વેપારીને આપી દેશે. એટલે કે એક હજાર રૂપિયા પર ૪ ટકાથી ૪૦ રૂપિયા વરસ ભરનું થશે અને ત્રણ મહીનાનું $\frac{૪૦\times૩}{૧૨}$ = ૧૦ રૂ."

(જદીદ તરીકાએ તિજારત વ તન્ઝીમે તિજારત, પેજ–૭૨૨, ભાગ–૧)

પેજ નં. ૫૫નું ચાલુ..

બિલ : *એની વ્યાખ્યા ડો. મુહમ્મદ આરિફખાને આ પ્રમાણે કરી છે :–*

"બિલ ઓફ એક્ષચેન્જ (BILL OF EXCHANGE)ના થકી રકમ અદા કરવાનો તરીકો વર્તમાન વ્યાપારિક દુનિયામાં ખૂબ જ લોકપ્રિય છે. એક બિલ ઓફ એક્ષચેન્જ એક વ્યકિત અથવા પેઢીનું કોઈ બીજી વ્યકિત અથવા પેઢી પર શરત વિનાનું લેખિત હુકમનામુ હોય છે કે તે લખેલી રકમ એક મુદ્દત પછી અથવા નિયત સમય હેઠળ તેના હુકમના પ્રમાણે કોઈ અન્યને આપી દે.

બિલની વિશિષ્ટતા : *(૧) બિલ લેખિત હોય છે. (૨) બિનશરતી હોય છે. (૩) તેમાં રૂપિયાની અદાયગીનો હુકમ હોય છે. (૪) બિલની રકમ નિશ્ચિત હોય છે. (૫) અદા કરવાની તારીખ નિશ્ચિત હોય છે. (૬) તેમાં બિલ લખનારની સહી હોય છે. (૭) બિલ મંજૂર કરનારને અદા કરવાનો હુકમ આપવામાં આવે છે."*

–(જદીદ તરીકાએ તિજારત વ તન્ઝીમે તિજારત, ભાગ–૧, પેજ–૭૨૫)

અહીં પણ બેંકને વ્યાજ આપવું પડે છે એટલા માટે એ પણ નાજાઈઝ તથા ગુનોહ છે. હુજ્જતુલ ઈસ્લામ ઈમામ અબૂબક્ર જસ્સાસ رحمۃ اللہ علیہએ આ મસ્અલાને દલીલોની સાથે ખૂબ જ ખુલાસાવાર જાહેર કર્યો છે. આપ ફર્માવે છે :–

ألرّجلُ يكون عليه ألف درهم دينٌ مؤجّلٌ فيُصالِحُهٗ منه علىٰ خمس مائةٍ حالّةً فلا يجوز، وقد روىٰ سفيانُ عن حميد عن ميسرة،
قال: سألتُ ابنَ عُمَرَ يكون لى عَلَى الرَّجُل الدين إلىٰ اجلٍ فأقول عَجِّل لى، وأضعُ عنك۔ فقال: هورِبًا۔ ورُوِىَ عن زيد بن ثابت أيضًا النهُى عن ذلك وهو قولُ سعيدبن جبيروا لشعبى والحكم، وهو قولُ أصحابناو عامّةِ الفقهاء ۔۔۔ ومعلومٌ أنّ ربا الجاهلية انّما كان قرضًا مؤجّلًا بزيادةٍ مشروطة فكانتِ الزيادة بدلامِنَ الأَجلِ فَاَبْطَلَهٗ الله تعالىٰ وحرّمه وقال "وَذَرُوْا مَابَقِىَ مِنَ الرِّبٰوا"۔ حَظَرَ أنَّ يُّوجَزَ للأجل عوضٌ، فإذاكانت عليه الف درهم مؤجلة فوضع عنه على أن يُعَجِّلَهٗ فإنّما جَعَلَ الُحَطَّ بحذاء الأجل فكان هذا هو معنى الرِّباالَّذى نصَّ الله تعالىٰ علىٰ تحريمهٖ ولا خلافَ أنَّهٗ لو كان عَلَيهِ الف درهم حالّةً فقال لهٗ: "أجِّلْنِى و اَزيدُك فيها مائة درهمٍ" لايجوز لأنَّ المائة عوض من الأجل۔
كَذٰلك الحطُّ فى معنى الزيادةإذ جَعَلَهٗ عوضًا من الأجل۔ وهذا هوالاصل فى امتناع جواز أخذِ الأبدالِ عن الاٰجالِ۔

''એક શખ્સ પર કોઈનું એક હજાર રૂપિયા નિશ્ચિત સમય પૂરતુ કરજ હોય અને તે (એનાથી ઓછામાં દા.ત.) પાંચસો રૂપિયા રોકડા પર સમાધાન કરે તો એ નાજાઈઝ છે. હઝરત સુફયાન હમીદથી અને તેઓ મૈસરાથી રિવાયત કરે છે કે હઝરત મૈસરા ફર્માવે છે કે મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી પૂછયું કે એક માણસના માથે મારું

કરજ છે જેને અદા કરવાનો એક સમય નિશ્ચિત છે. હું તેને કહું છું કે તમે મને નિશ્ચિત સમય પહેલાં જ કરજ અદા કરી દો તો અમુક રૂપિયા છોડી દઈશ. (તો શું એ જાઈઝ છે ?) તેમણે ફર્માવ્યું કે એ વ્યાજ છે. રસૂલ ﷺના સહાબી હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہથી એને મનાઈ કરતી રિવાયત થઈ છે. એ જ કૌલ સઈદ ઈબ્ને જુબૈર, શઅબી અને હકમ رضی اللہ عنہمનો છે. અને એ જ મઝહબ આપણા હનફી ઈમામો તથા તમામ ફકીહોનો છે.

એ તો સૌને ખબર છે કે જાહિલિયતના જમાનાનું વ્યાજ નિશ્ચિત સમયવાળુ અને નિશ્ચિત વધારાની સાથે રહેતુ હતું. અને આ વધારો નિશ્ચિત સમયનો બદલો રહેતો હતો, તો અલ્લાહ તબારક વ તઆલાએ તેને બાતિલ તથા હરામ ફર્માવી દીધો અને આ ફર્માન બહાર પાડીને કે "જે વ્યાજ બાકી રહી ગયું છે એને છોડી દો." નિશ્ચિત સમયનો કોઈ બદલો લેવાથી મનાઈ ફર્માવી દીધી. તો જ્યારે કોઈ માણસ ઉપર હજાર રૂપિયા નિશ્ચિત સમયે અદા કરવાવાળુ કરજ હોય અને કરજ આપનાર એ શરતે એમાંથી કાંઈક ઓછું કે કરજદાર એને નિશ્ચિત સમય પહેલાં જ અદા કરી દે, તો તેણે આ કમી નિશ્ચિત સમયના લીધે કરી છે. અને એ જ અર્થ એ વ્યાજનો છે જેને અલ્લાહ તઆલાએ સ્પષ્ટ શબ્દોમાં હરામ ઠરાવ્યું છે.

અને આ બાબતમાં કોઈ મતભેદ નથી કે જો કોઈ વ્યકિતના માથે હજાર રૂપિયા રોકડા આપવાના જરૂરી હોય અને તે હકદાર એવું કહે છે તમે અદાયગીના માટે કોઈ નિશ્ચિત સમય નક્કી કરી દો, હું તમને સો રૂપિયા વધારે આપીશ. તો એ (સર્વ સંમતિથી) નાજાઈઝ તથા હરામ છે, કેમ કે આ સો રૂપિયા નિશ્ચિત સમયના બદલામાં છે. આ જ રીતે કરજમાં કમી પણ એક જાતનો વધારો છે કેમ કે એને નિશ્ચિત સમયનો બદલો ઠરાવ્યો છે.(દા.ત. કરજદારે હજાર રૂપિયાના

બદલામાં ૯૦૦ રૂા. જ એડવાન્સમાં અદા કર્યા તો તેને નિશ્ચિત સમયના લીધે ૧૦૦ રૂા. નફાનો વધારો મળી ગયો.) અને આ વાતમાં આ જ મુખ્ય કાયદો છે કે નિશ્ચિત સમયના બદલામાં ચાર્જ લેવો નાજાઈઝ છે." *(તફસીરે અહકામુલ કુર્આન, પેજ : ૪૬૭, ભાગ : ૧)*

બરાબર આ જ સ્થિતિ બેંકના વટાવની પણ છે કે સમયથી પહેલાં બિલ અથવા હૂંડી વટાવવાના બદલામાં લખાણ થયેલી રકમમાંથી કાંઈક કટ કરી લે છે. તો નિઃશંક આ કપાટ કે કટીંગ નિશ્ચિત સમયના બદલામાં છે જેથી એ પણ **વ્યાજ તથા નાજાઈઝ છે.**

★ ચેક તથા પાવતીનું ખરીદ વેચાણ ★

આજકાલ વ્યાપારમાં ઉધારે ખરીદ વેચાણનો એક તરીકો એ રિવાજ પામેલો છે કે ખરીદનાર પોતાના વેચાણ કરનારને રોકડ કિંમત આપવાને બદલે ચેક અથવા પાવતી આપી દે છે જેના પર અદાયગીના માટે આગામી કોઈ તારીખ લખેલી હોય છે. દા.ત. પહેલી નવેમ્બરે લખવામાં આવનાર ચેક અથવા પાવતી પર પહેલી ડિસેમ્બરની તારીખ હોય છે એને આગામી તારીખનો ચેક (**Post dated cheque**) અથવા પાવતી કહે છે. અને વેચનારને તરત અથવા બે ચાર દિવસમાં પૈસાની જરૂરત હોય છે એટલા માટે તે કોઈ એવા માલદાર વેપારીને મળે છે જે આ પ્રકારના ચેક અથવા પાવતી વટાવવાનું કામ કરે છે. તે ચેક કે પાવતી પર લખેલી રકમમાંથી અમુક કટ કરીને બાકીની રકમ અદા કરી આપે છે. આ કપાતનો ભાવ પણ નિશ્ચિત હોય છે. એને લોકો સામાન્ય બોલચાલમાં ચેક અથવા પાવતીનું ખરીદ વેચાણ કહે છે. પણ હકીકત એ છે કે આ ખરીદ વેચાણ નથી બલ્કે કરજની લેણદેણનો એક વહેવાર છે. એ જ કારણ છે કે જો ચેકને બેંક રદ કરી દે અથવા પાવતી લખનાર તેના પર લખેલી રકમ આપવાથી ઈન્કાર

કરી દે તો તે પૂરી રકમ તે વેચનાર પાસેથી વસૂલ કરે છે. દા.ત. એક હજાર રૂપિયાનો ચેક હતો. પાંચ ટકા કપાતના હિસાબથી તેણે પચાસ રૂપિયા કટ કરીને ૯૫૦ રૂા. અદા કર્યા હતા. હવે ચેક અથવા પાવતીના રિટર્ન થવાના સંજોગોમાં તે પૂરા ૧૦૦ રૂા. પાછા લેશે.

ઉઘાડી વાત છે કે તે વ્યકિતએ જો કે નિશ્ચિત મુદ્દતના બદલામાં ચાર્જ વસૂલ કર્યો. બીજા શબ્દોમાં કરજથી શરત મુજબનો નફો હાંસલ કર્યો. એટલા માટે હૂંડી તથા બિલના વટાવની જેમ આ મામલો પણ વ્યાજથી ખરડાયેલ અને હરામ તથા ગુનોહ છે. અલબત્ત જે ગૈર મુસ્લિમ, ઝિમ્મી કે મુસ્તામિન ન હોય તેનો ચેક કે પાવતી વટાવવી જાઈઝ થશે કે તે ઈસ્લામી હુકમોના પાબંદ નથી.

★ જાઈઝનો માર્ગ ★

જો સમયથી પહેલાં હૂંડી, ચેક કે પાવતીને વટાવવી જરૂરી જ હોય તો વટાવતી વખતે હૂંડી ધરાવનાર ખુલાસો કરી આપે કે મેં આ બિલ કે હૂંડી આટલા રૂપિયામાં વેચી અને રૂપિયા એટલા જ બતાવે જેટલા તેને બેંકના થકી વસૂલ થશે. આ રીતે આ અદલા બદલી જાઈઝ થશે.

રહી ગઈ એ વાત કે એ તો મામૂલી કાગળનું મોટી રકમના બદલામાં વેચાણ થયું ! તો શરીઅતની રૂએ એમાં કોઈ વાંધો નથી. શરીઅતે બંને પક્ષોની આપસમાં રાજીખુશીથી નક્કી કરેલ કિંમતના બદલામાં વેચાણને તદ્દન જાઈઝ ઠરાવેલ છે.

જેમ કે ઈર્શાદે બારી છે : اِلَّا اَنْ يَّكُوْنَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ

ફત્હુલ કદીરમાં છે : لوباع كاغذةً بألف يجوز ولايكره ـ اهـ ''જો કાગળનો કોઈ ટુકડો હજાર રૂપિયામાં વેચ્યો તો વિના કરાહત જાઈઝ છે.'' *(ફત્હુલ કદીર, ભાગ–૧, પેજ–૨૨)*

★ ઈસ્લામી બેંક ★

વર્તમાનકાળમાં જ્યારે કે બેંક વહેવારની પ્રગતિનો સૂર્ય મધ્યાન્હે પહોંચી ચૂકયો છે, તેના મહાન ફાયદા તથા મહત્વતાથી ઈન્કાર નથી થઈ શકતો. આજે કેટલાયે દેશો છે જેઓ માલ તથા દૌલતના પુષ્કળ ઝખીરા અઝીમુશ્શાન બેંકોના સહારે ભેગા કરીને સંશોધનો તથા શોધખોળોમાં તેને વાપરી કમાલ પેદા કરીને સુપર પાવર (**Super Power**) મહાસત્તા બની ચૂકેલ છે. અને દુનિયાના સૌથી શ્રીમંત દેશોમાં તેમની ગણના થાય છે. જો તેના ભીતરમાં ઝાંકવામાં આવે તો ત્યાં અધિકતર આપણી જ દૌલત કામે લાગેલી જોવા મળશે ! અને મેહસૂસ થશે કે તે આપણા જ રિયાલ છે ! જેના બળ હેઠળ તેઓ આજે દૌલતની દુનિયામાં સૌથી ઉચ્ચ જોવા મળે છે. જો આપણે બુધ્ધિ તથા સમજને કામે લગાડીને આપણી દૌલતોના ખજાનાઓ આપણા કબજામાં કરી લઈએ તો તેનાથી આપણો સૌથી મહાન ફાયદો તો એ થશે કે અર્થતંત્રની દુનિયામાં આપણું પણ એક સ્થાન તથા સ્ટેટસ બને. અને તેના થકી મઝહબ તથા મિલ્લતની પ્રગતિ તથા મજબૂતીના નોંધપાત્ર કારનામાંઓ અંજામ આપી શકાય. (ઈન્શાઅલ્લાહુ તઆલા) અને બીજો મહાન ફાયદો એ થશે કે વ્યાજમય ગંદકીથી આપણો દામન દાગદાર થશે નહીં.

આજે ડગલે ને પગલે બેંકોની સોસાયટીમાં જે આપણે વ્યાજ જેવા ગુનાનું મને કમને સ્વાગત કરવું પડે છે એનું મુખ્ય કારણ એ છે કે બેંકીંગ વ્યવસ્થા આપણા હાથોમાં નથી. એટલા માટે સખ્ત જરૂરત છે કે મુસલમાનો આ દિશામાં પણ ધ્યાન કરે અને ઠેક ઠેકાણે આવાં નાણા જમા કરતી સંસ્થાઓ સ્થાપે જેના પાયા "ઈસ્લામી ઉસૂલો"

પર રાખવામાં આવ્યા હોય, તે "વ્યાજ" અને તેના જેવા અન્ય નાજાઈઝ વ્યાપારથી સંપૂર્ણપણે પાક હોય.

ઈસ્લામ ધર્મના અર્થતંત્ર વિશેના દ્રષ્ટિકોણના અભ્યાસથી જાહેર થાય છે કે ઈસ્લામે ઘણા બધા એવા વ્યાપારની ઈજાઝત આપી છે કે તેના પર ચાલીને કામયાબીની સાથે ઈસ્લામી બૅંક ચલાવી શકાય છે. હું અહીં કેવળ તે વ્યાપારની યાદી રજુ કરું છું :–

(૦૧) બયએ મોઅજ્જલ (સામાન રોકડો કિંમત ઉધાર)

(૦૨) બયએ મુરાબિહા (પડતર પર નિશ્ચિત નફા સાથે વેચાણ)

(૦૩) બયએ ઈયના (કરજથી મરજી પ્રમાણેના નફાની પ્રાપ્તિનો જાઈઝ મામલો)

(૦૪) મુઝારેબત (એક તરફથી કિંમત, બીજી તરફથી કામ અને નફામાં ટકાવારીના હિસાબે કરાર પ્રમાણે ભાગીદારી)

(૦૫) શિર્કતે મુફાવેઝા (લેખિત સોદો)

(૦૬) શિર્કતે અનાન

(૦૭) ઈજારો (ભાડેથી જરૂરી ચીજની પ્રાપ્તિ)

(૦૮) કર્ઝે હસન (વ્યાજમુકત લોન) પર લખાણ કરવાની મજૂરીની વસૂલાત

(૦૯) હોસ્પિટલોની સ્થાપ્ના

(૧૦) પોતાનો લાભ જોયા વિના બખ્શિશ આપવું વગેરે.

અપને હાથસે બના તૂ ભી કોઈ કસ્રે અઝીમ
ચશ્મે હૈરતસે કિસી મહલકી તઅમીર ન દેખ

✦✦✦

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

જાન તથા માલનો વીમો અને તેની શરઈ હૈસિયત

માલનો ગૈર ઈખ્તિયારી (અસ્વૈચ્છિક) વીમો જાઈઝ છે, અને ઈખ્તિયારી (સ્વૈચ્છિક, મરજીયાત) વીમો સામાન્ય સંજોગોમાં નાજાઈઝ છે અને અમુક સંજોગોમાં જાઈઝ હોવાનો હુકમ છે. જીવન વીમો બે શરતોની સાથે જાઈઝ છે : એક તો એ કે માસિક અથવા ત્રિ માસિક અથવા છ માસિક અથવા વાર્ષિક જેટલા રૂપિયાના હપ્તા સરળતાપૂર્વક જમા કરી શકે છે તેનાથી વધુ રૂપિયાના હપ્તાની પોલીસી ન લે, બલ્કે સાવચેતી એમાં છે કે એનાથી ઓછાના જ હપ્તા લે. બીજી શરત એ છે કે પાબંદી સાથે ત્રણ વરસના સર્વ હપ્તા અદા કરી આપે, એમાં સુસ્તી ન કરે અને ન કોઈ હપ્તો છોડી આપે. હવે એની વિગતે ચર્ચા વાંચો.

★ જીવન વીમાનો હુકમ ★

જીવીન વીમો બેંકોના કરન્ટ જમા ખાતા (C.D.A. ડિપોઝિટ એકાઉન્ટ)ના સમાન છે. અહીં વ્યાજને બદલે બોનસના નામથી નફો મળે છે. પરંતુ શરીઅતની રૂએ હકીકત બંનેની એક છે કે બંનેવ કરજનો નફો છે જેથી ઉપરોક્ત વિગતના પ્રમાણે અહીં પણ વધારાની રકમ મુબાહ છે તથા તેને લેવું જાઈઝ હોવું જોઈએ.

અલ્બત્ત 'કરજ'નો આ મામલો 'કરંટ એકાઉન્ટ'થી મળતાપણાના સાથોસાથ જૂગાર તથા ધોકા પર પણ આધારિત છે જે 'જીવન વીમા'ની પૂરી મુદ્દતને ઘેરી વળેલ છે. પણ આ જૂગાર પોતાના નફાકારક તથા નુકસાનકર્તા હોવાના લેહાઝથી વીમાને બે ભાગોમાં વહેંચી કાઢે છે.

એક : પ્રારંભિક ત્રણ વરસોની મુદ્દત

બીજુ : તેના પછીની મુદ્દત

વીમાના શરૂના ત્રણ વરસોનો સમય ઘણી જ ઉમ્મીદ તથા આશાના ખેંચતાણોનો સમય હોય છે. જો કોઈ કારણે ત્રણ વરસો પહેલાં જ હપ્તાની અદાયગી અટકી પડી અને આવતાં પાંચ વરસોની મુદ્દતની અંદર બાકી રહેતી રકમ એક સાથે વધારે સાથે જમા ન થઈ શકી તો સર્વ જમા કરેલી રકમ ઝપ્ત થઈ જશે, અને વીમાધારક (**Policy Holder**) ડર તથા આશાના ભયંકર અંધકારમાંથી નીકળવાને બદલે યક઼ીની મેહરૂમીના એવા ઘટાટોપ અંધકારમાં ફસાઈને રહી જશે જ્યાંથી કદી આશાનું કિરણ પ્રગટશે નહીં. હા ! જો એ સમયગાળો ખૈર ખૂબીની સાથે ગુજરી ગયો અને ત્રણ વરસના સર્વ હપ્તા અદા થઈ ગયા તો હવે વંચિત રહેવાનો ભય તથા ધોકાનો અવકાશ ન રહ્યો, અને ભવિષ્ય કાંઈક એ પ્રમાણે પ્રકાશિત થઈ ગયું કે મૂડી વધારા (બોનસ) સાથે જરૂર મળશે. હવે અહીં જૂગાર કેવળ નફા તથા વધારાના વધ ઘટ સુધી મર્યાદિત છે કે વીમાધારક જો સદ્‌નસીબે વીમાની મુદ્દતથી પહેલાં જ મૃત્યુ પામે તો નફો વધુ મળશે, નહીં તો ઓછો, પરંતુ નફો ગમે તે સ્થિતિમાં મળશે. એટલા માટે **જીવન વીમો જાઈઝ હોવું એ શરતની સાથે અવલંબિત છે કે વીમો ઉતરવાનારને પોતાની આવક તથા હાજર માલ મત્તાને લક્ષમાં લેતાં પાકુ ગુમાન હોય કે તે પ્રારંભિક ત્રણ વરસના હપ્તા અદા કરી લેશે.** ફક઼ીહુલ્ ઉમ્મત સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલી ક઼ાદરી رحمة الله عليهના એક સંક્ષિપ્ત ફત્વામાં પણ આ શરતની ઝલક જોવા મળે છે.

આપનાથી સવાલ થયો, "**જીવન વીમો કરાવવું જાઈઝ છે કે**

નથી ?" તો આપે એનો જવાબ આપ્યો :–

"જો કંપનીઓ ખાસ કાફિરોની હોય તો વીમો કરાવવામાં કોઈ વાંધો નથી, જ્યારે કે મુસ્લિમનું નુકસાન ન થાય. અને તેને વ્યાજ કે જૂગાર કહીને હરામ ઠરાવવું સહીહ નથી, જેમ કે સવાલ નં. ૧ના જવાબમાં જાહેર છે." *(બૅંક કે મુનાફેકા શરઈ હુકમ)*

શંકાઓનું નિવારણ : શક્ય છે કે કોઈના દિલમાં એવી શંકા પેદા થાય કે માલને આવતાં જતાં તથા માણસના બનતાં બગાડતાં વાર નથી લાગતી, શક્ય છે કે એક માણસ અબજપતિ હોય અને થોડાક જ કલાકોમાં ભીખારી થઈ જાય. المال غادٍ ورائح એટલા માટે માલ મત્તાના બારામાં અધિક્તર ગુમાનનો એતબાર રેતીનો મહેલ ચણવાના સમાન છે.

પરંતુ ફિક્હની કિતાબોના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે માલ મત્તાના સંબંધે પાકા ગુમાનનો એતબાર થશે, અને અબજોપતિનું થોડાક કલાકોમાં ભીખારી થઈ જવું સમાન્યતઃ એકદમ શક્ય નથી, જે અસલ હુકમને પ્રભાવિત કરશે નહીં.

સમાન્યતઃ ફિક્હની કિતાબોમાં 'બયએ સલમ'[૧]ના પ્રકરણમાં સલમની સેહત (સહીહ હોવા)ની એક પાયાની શરત એ વર્ણવવામાં આવી છે કે સોદાના સમયથી અદા થવાના સમય સુધી મુસ્લમફી એટલે ખરીદેલ વસ્તુનું સતત મળતા રહેવું જરૂરી છે, જો આ મુદ્દતમાં કદી પણ ન મળે એવું થયું તો સલમ ફાસિદ થઈ જશે. વળી એ શરત પર આનાથી મળતી જુલતી આ વાત પણ કરવામાં આવેલ છે કે જો કોઈ ખાસ આબાદીમાં અથવા નિશ્ચિત બાગોના ઘઉંઓ, અનાજ અથવા ફળની બયએ સલમ થઈ તો ખરીદ વેચાણ નાજાઈઝ, કેમ કે

શક્ય છે કે નિશ્ચિત બાગ અથવા આબાદીનાં ફળ અથવા અનાજ કુદરતી આફત વગેરેથી તબાહ તથા બર્બાદ થઈ જાય અને આ અવકાશ અહીં અધિક છે, પરંતુ જો કોઈ રાજ્ય કે જિલ્લાના અનાજ તથા ફળનું સલમ થાય અથવા ખાસ બાગ તથા આબાદીનો ઉલ્લેખ આબાદીની ખૂબીના માટે હોય તો સલમ જાઈઝ થશે, કેમ કે અહીં એ અધિક્તર ગુમાન છે કે મોટા શહેર અથવા રાજ્ય અથવા ખાસ ખૂબીવાળાં તમામ ફળ તથા અનાજ નાબૂદ અથવા તબાહ થશે નહીં, બલ્કે મળતાં રહેશે. મલિકુલ ઉલમા ઈમામ અલાઉદ્દીન અબૂબક્ર બિન મસ્ઊદ કાશાની رحمۃاللہعلیہ એ આ મસ્અલાને આ શબ્દોમાં વર્ણવ્યો છે. લખે છે :–

وعلىٰ هذا يخرج ما إذا أسلم فى حنطة موضع أنه إن كان مما لا يتوهم انقطاع طعامه جاز السلم فيه، كما إذا أسلم فى حنطة خراسان، أو العراق، أو فرغانه لأن كل واحد منها إسم لولاية۔ فلا يتوهم انقطاع طعامها۔ وكذا إذا أسلم فى طعام بلدة كبيرة كسمر قند و بخارىٰ أو كاشان جاز۔ لأنه لا ينفد طعام هذه البلاد إلاعلى سبيل الندرة و النادر ملحق بالعدم۔

"ઉપરોક્ત બંધારણ પર એ તારણ કરવામાં આવે છે કે કોઈખાસ જગાના ઘઉંની બયએ સલમ થઈ તો જો ત્યાંના અનાજનું ખત્મ અથવા નાબૂદ થઈ જવું વિચારવા પાત્ર પણ ન હોય તો ત્યાં સલમ સહીહ થશે. જેમ કે ખુરાસાન, ઈરાક અથવા ફરગાનાના અનાજમાં ખરીદ વેચાણ થયું તો એ સહીહ થશે, કેમ કે એમાંથી દરેક સલ્તનતનાં નામ છે, જેથી એક સલ્તનતના અનાજનું ખત્મ થઈ જવું સંભવ નથી. એ જ પ્રમાણે જ્યારે કોઈ મોટા શહેર જેમ કે સમરકંદ તથા બુખારા

અથવા કાશાનના અનાજમાં સલમ થયું તો એ પણ દુરુસ્ત છે, કેમ કે એ શહેરોનું સર્વ અનાજ ખતમ થઈ જવું એકદમ એક દુર્લભ બાબત છે અને દુર્લભ બાબત ન હોવાના દરજામાં હોય છે. *(બદાએ ઉસ્સનાએઅ્ ફી તરતીબુશ્શરાએઅ્, ૫/૨૧૧, કિતાબુલ બુયૂઅ્)*

પછી બે લીટીઓ બાદ આ મસ્અલાની સ્પષ્ટતા આ પ્રમાણે કરે છે :–

والصَّحيح أن الموضع المضافَ إليه الطعامُ إن كان ممّالا ينفدُ طعامهٗ غالبًا يجوز السَّلمُ فيه سواء كان ولاية، أوبلدة كبيرة لِأنّ الغالب فى أحكام الشرع مُلحقٌ بالمتيقّن۔ وإن كان ممايحتمل أن ينقطع طعامهٗ

فلا يجوز فيه السّلم كأرضٍ بعينها، أو قريةٍ بعينها، لأنّهٗ إذا احتمل الإ نقطاع لاعلىٰ سبيل النّدرَةِ لاتثبت القدرة على التسليم، لما ذكرناأنّهٗ لا قدرةله الحال، لأنَّهٗ بيع المفاليس وفى ثبوت القدرة عند مَحِلّ الأجَلِ شكّاً لاحتمال الإ نقطاع فلا تثبت القدرة مع الشك۔ وقدورَدَ أَنَّ زيد بن شعبة لمّا اراد أن يّسلم إلى رسول اللّٰه صلى الله عليه وسلم، قال: أسلِمُ إليك فى تمرنخلةٍ بعينها ؟ فقال عليه الصَّلاة والسَّلام:

اما فى تمر نخلة بعينها، فلا۔

"સહીહ એ છે કે જે જગાના અનાજમાં સલમ થયેલ છે જો ત્યાંનું અનાજ સામાન્યતઃ ખત્મ નથી થતું તો ત્યાં સલમ સહીહ છે ચાહે તે જગા કોઈ સલ્તનત હોય કે મોટુ શહેર, કેમ કે શરીઅતના હુકમોમાં લગભગ શક્યતા યક઼ીનના દરજામાં હોય છે. અને જો એ સંભવ હોય કે ત્યાંનું અનાજ ખત્મ થઈ જશે, દા.ત. કોઈ નિશ્ચિત જમીન કે આબાદીના અનાજના ખત્મ થઈ જવાની સંભાવના અધિક હોય છે,

દુર્લભ નથી, તો ખરીદેલ વસ્તુ સુપ્રત કરવા ઉપર શક્તિ ન થઈ, એ એટલા માટે કે જેવું કે અમે વર્ણન કરી ચૂક્યા. એ મુફલિસોનું ખરીદ વેચાણ છે અને તેને હાલમાં ખરીદેલ વસ્તુ સુપરત કરવાની ક્ષમતા નથી. અને અનાજ ખત્મ થઈ જવાની સંભાવનાના કારણે અદાયગીના સમયે પણ ખરીદેલ વસ્તુ સુપ્રત કરવાની ક્ષમતા શંકાસ્પદ છે, જેથી શક્તિ સાથે કુદરત સાબિત થશે નહીં. હદીષે પાકમાં આવેલ છે કે હઝરત ઝૈદ બિન શુઅબા رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સલમ કરવા ચાહ્યું તો પૂછયું કે એક નિશ્ચિત બાગના ખજૂરમાં સલમ કરું ? તો સરકાર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, નહીં.

(બદાએઉસ્સનાએઅ્ ફી તરતીબિશ્શરાએઅ્, ૫/૨૧૧, ૨૧૨, કિતાબુલ્ બુયૂઅ)

હિદાયાના કર્તા ફર્માવે છે :–

ولـو كانت النسبة إلـىٰ قرية الـصفة لا بأس به علىٰ ماقالوا كالخشمر انى ببجارا و البساخى بفرغانة۔

''કોઈ ખાસ આબાદીની પ્રતિ અનાજની નિસ્બત જો સિફતના બયાન (ખૂબીના વર્ણન) માટે હોય તો જેવું કે મશાઈખે ફર્માવ્યું, એમાં કાંઈ વાંધો નથી જેમ કે બુખારાના ખુશ્મરાની અને ફરગાનાના બિસાખી ઘઉં.'' *(હિદાયહ્, ૩/૭૯, કિતાબુલ બુયૂઅ્)*

આ લખાણોથી એ બાબત ઉઘાડી થઈને સામે આવે છે કે માલ મત્તાની બાબતમાં પણ પાકા ગુમાનનો એતબાર થશે, જેથી જો કોઈએ ત્રણ વરસના માટે ઘઉંનો બયએ સલમ કર્યો અને ઈલાકો એવો હોય કે ત્યાં ત્રણ વરસો સુધી સતત ઘઉં પ્રાપ્તિનું અધિક ગુમાન હોય તો ખરીદ વેચાણ સહીહ થશે.

એ જ પ્રમાણે જીવન વીમામાં પણ ત્રણ વરસોના હપ્તાની

અદાયગીનું અધિક્તર ગુમાન હોય તો વીમો જાઈઝ હોવાનો હુકમ થશે.

અહીં એ શંકા ન કરવામાં આવે કે બયએ સલમમાં અધિક્તર ગુમાનનો એતબાર એટલા માટે છે કે ખુદા ન ખ્વાસ્તા જો કદી મુસ્લમ ફીહના નાબૂદ અથવા તબાહ થઈ જવાના સંજોગોમાં સોદો ફાસિદ થઈ જશે. તો ખરીદનારને તેની પૂરી કિંમત પરત મળશે, એવું નથી કે તેની ચૂકવી આપેલી કિંમત ઝપ્ત થઈ જશે. પરંતુ જીવન વીમામાં હપ્તાઓની અદાયગી ન થવી ભલે દુર્લભ જ હોય પણ સંપૂર્ણ વંચિતતાનો પયગામ લાવે છે અને વીમાધારકને જમા થયેલ રકમમાંથી એક પૈસો પણ પાછો નથી મળતો.

આ શંકા એટલા માટે ન કરવામાં આવે કે સલમના પ્રકરણમાં પણ સંપૂર્ણ વંચિતતાની શક્યતા એ રીતે છે કે સલમ રૂપે વેચનાર ગરીબાઈની હાલતમાં મૃત્યુ પામે તો ખરીદનારને કાંઈ મળશે નહીં. અને જો મુફલિસીની હાલતમાં મૃત્યુ દુર્લભ છે તો માલ પ્રાપ્તિનું અધિક્તર ગુમાન હોવાની સ્થિતિમાં હપ્તા ન ભરાવું પણ દુર્લભ છે, કદાચ જ ક્યારેક એવું થતું હોય કે વીમાધારકનું દેવાળુ નીકળી જવાને કારણે તે હપ્તા ભરવા મૌકૂફ થતા હોય.

અહીં એ શંકા પણ લાગુ ન થશે કે સલમ રૂપે ખરીદ વેચાણ ક઼યાસ વિરુદ્ધ શરીઅત મુજબ છે એટલા માટે વીમો જાઈઝ થવા માટે એનો સહારો નથી લઈ શકાતો કેમ કે સલમ ક઼યાસી હોય અથવા ગૈર કયાસી, એના પર વીમાના મસ્અલાનો આધાર નથી. આધાર તો એ વાત પર છે કે ફિક઼્હના ક્ષેત્રમાં અધિક્તર ગુમાન તથા પુષ્કળ શક્યતાનો એતબાર છે અને ઉપરોક્ત મસ્અલાથી એ સાબિત સારી પેઠે પ્રાપ્ત થઈ રહી છે કે આ ક઼ાયદો માલ મત્તાના બાબતમાં પણ

લાગુ પડશે. તો અહીં સલમ પર કયાસ તો દૂર રહ્યું મુદ્દલે કયાસ જ નથી, બલ્કે એક મૂળ કાયદા પર ચર્ચા હેઠળના મસ્અલાને સાબિત કરવું છે.

સારાંશ કે ત્રણ વરસોના હપ્તાની અદાયગીનું અધિક્તર ગુમાન હોય તો જીવન વીમાની ઈજાઝત છે. અને જે શખ્સ શક્તિશાળી હોય અને એ જોઈએ કે જીવન વીમા કોર્પોરેશનમાં અરજી કરીને ત્રણ વરસના હપ્તા એક સામટા ભરી આપે જેથી એના માટે વંચિત રહેવાનો કોઈ અંદેશો જ ન રહે.

મસ્લેહતો : જીવન વીમાની ઈજાઝત આપવામાં એ મસ્લેહત પણ દૃષ્ટિ સમક્ષ છે કે જીવન વીમા થકી વિવિધ પ્રકારના ટેક્સો દા.ત. ઈન્કમ ટેક્સ, સંપત્તિવેરો, ભેટવેરો વગેરેમાં ઘણી બધી છૂટછાટ થશે. જેમ કે Agent Manual Life Insurance Corporation of Indiaમાં એની સ્પષ્ટતા છે.

તેમજ આ એક હદ સુધી મુસ્લિમોને તબાહ કરનાર કોમી તોફાનોમાં આર્થિક રક્ષા અથવા વારસામાં વધારાનો ઝરીયો થશે. અને શક્ય છે કે એના થકી તોફાનોમાં કાંઈક કમી આવે, તો મસ્લેહતોને લક્ષમાં રાખીને તથા તોફાનોને દૂર કરવાના માટે નફાના અધિક્તર ગુમાનની સ્થિતિમાં જીવન વીમો જાઈઝ છે.

★ માલના વીમાનો હુકમ ★

માલના વીમામાં દુકાનો તથા ટ્રાન્સપોર્ટિંગના સાધનો ટ્રક, બસ, ટ્રેકટર, મોટર સાયકલ, કાર, ટેક્સી વગેરે સામેલ છે. એમનામાં ગાડીઓના વીમાને કેમ કે ગવર્નમેન્ટ તરફથી અનિવાર્ય કરી દેવામાં આવેલ છે જેનો ન કરનાર પર બેઈજ્જતી તેમજ આર્થિક દંડનો સામનો કરવો પડે છે, જેથી જ્યાં એવી સ્થિતિ છે ત્યાં મજબૂરીની

બિના પર ગાડીઓનો વીમો કરાવવાની ઈજાઝત રહેશે.

હા ! તે સંવેદનશીલ ઈલાકા જ્યાં કોમી તોફાનો થયાં અને આગળ ક્યારે પણ થઈ શકે છે જેમ કે એ જ હિંદુસ્તાની આબાદીઓની કિ઼સ્મત છે ત્યાંના રહેવાસીઓ પોતાની રીતે ફૈસલો કરી લે. જો સંજોગો અને સ્થિતિઓને લક્ષમાં લેતાં તેમને સંતોષ થઈ જાય કે તેમને જનરલ ઈન્સ્યૂરન્સના લીધે પૂરા તાવાન (જુર્માના)ની રકમ વસૂલ થઈ ગઈ. એવી જગ્યાએ જનરલ ઈન્સ્યુરન્સ લેવાની ઈજાઝત રહેશે.

મેડિક્લેમ Mediclaim ઈન્સ્યૂરન્સનો હુકમ

આજના સમયમાં મેડિકલેમ વીમા ઈન્સ્યૂરન્સ જાઈઝ છે કે નહીં ? વિગતો આ પ્રમાણે છે :–

જ્યારે માણસ બીમાર થાય છે તો તેને તપાસ અને ઈલાજની જરૂરત પડે છે અને ઈલાજ પૂર્ણ થયા બાદ જ્યારે માણસ હોસ્પિટલથી બહાર આવે છે તો બીલ ચૂકવવું ભારે પડી જાય છે. જે લોકો હૈસિયત ધરાવે છે તેઓ તો બીલ ચૂકવી દે છે અને જેમની પરિસ્થિતિ નથી હોતી તેઓ ચૂકવી શકતા નથી, લોકોના દરવાજે ભટકતા ફરે છે, બીજાઓ દ્વારા કરજ અથવા મદદની જરૂરત અનુભવે છે, તો તે વીમો જે મેડિકલેમ ઈન્સ્યૂરન્સના રૂપે વાર્ષિક આઠ હજાર રૂપિયા ફેમિલી દીઠ જમા કરે છે. હવે વ્યક્તિ ક્યારે બીમાર થાય છે તે તો કોઈને ખબર નથી, તો આ સ્થિતિમાં બીમારનો ૮૦ ટકા ખર્ચ કંપની ભરી આપે છે. આ રીતે મેડિકલેમ વીમો કરાવવો જાઈઝ છે કે નહીં ?

★ મેડિકલેમ (Mediclaim) ઈન્સ્યૂરન્સ વિષે જાણકારી ★

તેની વધુ માહિતી આ પ્રમાણે છે :–

૧. કોઈ પણ ઈન્સ્યૂરન્સ કંપની જે વ્યક્તિ પહેલાથી જ કોઈ બીમારીમાં સપડાયેલો હોય તેને મેડિકલેમ ઈન્સ્યૂરન્સ નથી આપતી.

૨. મેડિકલેમ ઈન્સ્યૂરન્સ વય પ્રમાણે આપવામાં આવે છે, જેમ કે ૩૫ વર્ષની અંદર છે તો કંપની તેની (વ્યક્તિની) તપાસ નથી કરતી

અને જો પાંત્રીસ વર્ષની ઉપર છે તો કંપની તેનાં લોહી, પેશાબ ચેક કરે છે કે તે કોઈ બીમારીમાં સપડાયેલો છે કે નહીં.

૩. મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જેમ કે વધુતાવ, મલેરિયા, ટાઈફોઈડ, જેન્ડીસ, હાર્ટ અને બીજી બધીય નાની મોટી બીમારીઓનો ઈલાજ કરવામાં આવે. જે મેડિકલેમ ઈન્સ્યૂરન્સની નક્કી કરેલ રકમ પ્રમાણે હોય, જેમ કે બે થી અઢી લાખ રૂપિયા સુધી.

૪. મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જો અઢી લાખ રૂપિયાનું લેવામાં આવે તો પતિ પત્ની જેમની ઉંમર લગભગ પાંત્રીસ વર્ષ હોય અને બે બાળકો જેમની વય ૧૮ વર્ષની અંદર હોય, તો ઈન્સ્યૂરન્સની વાર્ષિક ફી લગભગ દસ હજાર રૂપિયા હોય છે. મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જો અઢી લાખ રૂપિયાનું લેવામાં આવે તો તેમાં કોઈપણ બીમારીના ઈલાજ માટે સવા બે લાખ (સુધીનો) ખર્ચ ઈન્સ્યૂરન્સ કંપની આપશે. જો બે બાળકોથી વધુ (જેમ કે ત્રણ, ચાર કે પાંચ) હોય તો તે હિસાબે ફી ની રકમ પણ વધશે.

૫. જો કોઈ મેમ્બરનું એક્સિડન્ટ થઈ જાય તો તેના ઈલાજનો ખર્ચ કંપની અઢી લાખ સુધી આપશે. આ ખર્ચ જરૂરત પડવા પર કંપની વર્ષમાં એક જ વાર આપે છે.

૬. પ્રથમ વર્ષે જો મેડિકલેમ ઈન્સ્યૂરન્સ અઢી લાખનું લેવામાં આવે તો વાર્ષિક ફી દસ હજાર જમા કરવી પડે છે. જો કોઈપણ મેમ્બર એક વર્ષમાં બીમાર ન થશે તો બીજા વર્ષે પણ દસ હજાર જમા કરાવવી પડશે, જેમાં ઈન્સ્યૂરન્સ અઢી લાખને બદલે પોણા ત્રણ લાખ થઈ જાય છે, એવી જ રીતે બીજા વર્ષે પણ કોઈ બીમાર ન થયું તો ત્રીજા વર્ષે પણ ફી ની રકમ જમા કરાવવી પડશે. જો ત્રીજા વર્ષે પણ કોઈ

બીમાર ન થયું તો ચોથા વર્ષની વાર્ષિક ફીમાં કંપની ૧૫ ટકા છૂટ આપે છે, જેથી વાર્ષિક ફી ની રકમ સાડા આઠ હજાર થઈ જાય છે. અને ઈન્સ્યૂરન્સ ચોથા વર્ષથી ત્રણ લાખનું રહે છે.

૭. મેડિકલેમ ઈન્સ્યૂરન્સ વાર્ષિક ફી ઉંમર પ્રમાણે લેવામાં આવે છે, અને સાઈઠ વર્ષની વ્યક્તિને સામાન્ય રીતે કંપની ઈન્સ્યૂરન્સ આપની નથી.

મેડિકલેમ ઈન્સ્યૂરન્સ બે લાખના ખર્ચમાં પતિ પત્ની તથા બે બાળકો, એમ ચારેય મેમ્બરો સામેલ છે. ચારેયના ઈલાજ માટે જરૂર પડવા પર (વર્ષમાં) કોઈ પણ સમયે કંપની ખર્ચ ઉઠાવે છે. ભલે ચારમાંથી કોઈપણ બીમાર પડે. *(પ્રશ્નકર્તા : નિશાર અબ્દુલ્લાહ લતીફ, મુંબઈ)*

જવાબ : મેડિકલેમ ઈન્સ્યૂરન્સ વિશે જે વિગતો આપવામાં આવી છે તેના પ્રમાણે આ મામલો શરીઅતની અક્દો (શર્તો)માંથી કોઈપણ અક્દ (બંધારણીય શરત) હેઠળ આવતો નથી, હા ! શરીઅતે જે અક્દોને હરામ તથા ગુનાહ ઠરાવી આપેલ છે, તેમાંથી એક અક્દ ''કિનાર'' એટલે ''જૂગાર''ની હકીકત આમાં મૌજૂદ છે, એટલા માટે મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જાઈઝ નથી. હવે અમે તેની વધુ સ્પષ્ટતા કરીએ છીએ.

મેડિકલેમ ઈન્સ્યૂરન્સ કંપનીના બુધ્ધિશાળીઓએ ઈન્સ્યૂરન્સના મેમ્બર બનાવવા માટે જે બંધારણ બનાવ્યું છે તે જૂગારની રીત પર છે. જેમાં સામાન્ય રીતે કંપનીની જીતની અપેક્ષા વધુ રહે છે, બલ્કે વધુ પડતા સમયે એ જ જોવા મળે છે. તેમના બંધારણની આ કાયદાઓ જુઓ :–

★ મેડિકલેમ ઈન્સ્યૂરન્સ કોઈ તંદુરસ્ત વ્યક્તિને જ આપવામાં આવે છે,

જે પહેલાથી જ બીમાર હોય તે આ ઈન્સ્યૂરન્સ નથી લઈ શકતો.

★ પાંત્રીસ વર્ષથી વધુ ઉંમરનો કોઈ વ્યક્તિ આ ઈન્સ્યૂરન્સ લેવા ઈચ્છે તો તેના લોહી પેશાબને ચેક કરી સંતોષ મેળવવામાં આવે છે કે તે તંદુરસ્ત છે અને જો રિપોર્ટથી એ સાબિત થઈ જાય કે તે બીમાર છે તો તેને ઈન્સ્યૂરન્સ નથી મળતું.

★ જેની ઉંમર સાઈઠ વર્ષથી વધુ હોય તેને સામાન્ય રીતે આ ઈન્સ્યૂરન્સનો લાભ નથી મળતો, સામાન્ય રીતેનો મતલબ એ હોય શકે કે જે વ્યક્તિ તંદુરસ્તીના હિસાબે યુવાન જેમ હોય તેનું મેડિકલેમ ઈન્સ્યૂરન્સ બને છે.

આ કાયદાઓનો સારાંશ એ છે કે જે લોકો પોતાની ખરાબ તંદુરસ્તી અને કમશક્તિના કારણે ઈન્સ્યૂરન્સના હાજતમંદ છે તેમને ઈન્સ્યૂરન્સ કંપનીની હમદર્દી મળી શકતી નથી, નહીં તો ઈન્સ્યૂરન્સ દ્વારા કંપનીને કાંઈ ફાયદો નહીં થાય. અને જેઓ સશક્ત તથા તંદુરસ્ત છે અને જેમની જાહેરી હાલતથી સંતોષ હોય કે તેઓને ઈલાજની જરૂર પડશે નહીં અને તેનો ખર્ચ ઉઠાવવાનો વારો પણ નહીં આવે, તેમની સાથે કંપની મદદ તથા હમદર્દીનો બેપનાહ જઝબો જતાવે છે ! કેમ કે આવા વ્યક્તિઓની રકમ તેમના કામમાં ઓછી તથા કંપનીના કામમાં વધુ આવે છે.

આ તારણથી સાફ જાહેર થાય છે કે **ઈન્સ્યૂરન્સ કંપનીનો ધ્યેય કોઈની મુસીબતમાં કામ આવવું નહીં, બલ્કે લીલોછમ બગીચો દેખાડી પબ્લિક પાસેથી પૈસા એકઠા કરવાનો છે, ત્યારબાદ અમુક લોકોને કાંઈક આપી બાકી રકમ સરળતાથી પોતાની બનાવી લેવાય.** આનો ફાયદો ફક્ત તેને મળશે જેનું ભયંકર

એક્સિડન્ટ થઈ જાય અથવા કોઈ મોટી બીમારીમાં સપડાય, કેમ કે જો નોર્મલ એક્સિડન્ટ થાય કે મામૂલી બીમારી હોય જેમ કે તાવ વગેરે તો જરૂર કંપની કાંઈક મદદ કરી આપશે, પણ તેનો નિયમ છે કે વર્ષમાં ફક્ત એક જ વખતે જરૂરત પડવા પર ખર્ચ પૂરો પાડશે, એટલે પછી ચાર, પાંચ હજાર અથવા કાંઈક વધુમાં ઈલાજ પૂર્ણ થઈ જાય તો ચાલુ વર્ષે ભલે પછી તાવ આવે કે એક્સિડન્ટ થાય કંપની કાંઈ નહીં આપે અને બીજી રકમ હડપ કરી જશે. અને જો બીજીવાર આપવાનો નિયમ પણ હોય તો શું ગેરંટી કે વીમા હોલ્ડર બીજી વખત બીમાર પડશે, કેટલાક તંદુરસ્તો તો એવા હોય છે કે વર્ષો સુધી બીમાર નથી પડતા.

હવે વિચારો ! એવા કેટલા લોકો છે જે વર્ષભરમાં કોઈ મોટા અકસ્માતનો ભોગ બને છે અથવા અચાનક કોઈ બીમારીમાં સપડાય છે, જેના ઈલાજ માટે બે અઢી લાખ રૂપિયા ખર્ચાય, હું સમજું છું વર્ષમાં આવા ગંભીર બનાવો બહુ ઓછા જોવાય છે. અને જોવામાં આવે તો એક ટકા લોકો પણ આ પ્રમાણેના મળશે નહીં, હા ! હજારોમાં બે, ચાર અથવા દસેક નીકળશે.

આ સ્પષ્ટતાથી એ વાત ઉજ્જવળ થઈ ગઈ કે જે વ્યક્તિ મેડિકલેમ ઈન્સ્યૂરન્સનો મેમ્બર બને છે તે નાની રકમ જમા કરાવી મોટી રકમનો ફાયદો ઈચ્છે છે. હવે જો તેનું નસીબ સાથ આપે અને તે કોઈ મોટી બીમારી અથવા અકસ્માતનો ભોગ બને તો તે મોટી રકમનો ફાયદો મેળવી શકે છે, નહીં તો નાની રકમથી પણ હાથ ધોવા પડે છે. જેમ કે એ જ વધુ પડતુ જોવામાં આવે છે. **આ રીત નિઃશંક ! કિમાર તથા જૂગારની છે અને જૂગાર હરામ અને ગુનોહ છે.** જેવું કે

કિતાબ તથા સુન્નત (કુર્આન હદીષ)થી સાબિત છે, એટલા માટે શરીઅતના એતેબારે **મેડિકલેમ ઈન્સ્યૂરન્સનુ મેમ્બર બનવું હરામ તથા ગુનોહ છે, કેમ કે મેમ્બર બનવું જૂગાર છે, અને મેમ્બર બનાવવું પણ ગુનોહ તથા હરામ છે કેમ કે આ ગુનાહના કામ પર મદદ છે.** એટલા માટે મેડિકલેમ ઈન્સ્યૂરન્સના મેમ્બર બનવા તથા બનાવવાથી બચવું વાજિબ છે. હા ! બે સ્થિતિઓમાં તેની ઈજાઝત છે :

૧. તેવા સ્થળો જ્યાં કોમી વિખવાદ થતો રહે અને ભવિષ્યમાં કોઈ પણ સમયે તેની સંભાવના હોય, અથવા અમુક જુથો વચ્ચે અથડામણ થતી રહેતી હોય, અથવા બીમારીની વબા ફેલાય, જ્યાં યક઼ીન હોય કે ઈન્સ્યૂરન્સ હોલ્ડર તેના દ્વારા ફાયદો મેળવી લેશે, ત્યાં મેડિકલેમ ઈન્સ્યૂરન્સ કરાવવું જાઈઝ છે, કેમ કે આ સ્થિતિમાં માલનુ નુકસાન નહીં થાય.

૨. અંજુમનના ધોરણે કામ થાય કે જ્યારે પણ કોઈ બીમાર પડે, અથવા અકસ્માત સર્જાય, ભલે એક જ વર્ષમાં હોય કે પછી દસ વીસ વર્ષોમાં, અને ક્યારેય કોઈ રકમ જપ્ત ન થાય, પણ આજના સમયમાં આવું થવું મુમકિન જણાતુ નથી. વલ્લાહુ તઆલા અઅલમ

–(અશ્રફિયા મંથલી, એપ્રિલ–૨૦૧૩)

(બરકાતે ખ્વાજા માસિક, મે–૨૦૧૩માંથી સાભાર)

વર્તમાન સંજોગો મુજબ

શેર બજાર વિશે શરઈ હુકમ

સંપાદક : મુફ્તી સાબિર નજમી મિસ્બાહી

(દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

નોટીશ : શેર બજાર વિશે આ હુકમ વર્તમાન સંજોગો મુજબ છે જેમા ફ઼ાઈદા ફ઼ાનૂન બદલવાથી હુકમ પણ બદલાઈ શકે છે.

શેર માર્કેટ (Share Market) જેને સ્ટોક માર્કેટ (Stock Market) પણ કહે છે, એમાં પૈસા રોકવા તથા શેર ખરીદવું કેવું ?

આજથી લગભગ પાંચ વરસો પહેલાં આ મસ્અલાનો હુકમ માલૂમ કરવા માટે અલજામિઅતુલ અશ્રફિયા—મુબારકપુરના ફ઼િક઼્હી સેમીનારમાં આ મસ્અલો મુફ્તિયાને કિરામ તથા ઉલમાએ એઝામની સમક્ષ રજૂ કરવામાં આવ્યો. જેના પર સંપૂર્ણ ચર્ચા વિચારણા અને ચિંતન મનન પછી **તે સમયના સંજોગોને લક્ષમાં રાખીને** આપણા ઉલમા તથા મુફ્તિયાને કિરામે એકમતિએ એ ફૈંસલો બહાર પાડયો કે શેર માર્કેટમાં પૈસા રોકવા (ઈન્વેસ્ટ કરવા) અને શેર ખરીદવા નાજાઈઝ છે. નાજાઈઝ ઠરાવવાના પાયાનાં કારણો આ હતાં :

(૧) શેર માર્કેટમાં પ્રેફરન્સ શેર હોય છે કે જે શરઈ એતબારથી વ્યાજમય કરજ છે.

(૨) તેમજ એક કર્ઝે તમસ્સુકાત (બોન્ડ)નો મામલો પણ જોવા મળે છે (જેને બોન્ડ—Bond કહેવામાં આવે છે) અને એ પણ વ્યાજમય કરજ પર આધારિત હોય છે.

(૩) તેમજ એ વખતે દલાલો તરફથી બદદિયાનતી (અપ્રમાણિકતા) તથા ધોકાબાજી ખૂબ જ આમ હતી. જેથી શેર ખરીદવા તથા શેર માર્કેટમાં પૈસા ઈન્વેસ્ટ કરવામાં કેમ કે વ્યાજમય કરજ પર મદદ કરવું અને પોતાના માસૂમ માલને બર્બાદીના મુખમાં લઈ જવું હોવાથી તેને નાજાઈઝ ઠરાવ્યું હતું.

એ યાદ રાખશો કે જે શેર માર્કેટમાં જે એક્વિટી શેર હોય છે તે શરીઅતની રૂએ પાર્ટનરશીપ (ભાગીદારી)ની એક જાઈઝ સ્થિતિ છે, પરંતુ કેમ કે એમાં ઉપરોક્ત દર્શાવેલ ખરાબીઓ અમુક હદ સુધી જોવા મળતી હતી એના લીધે એનાથી પણ બચવાનો હુકમ આપવામાં આવ્યો. જેમ કે મજલિસે શરઈ મુબારકપુરના ફિક્હી સેમીનારનો ફેંસલો કાંઈક આ પ્રમાણે છે : "પ્રેફરન્સ શેરો" કરજની મૂડી છે જેના પર મળનારો નફો વ્યાજ છે. એટલા માટે એ "પ્રેફરન્સ શેરો" થકી મૂડી રોકાણ હરામ છે.

એ જ સ્થિતિ "બોન્ડ"માં પણ હોય છે એટલા માટે એના થકી પણ મૂડી રોકાણ હરામ છે.

"એક્વિટી (Aquity) શેરો"ના થકી મૂડી રોકાણ "શિર્કતે ઈનાન" *(નફા નુકસાન બંનેમાં ભાગીદારીવાળી પાર્ટનરશીપ)* છે એના પર એકમતિ થઈ ગઈ.

"એક્વિટી શેર" થકી મૂડી રોકાણ ઉકૂદે ફાસિદા (નાજાઈઝ સોદાઓ) તથા વ્યાજના કારણે નાજાઈઝ છે.

(મજલિસે શરઈકે ફૈસલે, જિલ્દ–૧, ફૈસલા–૨, પેજ : ૧૪૦ થી ૧૪૪)

"શેર બાઝાર કે મસાઈલ"માં છે :–

"આવા માહોલમાં કંપની સાથે ભાગીદારી પોતાના માસૂમ

માલને તબાહીના મુખમાં લઈ જવા સમાન છે અથવા કમસે કમ (તેની) નજીક છે તેમજ ફતહે બાબે મઅ્સિયત (ગુનાહોનો દરવાજો ખોલવું) પણ છે જે જાતે પોતે ખુદ નાજાઈઝ છે એટલા માટે સદ્દે બાબે મઅ્સિયત (ગુનાહોનો દરવાજો બંધ કરવાનો)નો હુકમ આપવામાં આવે. *(શેર બાઝારકે મસાઈલ, પેજ–૧૮)*

પાછલાં કેટલાય વરસોથી શેર બજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાનો તથા શેર ખરીદવાનો મામલો ખૂબ જ અધિક પ્રમાણમાં વધી ગયો છે. જેમ કે ઘણા મુસલમાનો તરફથી સવાલો કરવામાં આવી રહ્યા છે. અધિક ખાસ કરીને હાલમાં પાછલા એક વરસથી શેર ખરીદવા અને શેર માર્કેટમાં પૈસાનું રોકાણ કરવાના બારામાં વારંવાર પૂછવામાં આવી રહ્યું છે. એટલા માટે મેં જરૂરી જાણ્યું કે શેર માર્કેટના વર્તમાન નીતિ નિયમો તથા મામલાઓ પર સંશોધન તથા વિચારણા કરીને એ માલૂમ કરવામાં આવે કે શું આજના દૌરમાં પણ તે ખરાબીઓ જોવા મળે છે જે પહેલાં જોવા મળતી હતી ? તેમજ શું શરીઅતના એતબારથી હવે શેર ખરીદવા તથા શેર માર્કેટમાં પૈસા રોકવા માટે કાંઈક ગુંજાઈશ નીકળી શકે છે ? કેમ કે જો ગુંજાઈશ હોય તો ખાસ સ્થિતિઓમાં રુખસદ આપવામાં આવે કે જેથી મુસલમાનોને બને ત્યાં સુધી ગુનાહ અને હરામકારીથી બચાવી શકાય. મેં કેટલાયે વિશ્વાસનીય ઝરીયાઓ થકી તેહકીક઼ કરી જેનાથી મને આ વાતો જાણવા મળી.

(૧) આજકાલ શેર માર્કેટમાં મોટાભાગની કંપનીઓ એવી છે જેઓ પ્રેફરન્સ શેર નથી રાખતી. બલ્કે કેવળ ઈક્વિટી શેરો જ રાખે છે કે જો શેર હોલ્ડર ચાહે તો પહેલેથી જ એ સ્પષ્ટતા કરી આપે કે મારા પૈસાથી વ્યાજ અદા કરવામાં નહીં આવે.

(૩) તેમજ ગવર્નમેન્ટ તરફથી તેના નિયમો તથા કાયદાઓ પર પાબંદીથી અમલ કરાવવાના આધાર પર હવે શેર માર્કેટમાં અપ્રમાણિકતા તથા ધોકાબાજીનું પાસુ ઓછુ જોવા મળે છે, જ્યારે માણસ એના બારામાં જરૂરી માહિતી ધરાવતો હોય.

જેથી આ વાતોની રોશનીમાં મારા ઈલ્મના પ્રમાણે લોકોને ગુનાહ તથા હરામકારીથી બચાવવાના માટે **હવે અમુક શરતોની સાથે શેર માર્કેટમાં પૈસાનું રોકાણ કરવાની ઈજાઝત મળી શકે છે.** જે પણ મુસલમાન શેર ખરીદવા ચાહતો હોય તે પ્રથમ કંપનીના બારામાં સારી રીતે માહિતી હાંસલ કરી લે અને **આ સર્વ શરતોની અનિવાર્યપણે પાબંદી કરે, નહીં તો એ મામલો તેના માટે સખત હરામ થશે.**

શર્તો આ પ્રમાણે છે :

(૧) એવી કંપનીના શેર ખરીદે જે જાઈઝ કારોબાર અથવા (જાઈઝ) સર્વિસમાં પૈસા ઈન્વેસ્ટ કરતી હોય. હરામ કારોબાર જેમ કે શરાબ, સુવ્વરની લેણદેણ, ફિલ્મો, ડ્રામાઓ વગેરેમાં ઈન્વેસ્ટ ન કરતી હોય.

(૨) એવી કંપનીના એક્વિટી શેર ખરીદે જે પ્રેફરન્સ શેર અને બોન્ડ (Debenture)ન રાખતી હોય.

(૩) ઉપર બતાવેલ કંપનીઓમાં એટલા જ શેર ખરીદવામાં આવે જેટલા કેશ આપી તમે ડિલિવરીમાં બદલાવી પોતાના એકાઉન્ટમાં જમા કરાવી શકો.

(૪) જે કંપનીના શેર ખરીદવા ચાહે છે પ્રથમ તેની પ્રોફાઈલ (Profile), બેલેન્સ શીટ (Balance Sheet) વગેરેને સારી રીતે જોઈ

લે જેનાથી એ સંતોષ પ્રાપ્ત થઈ જાય કે આપણા પૈસા નહીં ડૂબે.

એક્વિટી શેર (Equity Shares) ના થકી શેર બજારમાં ભાગીદારી કરવાનુ જાઈઝ હોવા પર કેટલીક ગવાહીઓ ઉપલબ્ધ થાય છે જેના સંપૂર્ણ જવાબો હુઝૂર સિરાજુલ ફુક્હા મુહક્કિક઼ે મસાઈલે જદીદા મુફતી નિઝામુદ્દીન સાહબ કિ઼બ્લા مدظلہ العالی એ પોતાની માયાનાઝ કિતાબ "શેર બાઝારકે મસાઈલ"માં આપ્યા છે. જેમાંથી ૨–૩ ગવાહીઓ અને તેના જવાબો હું અહીં વર્ણવવાનું યોગ્ય સમજુ છું જેથી મસ્અલાનો હુકમ સ્પષ્ટ થઈ જાય.

બીજી શંકા અને તેનું નિવારણ : કંપનીઓ પોતાના કારોબારમાં હિસ્સાઓથી ગેર મુન્સલિક઼ (ન જોડાયેલ) વ્યાજમય કરજનો પણ ઉપયોગ કરે છે જેના વિવિધ સ્વરૂપો છે. દા.ત.

★ બેંકોથી હાંસલ કરવામાં આવતુ કરજ.

★ ડિબેન્ચર્સ જેને બોન્ડઝ પણ કહેવામાં આવે છે.

★ તરજીહી હિસસ (પ્રેફરન્સ શેર) એની હક઼ીક઼ત પણ વ્યજમય કરજની જ હોય છે જેમ કે એની તફસીલ વર્ણન થઈ ચૂકી છે.

હિસ્સાઓથી મુન્સલિક (જોડાયેલ) કરજ ખુદ હિસ્સાદાર અથવા ભાગીદારને આપવું પડે છે, એટલા માટે એને અખત્યાર હોય છે વ્યાજ પર કરજ ન આપે, પરંતું ડિવેન્ચર્સ (બોન્ડ્ઝ) કે પબ્લિક માટે જારી કરવું. પ્રેફરન્સ શેરો અને બેંકની લેવડમાં કંપનીના જે પાર્ટનર નથી તે વ્યાજ પર કરજ આપે છે.

અને કંપની એનાથી રૂપિયાનું રોકાણ કરે છે, આ વ્યાજની નાપાકીથી કોઈ પણ ભાગીદાર પોતે પોતાને કેવી રીતે મેહફૂઝ રાખી શકશે ?

બીજા શબ્દોમાં એ રીતે સમજો કે શિર્કતે ઈનાનમાં દરેક ભાગીદાર બીજાનો વકીલ અને ખુદ મુઅક્કિલ હોય છે. આ જ હાલ કંપનીના એ ભાગીદારોનો પણ હોય છે જેઓ શિર્કત ઈનાનની રીતે ભાગીદારી કરે છે. તેમનો છે. અલ્બત્ત જ્યારે આ ભાગીદારો રાયની અધિકતાથી ડાયરેકટરોની સમિતિ બનાવીને કંપનીની બાબતોની જિમ્મેદારી તેમને સોંપી દે છે, તો એ વકીલ નથી રહી જતા અને હવે વકીલ કેવળ ડાયરેકટરોની સમિતિ હોય છે. અને આ ભાગીદારો કેવળ મુવક્કિલ હોય છે. અને વકીલનું કાર્ય કેમ કે મુવક્કિલનું જ કાર્ય હોય છે એટલા માટે કંપનીનું વ્યાજમય કરજ લેવું ન કેવળ કંપનીનુ કાર્ય છે બલ્કે એના મુવક્કિલ એ ભાગીદારોનું પણ કાર્ય છે. એની જિમ્મેદારી બંનેવના માથે એકસરખી લાગુ પડે છે.

નિવારણ : (૧) જો એ ક઼ૌલ મુફ઼્તા બિહ (જેના પર ફત્વો આપવામાં આવે એવા) હોય કે એક ભાગીદાર જે કરજ લેશે તે બીજાના જિમ્મે પણ લાઝિમ થશે. તો પછી વર્ણવેલ શંકાઓનો ખરેખર કોઈ હલ નથી, એના સિવાય કે એ બતાવી દેવામાં આવે કે આ હુર્મત (હરામ હોવું) કેવળ ફેઅલ (કાર્ય) સુધી સીમિત છે, વેપાર તથા તેના નફ઼ામાં તેની કોઈ અસર નથી, એટલે કે કમાણી હલાલ થશે, રોજી હલાલ થશે, અલ્બત્ત ભાગીદાર બનવું જે એક કાર્ય છે તે હરામ તથા ગુનોહ થશે.

નિવારણ : (૨) આ ચર્ચા તનઝ઼ુઝ઼ુલ (સામેવાળાની વાત માનવામાં આવે એ) રૂપે એ તક઼દીર પર હતી કે શિર્કતે ઈનાનમાં કોઈપણ ભાગીદાર વેપાર માટે જે કરજ લેશે તે બીજા ભાગીદારનું પણ કરજ લેવું ઠરશે. અને તેની અદાયગી તેના જિમ્મે પણ લાઝિમ થશે.

પણ આ મઝહબના બે કથનોમાંથી એક કથન છે. અને એના બિલ્કુલ વિરૂધ્ધ મઝહબનુ એક અન્ય કથન એ છે કે ભાગીદારે પોતાના અન્ય ભાગીદારોની તરફથી કરજ લેવાનો કતઈ અખત્યાર નથી. અને આ જ કથન ઉસૂલે મઝહબના પ્રમાણે છે તો જો કે કંપની અથવા ડાયરેક્ટરોની સમિતિ ભાગીદારોની સામાન્ય વકીલ છે પરંતુ આ સમાન્યપણામાં કરજ લેવું સામેલ નથી. જેમ કે ફતાવાએ કાઝીખાનમાં છે :

وَإنْ وَكَّلَ واحِدٌ منهما (أى من شريكئ العنان) صاحبَهٗ بالإستدانةِ لايصح الأمرُ، ولايملك الإستدانة علىٰ صَاحبهٖ۔ويرجع المقرض عليه،لاعلىٰ صَاحبهٖ۔لأنّ التوكيلَ بالإستدانة توكيلٌ بالاستقراض وَالتَّويكلُ بالإستِقراضِ باطلٌ۔ لأنّهٗ توكيلٌ بالتكدّى اه

"શિર્કતે ઈનાનના ભાગીદારોમાંથી એકે બીજાને કરજ લેવાનો વકીલ બનાવ્યો તો એ વકાલત સહીહ નથી અને તે વકીલ પોતાના કામના સાથી ભાગીદારના જિમ્મે કરજ લેવાનો માલિક નથી. અને કરજ આપનાર તે જ વકીલથી કરજ પરત લેશે. તેના ભાગીદારને કરજ પરત લેવાનો હક્ક રહેશે નહીં. એટલા માટે કે દૈન લેવાનો વકીલ બનાવવું કરજ લેવાનો વકીલ છે. અને કરજ લેવાનો વકીલ બનાવવું બાતિલ છે. કેમ કે આ ભીખ માગવાના વકીલ બનાવવાની જેમ છે જે બાતિલ છે.

એ જ ફતાવા કાઝીખાનમાં બીજા ઠેકાણે છે :–

ولوأقرّ أحد الشريكين أنهٗ استقرض من فلان ألفًا لتجارتهما يلزمه خاصّة۔ وكذا لو أذن كل واحدٍ منهما لصاحبهٖ بالإستدانة عَليْه يلزمُهٗ خاصَّةً، حتى يكون للمُقرض أن يّاخذهٗ منه، وليس له أن يرجع علىٰ شريكهٖ لأنّ التويكل بالإستقراض باطلٌ فيستوى فيه الإذنُ وعدمُ الإذنِ اه

"બે ભાગીદારોમાંથી એકે એ ઈકરાર કર્યો કે તેણે ભેગા વેપારના માટે ફલાણાથી હજાર રૂપિયા કરજ લીધા છે, એ કરજ ખાસ કરજ લેનારા પર લાઝિમ થશે. એ જ પ્રમાણે જો ભાગીદારોમાંથી દરેકે બીજાને પોતાના જિમ્મે કરજ લેવાની ઈજાઝત આપી દીધી હોય તો પણ કરજ ખાસ કરજ લેનારા પર જ લાઝિમ થશે. જેથી કરજ આપનાર પોતાના કરજદારથી કરજ વસૂલ કરશે. અને તેને એ ઈખ્તિયાર ન હશે કે કરજદારના ભાગીદારના મુઅક્કિલથી કરજ પરત લે. એટલા માટે કે કરજ લેવાનો વકીલ બનાવવું બાતિલ છે, જેથી ઈજાઝત હોવી કે ન હોવી બધું સમાન છે.

આ સર્વ લખાણોનો સાર એ છે કે કરજ લેવા માટે કોઈને વકીલ બનાવવો દુરુસ્ત નથી, જેથી જો કોઈ શરીક (ભાગીદાર) અથવા અજનબીએ બીજા ભાગીદાર અથવા અજનબીને આ કામના માટે વકીલ બનાવ્યો તો એ વકાલત બાતિલ થશે. વિશ્વસનીય કિતાબોમાં પણ આ સ્પષ્ટતા મૌજૂદ છે.

★ ફક઼ીહે ઈસ્લામનો ફત્વો ★

હવે અધિક મજબૂતીના માટે ઈસ્લામી જગતના અજોડ ફક઼ીહ ઈમામ અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના ફત્વાનું એક લખાણ જોઈ લો :

ઝયદે પોતાના નોકરને કહ્યું કે પચાસ રૂપિયા મને કોઈની પાસેથી કરજ લાવી દે. નોકર એક મહાજનથી પચાસ રૂપિયા કરજ લાવ્યો. આ બનાવ વર્ણવીને આપનાથી અમુક સવાલો પૂછવામાં આવ્યા જેનો જવાબ આપતાં આપે લખ્યું છે :

પૂછવામાં આવેલ સ્થિતિમાં જો નોકરે આ પ્રમાણે કરજ માગ્યું

હતું કે, મારા માલિકને પચાસ રૂપિયાની જરૂરત છે. મને કરજ આપો. અથવા મારા માલિકના માટે મને પચાસ રૂપિયા કરજ આપો તો મહાજનનું કરજ નોકરના જિમ્મે રહેશે. રદુલ મુહતારમાં છે :

(જામિઅતુલ ફુસૂલૈનમાં છે કે એક શખ્સને કરજ લેવા માટે કોઈની પાસે મોકલ્યો. તેણે તેને કરજ આપી દીધું પણ તે તેના કબજામાં વેડફાય ગયું. હવે જો તેણે આ પ્રમાણે કરજ માગ્યુ હતું કે મને મોકલનારના માટે કરજ આપી દો. તો એ જ સંદેશવાહક તેનું તાવાન (બદલો) આપશે. સારાંશ કે કરજ આપવા માટે વકીલ બનાવવો દુરુસ્ત છે પણ કરજ લેવા માટે વકીલ બનાવવો દુરુસ્ત નથી. અને જો કરજ લેવાના વકીલે વકીલની હૈસિયતથી પોતાના તરફ કરજની નિસ્બત કરીને કહ્યું કે, ''મને કરજ આપો'' તો પણ કરજનો માલિક વકીલ જ રહેશે. અને તે પોતાના મુવક્કિલને એ માલ કરજ લેવાથી રોકી શકે છે.

قلتُ:وقالوا: إنمالم يصحّ التويكل باالإستقراض لأنّهٗ تويكلٌ بالتكدّی،
وهو لايصحّ۔

હું કહું છું : કે ફુક્હાએ કિરામ ફર્માવે છે કે કરજ લેવા માટે વકીલ બનાવવો એટલા માટે સહીહ નથી કે એ અતિયો (ભેટ) માગવા માટે વકીલ બનાવવું છે જે સહીહ નથી હોતું.

قلتُ:ووجُهُهٗ أنّ القرض صلةٌ وتبرّع إبتداءً فيقع للمستقرض إذلاتصحّ
النیابة فی ذلک فهونوعٌ من التكدّی بمعنی الشّحاذة۔ هٰذاماظهرلی۔

''હું કહું છું કે એનું કારણ એ છે કે કરજ શરૂઆતમાં એહસાન તથા બખ્શવું છે, જેથી માલિક કરજ લેનારો થશે. કેમ કે એમાં નાયબપણુ દુરુસ્ત નથી કે એ એક રીતે અતિયા તથા ભીખ માગવું છે.

(મારા પર આ જ જાહેર થયું. નિ.)

આ સ્થિતિમાં એ રૂપિયા હક઼ીક઼તમાં એ (નોકર)ની માલિકીમાં થઈ ચૂક્યા હતા..... છેવટ સુધી. *(ફતાવા રઝવિય્યહ, ૭/૨, સુન્ની દારુલ ઈશાઅત–મુબારકપુર)*

ફક઼ીહે ઈસ્લામના ફત્વાના આ લખાણથી આ બાબતો ઉઘાડી થઈને સામે આવી :

(અ) કરજ લેવા માટે કોઈને વકીલ બનાવવો સહીહ નથી, બાતિલ છે.

(બ) વકીલે જો કરજ લઈ લીધું તો તેનો માલિક ખુદ તે જ થશે, જેથી તેને અખત્યાર હાંસલ હશે કે તે માલ પોતાના મુતવક્કિલને ન આપે.

(ક) અને તે કરજનો માલ વકીલ પાસેથી નષ્ટ થઈ ગયો તો તેનો જામિન પણ ખુદ વકીલ જ રહેશે.

સારાંશ કે જ્યારે આ પ્રકરણમાં સહીહ ક઼ૌલ, રાજેહ, મુખ્તાર લિલ્ફતવા એ જ છે કે કોઈ પણ શરીક (ભાગીદાર)ને પોતાના શિર્કતે ઈનાનના ભાગીદારોની તરફથી વકીલની હૈસિયતથી કરજ લેવાનો અખત્યાર નથી. અને જો લેશે તો તેનો જિમ્મેદાર એકલો તે જ રહેશે.

જેથી વ્યાજમય કરજ લેવા પછી તેને વ્યાજ સાથે અદા કરવાનો ગુનોહ કેવળ તેના પર જ થશે. અને બાકીના ભાગીદારો આ ગુનાહની નાપાકીથી સંપૂર્ણપણે પાક સાફ રહેશે.

આ ચર્ચાના બારામાં જ્યારે આપણે કંપનીનો સંયુક્ત વેપાર અને ભાગીદારીના માલમાં આયોજનકર્તા ભાગીદારોના તરફથી

વ્યાજમય કરજના મિશ્રણનું હક઼ીક઼ત પસંદાના નિરીક્ષણ કરીએ છીએ તો એ વાત ઉઘાડી થઈને સામે આવી જાય છે કે કંપનીના બરાબરના હિસ્સાઓમાં ભાગીદારી જાઈઝ તથા દુરુસ્ત છે, અને આ ભેગા વેપારથી જે કાંઈ નફો હાંસલ થશે તે સૌ હલાલ તથા પાક છે, કેમ કે ગૈર આયોજક ભાગીદારો વ્યાજમય કરજની લા'નતથી મેહફૂઝ તથા પાક સાફ છે.

ત્રીજા શંકા અને તેનું નિવારણ : કંપનીનો એક નિયમ એ છે કે તે જરૂરતના સમયે વ્યાજમય કરજ લઈ શકે છે, બલ્કે તે વિવિધ નામોથી એ કરજ લઈને વેપારમાં લગાડે પણ છે. જાહેર છે કે જે શખ્સ પણ કંપનીના એક્વિટી શેર લે છે તે ઉર્ફની રીતે તથા ક઼ાનૂની રીતે એ નિયમનો પાબંદ હોય છે. બીજા શબ્દોમાં એના માટે રાજી હોય છે કે કંપની વ્યાજમય કરજ લઈ શકે છે. પછી એ વ્યાજમય કરજથી કાંઈ નફો થાય છે તેમાંથી કાંઈક તેને પણ મળે છે, તો એક્વિટી લેનાર પણ હક઼ીક઼તમાં વ્યાજ લેનાર તથા લેવા પર રાજી થઈને ભાગીદાર બને છે અને એ જો કે નાજાઈઝ તથા ગુનોહ છે.

નિવારણ તથા હલ એ છે કે શેર હોલ્ડર શેર લેતી વખતે સાફ સાફ એવું કહી આપે કે અમો કંપનીના વ્યાજમય કારોબારથી રાજી નથી, બલ્કે સર્ટિફિકેટ પર તેને લખી પણ આપે.

وَاللّٰهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ۔وَالصَّرِيْحُ يفوقُ الدلالة

("અને બગાડનારાને સારી રીતે જાણે છે." *સૂ. બકરહ, ૨/૨૨૦)* સ્પષ્ટ વાત ઈશારામય વાત કરતાં અધિક વજન ધરાવે છે.

અને એ બાબત તો પહેલાં જ સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે વ્યાજમય શર્ત પર કરજ લઈને જે વેપારના માલમાં સામેલ કરવામાં

આવે છે તે માલ પોતાની જાતના લેહાઝથી ખરાબી તથા ખુબ્ષથી પાક છે. કેમ કે તે પોતે કાંઈ વ્યાજ કે લાંચ કે નાહક઼ માલ નથી.

જેથી ભાગીદારીની મૂડીની જેમ કરજની ભાગીદારીથી પણ વેપાર હલાલ છે સાથોસાથ તેનાથી હાંસલ થનારો નફો પણ હલાલ છે.

ચોથી શંકા : એ બરાબર છે કે મુખ્તાર મઝહબ પર કંપનીના આમ (સામાન્ય) ભાગીદારો આયોજકોના લીધેલા કરજથી સંબંધ નથી ધરાવતા, પરંતું ખુદ કંપનીનો ક઼ાનૂન ભાગીદારો પર કરજનો ભાર નાખે છે એ જ કારણે એ સંયુક્ત કરજ મૂડી વડે અદા કરવામાં આવે છે, જેવું કે ખુદ કંપનીના બંધારણમાં એ સ્પષ્ટતા છે :

★ એ તરીક઼ો જેનાથી કંપની ખત્મ કરવામાં આવે છે અને તેના સામાનો રોકડમાં ફેરવીને તેને કરજદારોને આપવામાં આવે છે તેને કંપનીનો ખાત્મો કહે છે. કંપનીનો ખાત્મો ત્રણ પધ્ધતિઓથી થઈ શકે છે. *(જદીદ તરીક઼એ તિજારત)*

★ સ્પષ્ટ વાત ઈશારામય વાત કરતાં અધિક વજન ધરાવે છે.

★ કંપનીના ખાત્માની ત્રણેવ પધ્ધતિઓમાં હુકૂમતની તરફથી એક ઓફિસર નિયુક્ત કરવામાં આવે છે, જેને લિક્વિડેટર (**Liquidator** (એટલે દેવુ ચૂકવણી અધિકારી) કહે છે. નિયુક્તિ એટલા માટે કરવામાં આવે છે કે તે કંપનીના માલ સામાનો અને જાયદાદને વેચી કાઢે અને જે મળે તેને કરજ માગનારાઓના કરજાઓ ઉતારવા માટે વાપરે. અને જો કોઈ રકમ બચે તો તેને ભાગીદારોમાં વહેંચી આપે. *(જદીદ તરીક઼એ તિજારત, ૧/૨૨૪)*

આ લખાણોથી સાફ જાહેર છે કે કંપનીના ખાત્માની સ્થિતિમાં

કરજાની અદાયગી સંયુક્ત જાયદાદ તથા સામાનો વડે થાય છે અને ખાત્માથી પહેલાં પણ આયોજક સમિતિ પોતાનો અંગત સામાન કરજ ચૂકવવા માટે નથી વાપરતી બલ્કે એ તે જ સંયુક્ત માલનો ઉપયોગ કરે છે.

તો કંપનીના આ ક઼ાનૂનને લક્ષમાં રાખીને સર્વ ભાગીદારો આપસમાં એક બીજાના કફીલ થયા. કેમ કે એ ભાગીદારો કંપનીના બંધારણના પાબંદ છે અને એ જ પાબંદીનું નામ કફાલત છે. જેથી કફીલ હોવાની દષ્ટિથી દરેક ભાગીદાર આયોજક સમિતિના માટે થયેલ કરજાના જિમ્મેદાર છે, તો વ્યાજની ખરાબીથી કોણ બચ્યું ?!

નિવારણ : કંપનીનુ એ બંધારણ એના સ્થાને, પરંતું તે ભાગીદારોની આપસની કફાલતને લાગુ થતુ નથી. કેમ કે કંપનીનું બંધારણ વારંવાર સ્પષ્ટ શબ્દોમાં એ એલાન કરે છે કે કોઈ પણ ભાગીદારની જિમ્મેદારી તેના ખરીદેલા હિસ્સા સુધી સીમિત છે અને તેના જિમ્મે કેવળ એટલી જ રકમની અદાયગી લાઝિમ છે જેટલી રકમનું શેર સર્ટિફિકેટ તેણે લીધુ છે, અને બસ તેના સિવાય તેને કંપનીના કોઈ પણ કરજ સાથે કોઈ લેવા દેવા નથી. જેમ કે નીચેનું લખાણ એનું સાક્ષી છે :

★ "સીમિત હિસ્સાવાળી કંપનીઓથી મુરાદ તે કંપનીઓ છે જેમની મૂડી વિવિધ હિસ્સોમાં વહેંચાય છે અને દરેક હિસ્સાદારની જિમ્મેદારી તેના થકી ખરીદેલ હિસ્સાઓ સુધી જ સીમિત રહે છે.

એટલે જો કોઈની પાસે કંપનીના દસ રૂપિયાવાળા દસ હિસ્સા છે તો તે કંપનીના નુકસાનની સ્થિતિમાં કેવળ તે જ દસ હિસ્સાઓ એટલે એકસો રૂપિયાનો જિમ્મેદાર હોય છે. જો તેણે પોતાના હિસ્સાની

પૂરી વાજિબ રકમ આપી દીધી છે તો કંપની તેનાથી અધિક કોઈ રકમની માગણી નથી કરી શકતી. આજકાલ આ કંપનીઓ ઘણી લોકપ્રિય છે.'' *(જદીદ તરીક઼એ તિજારત વ તન્ઝીમે તિજારત, ૧/૧૫૨)*

''મેમ્બરોની જિમ્મેદારી કેવળ એ હિસ્સાઓની રકમ સુધી સીમિત હોય છે, આ હદ પછી તેમના પર કોઈ પ્રકારની જિમ્મેદારી લાગુ થતી નથી. અને ન તો તેમનાથી કંપનીના વાજિબોના અદાયગીના બારામાં કોઈ માગણી કરી શકાય છે.'' *(જદીદ તરીક઼એ તિજારત વ તન્ઝીમે તિજારત, ૧/૧૭૩)*

જ્યારે સર્વ ભાગીદારો પોત પોતાનો હિસ્સો જમા કરીને અલિપ્ત થઈ ગયા તો તેમના જિમ્મે કરજની અદાયગીની જિમ્મેદારી ક્યાંથી આવી જેને કફાલત કહેવામાં આવી શકે. કફાલત નામ છે : ضَمُّ الذِّمةِ إلى الذِمَّةِ فِي المُطَالَبةِ નું એટલે એક વ્યક્તિ કે એક સંસ્થા પર જે માગણી છે તેને પોતાના જિમ્મે પણ લઈ લેવું. *(હિદાયહ, ૩/૯૫, અવ્વલ કિતબુલ કિફાયહ, રશીદિયહ)*

શક્ય છે કોઈ સ્થિતિ એવી હોય કે કંપનીના નુકસાન છતાં કરજ લેનારાઓને વ્યાજ પણ અદા કરવામાં આવતુ હોય તો તેનાથી બચવાની રાહ એ છે કે મુસ્લિમ શેરદારો કંપનીમાં ભાગીદારી વખતે જ એ સ્પષ્ટતા કરી દે કે નુકસાનથી ભેટવાના સમયે મારી મૂડી કેવળ કરજની અદાયગીના માટે ખર્ચ થઈ શકે છે, વ્યાજની અદાયગી સાથે મારે લેવા દેવા રહેશે નહીં. હું એનાથી બેઝાર છું.

આ સ્પષ્ટતાના કારણે એ વ્યાજના વબાલથી મેહફૂઝ રહેશે. કંપનીમાં બહુમતી ગૈર મુસ્લિમોની છે તો વ્યાજનો બોજ કરજ સાથે તેમના માથે રહેશે અને મુસ્લિમ શેર ધારકો પર કેવળ અસલ કરજનો

થોડોક બોજો રહેશે.

અહીં એ વિચારવામાં ન આવે કે જ્યારે સર્વ ભાગીદારોનો હિસ્સો બધી જ મૂડીઓમાં સંયુક્ત રીતે ફેલાયેલ છે તો પછી આ તફાવત કેવી રીતે શક્ય બનશે ? કેમ કે મુસ્લિમના કાર્યને હુર્મત (હરામ હોવા)થી તથા ખરાબીથી બચાવવાના માટે આ રીતનો તફાવત ખુદ શરીઅતે જાઈઝ રાખેલ છે જેનાં અમુક દષ્ટાંતો અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે. એક દષ્ટાંત અહીં પણ જોઈ લો :

ચાંદીના રૂપિયામાં ખોટ (મિલાવટ) વધારે હોય અને ચાંદી ઓછી, રૂપિયો પોતાના જ જેવા બીજા બે રૂપિયાના બદલામાં વેચવામાં આવ્યો તો ખરીદ વેચાણ નાજાઈઝ તથા હરામ હોવું જોઈએ, કે ચાંદીનો સોદો ચાંદીના બદલામાં વધઘટ સાથે થયો જે રસૂલે પાક ﷺના આદેશ : والفضلُ ربا,ના મુજબ વ્યાજ છે. પરંતુ ફક઼ીહો એને આ ખુલાસા સાથે જાઈઝ ઠરાવે છે કે એક રૂપિયાની ખોટ (મિલાવટ)ને બીજા રૂપિયાની ચાંદીની સરખામણીમાં માની લેવામાં આવે તો એ ચાંદીનો સોદો ખોટના બદલામાં થશે, જ્યારે કે ચાંદી ખોટના એક એક અંશમાં પ્રવેશ કરે છે. હિદાયાતમાં છે :

فإن بيعت (الدراهم التى غشها غالب) بجنسها متفاضلًا جاز، صرفًا
للجنس الىٰ خلاف الجنس۔ فهى فى حكم شيئين، فضة، وصُفرٍ اه

"આ નિવારણ થકી મુસ્લિમ શેર હોલ્ડર વ્યાજના વબાલથી મેહફૂઝ રહેશે." *(૨/૯૩, કિતાબુસ્સરફ)*

મ્યુચ્યુઅલ ફંડનો શરઈ હુકમ

મ્યુચ્યુઅલ ફંડવાળા સામાન્યતઃ પૈસા શેર બજારમાં લગાડે છે તો એના બારામાં પણ એ જ હુકમ રહેશે કે જે કંપનીઓના ઉપરોક્ત વર્ણવેલ શર્તો સાથે શેર ખરીદવાની ઈજાઝત છે તો જે મ્યુચ્યુઅલ ફંડવાળા એવી કંપનીઓમાં મ્યુચ્યુઅલ ફંડવાળા પૈસા લગાડતા હોય છે કેવળ તેમની જ સાથે કારોબારની ઈજાઝત રહેશે.

* * *

નેટ વર્ક માર્કેટિંગ શરીઅતની દૃષ્ટિએ

'જામિઆ અશ્રફિયા, મુબારકપુર' ખાતે ૧૫મો ફિક્હી સેમિનાર યોજાયો જેમાં અન્ય પ્રશ્નો સાથે આ નેટ વર્ક માર્કેટિંગ સંબંધી પ્રશ્ન પણ મુફ્તિયાને કિરામ થકી ચર્ચાયો, જેનો નિર્ણય છેવટે જે નિશ્ચિત થયો તેની વિગત અત્રે વાંચકોના માર્ગદર્શન માટે હાજર છે. –પ્રકાશક

નેટ વર્ક માર્કેટિંગ કંપનીએ પોતાની બનાવેલ વસ્તુઓ (Products)ના નિકાસ માટે આ રીત અપનાવી છે કે કંપની અમુક વસ્તુઓ એક વ્યક્તિને નક્કી કરેલ ભાવ ઉપર વેચીને તેને પોતાનો મેમ્બર બનાવે, ત્યાર બાદ તે મેમ્બર પોતાના દ્વારા (તે કંપનીની જ) તેવી જ નક્કી કરેલ ભાવવાળી વસ્તુઓનું વેચાણ કરાવી બે મેમ્બર બનાવે. ત્યાર બાદ બંનેવ મેમ્બર પોતાના હેઠળ બે બે મેમ્બર બનાવે. ઉપરના દરેક મેમ્બરને પોતાની ખરીદારી તથા પોતાની નીચેના મેમ્બરોની ખરીદારી દ્વારા કંપનીને મળેલ નફામાંથી નક્કી કરેલ ટકાના આધારે કમિશન આપવાનો વાયદો હોય છે અને તેના ઉપર અમલ પણ થાય છે.

નવા બનનાર દરેક મેમ્બરને એક નક્કી કરેલ ફોર્મ ભરવાનું રહે છે તથા એક નક્કી કરેલ રકમ દા.ત. પંદરસો રૂપિયા જમા કરાવવા પડે છે જે રકમના બદલામાં તે મેમ્બરને અમુક નક્કી કરેલ વસ્તુઓ આપવામાં આવે છે અથવા કંપનીની બનાવેલ વસ્તુઓ (Products)માંથી મેમ્બરને અમુક માંગણી મુજબની વસ્તુઓ આપવામાં આવે છે. ત્યારબાદ મેમ્બરશીપ બાકી રાખવા માટે દર મહિને અમુક નક્કી કરેલ રકમ દા.ત. સો રૂપિયાની ખરીદારી અનિવાર્ય હોય છે. અને મેમ્બર કમિશનનો હક્કદાર ત્યારે બનશે જ્યારે તેની પોતાની ખરીદારીની સાથે સાથે પોતાના હેઠળ બનેલા મેમ્બરની ખરીદારી એક નક્કી કરેલ મર્યાદા દા.ત. પાંચ હજાર રૂપિયાએ પહોંચી જાય.

જો તેની ખરીદી નક્કી કરેલ મર્યાદાએ ન પહોંચે અથવા તો નવા મેમ્બર ન બનાવી શકે તો તે કોઈપણ પ્રકારના કમિશનનો હક્કદાર નહીં રહે. એ જ પ્રમાણે જો તે મેમ્બર દર મહિને માસિક ખરીદી ન કરે તેના કારણે પણ મેમ્બરશીપ સમાપ્ત કરી દેવામાં આવશે. દા.ત. એક મેમ્બરે પોતાના થકી બે મેમ્બર બનાવ્યા અને તે ત્રણેવની ટોટલ ખરીદી સાડાચાર હજાર રૂપિયા થઈ પણ પૂરા પાંચ હજારની ખરીદી ન થઈ એટલા માટે તેમનામાંથી કોઈને પણ કમિશન મળશે નહીં. હા, જો તેઓ થકી એક નવો મેમ્બર બની જાય તો ખરીદીની કુલ રકમ રૂપિયા છ હજાર થઈ જશે અને ઉપરનો મેમ્બર કમિશનનો હક્કદાર બની જશે જ્યારે કે તે ઓછામાં ઓછી સો રૂપિયાની માસિક ખરીદી ચાલુ રાખીને પોતાની મેમ્બરશીપ બાકી રાખતો હોય, નહીં તો તે પણ કમિશનનો હક્કદાર નહીં રહે.

આ રીતની પ્રતિક્રિયાથી કંપનીનો ફાયદો એ છે કે તેનો દરેક સભ્ય કંપનીનો વર્કર બની જાય અને મેમ્બરોનું વર્તુળ વધારવાની કોશિશ કરે જેથી તે કમિશનનો હક્કદાર બની શકે, જેના કારણે કંપનીને પોતે પોતાના ગ્રાહકો તથા મેમ્બરોનું વર્તુળ વધારવા માટે ફરિજયાતપણે પગારદાર કર્મચારીઓ રાખવાની જરૂરત નથી રહેતી. કંપનીનો ખ્યાલ એ હોય છે કે મેમ્બર કમિશનની લાલચમાં પોતે જ પગારદાર કાર્યકરો કરતાં વધારે શોખથી કામ કરશે. અને કંપનીની પ્રોડેક્ટસ્‌ની નિકાસ દિવસે દિવસે વધતી જશે. જો કોઈ અધિક ખરીદી ન કરે અથવા આગળ પોતાના હેઠળ મેમ્બર ન બનાવે તો કંપનીના માથે તેને કમિશન આપવાની જિમ્મેદારી પણ નહીં રહે, જેથી કંપનીને કોઈ પ્રકારનું નુકસાન નથી થતું. એ જ પ્રમાણે આવા એક અથવા એકથી વધુ મેમ્બરો દ્વારા જેટલી ખરીદી થઈ ચૂકી હોય તેમાં પણ કંપનીનું કોઈ પ્રકારનું નુકસાન નથી, બલ્કે ફાયદો જ ફાયદો છે.

હવે જોવાનું એ છે કે આ પ્રતિક્રિયામાં ખરીદારોનો ફાયદો કેટલો છે અને નુકસાન કેટલું છે. તો આ વિષયમાં જે માલૂમાત જાણવા મળી તેના પ્રકાશમાં એ જાહેર થાય છે કે :–

(૧) જે સામાન કોઈ મેમ્બર પંદરસો રૂપિયામાં ખરીદે છે તેની કિંમત બારસો એંસી રૂપિયા બતાવવામાં આવે છે. બસો વીસ રૂપિયા કંપની પોતાની ફી વગેરેના રૂપમાં વધારે લે છે. પરંતુ સામાન્ય ગ્રાહક તેને પરખી નથી શક્તો કે તે સામાન માર્કેટ રેટના આધારે બારસો એંસી રૂપિયાના લાયક છે કે નહીં ? નિષ્ણાંતો તથા અધિક જાણકારી ધરાવનારાઓનું કહેવું તથા માનવું એ છે કે તે ખરીદેલ સામાન માર્કેટ રેટના આધારે મુશ્કેલીથી સાત સો રૂપિયાનો હોય છે. એ જ પ્રમાણે

માસિક સો રૂપિયાની ખરીદીમાં જે સામાન ખરીદવામાં આવે છે તે માર્કેટમાં સાઈઠ રૂપિયાનો હોય છે. આ રીતે દરેક મેમ્બરને પહેલી ખરીદીમાં લગભગ આઠસો રૂપિયાની અને માસિક ખરીદીમાં દર મહિને ચાલીસ રૂપિયાની ખોટ થાય છે.

નક્કી થયેલ કમિશન વડે આ પ્રમાણેની ખોટ તથા નુકસાનની ભરપાઈ થવી પણ ઘણી મુશ્કેલ છે. કેમ કે દરેક મેમ્બર અધિક બે મેમ્બર નથી બનાવી રહેતા, એટલા માટે લોકો ખરીદીના વિષયમાં સામાન્ય રીતે આઝાદ રહેવા પસંદ કરે છે તથા તેમને વસ્તુની જરૂર હોય તો ખુલ્લા માર્કેટમાં ખરીદી લે છે. મેમ્બર બનતાની સાથે જ તેમણે એક નક્કી કરેલ રકમની માત્રામાં અમુક સામાન લેવાની ફરજ પાડવામાં આવે છે. ભલે તેમને તે સામાનની તરત જ જરૂરત ન હોય. બીજુ દર મહિને તે જ કંપનીનો અમુક સામાન ખરીદવો પણ જરૂરી હોય છે ભલે તેમને દર મહિને તે સામાનની આવશ્યક્તા હોય કે ન હોય. એ જ પ્રમાણે આવનાર દિવસોએ કમિશન મળવાના વિષયમાં તેઓ અધિક વિશ્વાસુ નથી હોતા, કમિશનની પ્રાપ્તિ એ વાત ઉપર આધારિત છે કે તેઓ વધુ મેમ્બર બનાવવામાં અને નક્કી કરેલ રકમની ખરીદી કરવા કરાવવામાં સફળ થઈ જાય. ખુલાસો એ છે કે આ સિસ્ટમમાં ગ્રાહક મેમ્બરને પોતાની ખોટનો કોઈ ચોક્કસ બદલો (ભરપાઈ) સમજમાં નથી આવતો. હા, પરંતુ જે લોકો આ સામાનો (કંપનીની પ્રોડક્ટ્સનો)ની કિંમત તથા પરખથી બેખબર હોય તો તેવા લોકો ગ્રાહક બની જાય છે અને માસિક ખરીદી પણ કરતા રહે છે અને સાથે સાથે તેઓ સંતુષ્ઠ રહે છે કે અમે જે રકમ ખર્ચ કરી છે તેના બદલામાં મુનાસિબ તથા વ્યાજબી રેટમાં અમને સામાન મળી

રહ્યો છે એટલા માટે કોઈ ખોટ નથી, અધિક કમિશન નહીં મળે તો પણ કોઈ વાંધો નહીં. અને જો મળી જાય તો ફાયદો જ ફાયદો છે ! નુકસાન જરાય પણ નથી.

આ છે નેટ વર્ક માકેટિંગ અથવા મલ્ટી લેવલ માર્કેટિંગનું સંક્ષિપ્ત તથા ટૂંકમાં માળખું. આ રીતનો કારોબાર કરનારી કંપનીઓ ઘણી છે. તેમના નિયમો તથા ક઼ાયદાઓ, કામ કરવાની રીત વગેરેમાં થોડો ઘણો ફેરફાર પણ છે જેનું વિસ્તૃત વર્ણન સવાલનામામાં જોઈ શકાય છે.

હવે અહીંયાં સવાલ એ છે કે આ પ્રકારનો કારોબાર તથા આ રીતનું માર્કેટિંગ શરીઅત તથા ફિક઼્હની પરિભાષામાં કયા પ્રકારનો કારોબાર અથવા લેણદેણ કહેવામાં આવશે અને શરીઅતની દષ્ટિએ એ જાઈઝ છે કે નહીં ?

તેના જવાબમાં એ કહેવામાં આવ્યું કે કારોબારની આ પદ્ધતિમાં બે કામો થાય છે : એક તો નક્કી કરેલ કિંમતમાં કંપનીની વસ્તુઓની ખરીદી, અને બીજુ મેમ્બરો બનાવવા. મેમ્બર બનવા માટે તથા આગળ નવા મેમ્બર બનાવીને કમિશન પ્રાપ્ત કરવા માટે ખરીદી શરત છે. કિંમતના બદલામાં વસ્તુની ખરીદી 'અક઼્દે બૈઅ' છે. (એટલે કે કિંમતના બદલામાં વસ્તુની લેણદેણને 'અક઼્દે બૈઅ' કહેવામાં આવે છે) અને કમિશનના બદલામાં મેમ્બર બનાવવા એ 'અક઼્દે ઈજારા' છે (એટલે કે એક વ્યક્તિને કોઈ વસ્તુના નફાના બદલાનો માલિક બનાવી આપવો. 'અક઼્દે ઈજારા'માં પગાર ઉપર નોકરી, કોઈ વસ્તુ ભાડેથી આપવી, મજૂરી પર કામ કરવું, ઠેકેદારી વગેરેને 'ઈજારા' કહે છે.) કંપની મેમ્બર બનાવવા માટે ખરીદીની શરત લાગુ કરે છે. તેને શરીઅતમાં "ઈજારા બૈઅની શરત સાથે" કહેવાય અને મેમ્બર

બનનાર ખરીદી એ શરત ઉપર કરે છે કે તેઓને મેમ્બર બનાવીને કમિશન પ્રાપ્ત કરવાનો હક્ક મળે તો તેઓ તરફથી આ બૈઅ શરીઅતમાં 'ઈજારા'ની શરત સાથે કહેવાય છે.

(અ) બૈઅ ઈજારાની શરત સાથે હોય અથવા ઈજારા બૈઅની શરત સાથે હોય, લેણદેણના આ બંનેવ પ્રકાર નાજાઈઝ છે. એટલા માટે કે હદીષ શરીફમાં બૈઅ (વસ્તુની ખરીદી વસ્તુ વડે) કોઈ શરત સાથે તેની મનાઈ આવી છે. જેનું વિસ્તૃત વર્ણન ફિક્હની કિતાબોમાં જોવા મળે છે.

(બ) કંપનીની વસ્તુઓ પોતાની ક્વોલિટી તથા લાયકાતની દષ્ટિએ ઓછી કિંમતની હોય છે, પરંતુ તેને ઉચ્ચ ક્વોલિટી તથા વધારે કિંમતની બતાવવામાં આવે છે. તો આ ધોકો થયો જેને હદીષમાં ગશ (ધોકાબાજી) કહેવામાં આવ્યું છે, એ નાજાઈઝ છે.

(ક) કોઈ વસ્તુની કિંમત દસ રૂપિયા હોવી જોઈએ પરંતુ કોઈ અનુભવી તેને નવ રૂપિયાની બતાવે છે, કોઈ દસ રૂપિયાની બતાવે છે, કોઈ અગ્યાર રૂપિયાની બતાવે, અને કોઈ વ્યક્તિ તે વસ્તુને પંદર રૂપિયામાં વેચે તો તેને 'ગબને ફાહિશ' કહેવામાં આવ્યું છે (એટલે કે ખુલ્લી ધોકાબાજી). અહીંયા સાતસોની વસ્તુ બારસો રૂપિયાની વેચવામાં આવે છે. આ પ્રમાણે દસ રૂપિયાની વસ્તુને સત્તર રૂપિયામાં અથવા એકવીસ રૂપિયામાં આપી તો જરૂર 'ગબને ફાહિશ' (ઓપન ધોકો) થયું અને કોઈ અજાણ્યા વ્યક્તિને 'ગબને ફાહિશ, (ખુલ્લી ધોકાબાજી)માં નાખવું હરામ તથા નાજાઈઝ છે.

(ખ) આવનાર સમયમાં મેમ્બરો બનાવી લેવા અને કમિશનનો ફાયદો

પ્રાપ્ત કરવો ફક્ત એક વહેમી કલ્પના (ખયાલી ઉમ્મીદ) છે. ૯૦% લોકો આ કામ (મેમ્બર બનાવવાના કામ)માં નિષ્ફળ રહે છે. તો આ એક પ્રકારનો જૂગાર થયો, જેમાં ફાયદો તથા ખોટ બંનેની આશંકા રહે છે. અને જૂગારબાજી પણ હરામ તથા નાજાઈઝ છે.

(ઘ) આ ઉપરાંત આ ખરાબી એક વ્યક્તિ સુધી સિમીત નથી રહેતી, જેમ જેમ મેમ્બર બનાવવાનો દાયરો વધે છે તેમ તેમ આ ખરાબીઓનો દાયરો (વર્તુળ) પણ આગળના વ્યક્તિઓ સુધી વધતો રહે છે. અને નાજાઈઝ તથા હરામ કામનો એક લાંબો ક્રમ ચાલુ થઈ જશે. આ પ્રમાણે (દષ્ટિએ) જોવામાં આવે તો આ કારોબાર તથા બિઝનેસ ઘણીયે ખરાબીઓ તથા અસંખ્ય ગુનાહોની એક લાંબી પરંપરા ઉપર આધારિત છે. આ કારણે આ કારોબારના નાજાઈઝ તથા હરામ હોવામાં કોઈ શંકા નથી. એટલા માટે મુસલમાનોના દીન તથા માલની ભલાઈ અને ખૈરિયત એમાં જ છે કે આવા કારોબાર, બિઝનેસ તથા સ્કીમોથી દૂર રહે, આવી માયાજાળમાં કદાપિ ન ફસાય.

હા ! જે લોકોએ આવી કોઈ સ્કીમમાં ફસાઈને કોઈ વસ્તુ ખરીદી લીધી છે તેઓ તે વસ્તુના માલિક થઈ ગયા, તેનો ઉપયોગ તેઓ માટે જાઈઝ છે. અને જેઓને પોતાની ખરીદારી ઉપર કાંઈક કમિશન મળ્યું છે તેને પણ તે લોકો પોતાના કામમાં લાવી શકે છે, પરંતુ આ પરંપરા તથા આવા કારોબારને ખતમ કરીને ભવિષ્યમાં તેનાથી બચવું તે લોકો ઉપર વાજિબ છે.

અને જો બીજાને મેમ્બર બનાવવાના કારણે કમિશનનો હક્દાર

થયો અને તે બીજો વ્યક્તિ ગૈર મુસ્લિમ છે તે પોતાનું કમિશન વસૂલ કરીને તેને ઉપયોગમાં લાવી શકે છે, પરંતુ સાથોસાથ ધોકો તથા વાયદા ખિલાફી જેવા ગુનાહથી તૌબા પણ આવશ્યક છે. અને જો તે બીજી વ્યક્તિ (નવો મેમ્બર) મુસલમાન છે તો કમિશન વસૂલ કરીને તે વ્યક્તિને પરત કરી આપે અને સાથે સાથે તૌબા કરીને આવાં કામ તથા કારોબારથી અલગ થઈ જાય. અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે. *(માહનામા અશરફિયહ્–મુબારકપુર , મે–૨૦૦૮)*

✦✦✦

ક્રેડિટ કાર્ડ

★ ક્રેડિટ કાર્ડ (Credit Card)નો હુકમ ★

ક્રેડિટ કાર્ડ લેવા અને એના થકી (નાણાકીય) વહેવાર કરવા પર (મજલિસે શરઈ જામિઆ અશ્રફિયા–મુબારકપુર) ચર્ચા થઈ અને નીચે મુજબની બાબતો સર્વ સંમતિથી નક્કી થઈ :

(૧) ક્રેડિટ કાર્ડ થકી કરજ લેવાની સ્થિતિમાં અસલ રકમને પરત કરવાની સાથે વધારાની રકમ વ્યાજના નામથી આપવી લાઝિમ છે, એટલા માટે ક્રેડિટ કાર્ડ થકી કરજ લેવું કદાપિ જાઈઝ નથી. હા ! ઈજાઝતની એક સ્થિતિ છે તે એ કે કરજ લેવાના કારણે કાર્ડ હોલ્ડરના માટે ઈન્કમ ટેક્ષ આપવાથી બચત થાય અને એ બચત વ્યાજમાં આપવામાં આવનારી રકમથી અધિક હોય.

(૨) ક્રેડિટ કાર્ડ થકી સામાન ખરીદવામાં કિંમતની અદાયગી બેંક કરી આપે છે પછી એ રકમ કાર્ડ હોલ્ડર પાસેથી લે છે અને રકમ પરત કરવા માટે એક મુદ્દત દા.ત. ૩૦ દિવસ એવા રાખે છે જે દરમ્યાન કાર્ડધારી રકમ બેંકને આપી દે તો અસલ રકમ પર તેને કોઈ અધિક રકમ આપવાની નથી હોતી. અને જો એ મુદ્દતથી અધિક દિવસોમાં આપે તો પણ પાંચ ટકા (અથવા કાંઈક વધઘટ) તરત તેણે આપવાના છે, બાકીના ૯૫%ની અદાયગી પર તેને વધારાની રકમ અને દંડ આપવાનો રહેશે.

જો કાર્ડ લેનારો એ ઈરાદો ધરાવે છે કે બિન વ્યાજી નિશ્ચિત મુદ્દતની અંદર તે બેંકની રકમ આપી દેશે અને તેને અમલી સ્વરૂપ પણ આપે છે તો આ પાબંદીની સાથે કાર્ડ લેવો અને એના થકી

વહેવાર કરવો દુરૂસ્ત અને જાઈઝ છે. અને જો અધિક દિવસોમાં વધારાની રકમની સાથે અદાયગી કરવા ચાહે છે અથવા તેને અમલમાં લાવે છે તો એ સ્થિતિ નાજાઈઝ છે.

[એ જ પ્રમાણે જો ઉધાર ખરીદારીની કોઈ આવી રીત બને છે જેમાં બિલની અદાયગી વ્યાજ વિના ન હોય તો એ રીત પણ નાજાઈઝ છે. *(મુરત્તિબ ગુફિરલહૂ એટલે મુફ્તી નિઝામુદ્દીન રઝવી)*]

(૩) એના બારામાં એ સવાલ ચર્ચા હેઠળ આવ્યો કે ક્રેડિટ કાર્ડ લેતી વખતે એ કરાર થાય છે કે એના થકી કાર્ડ હોલ્ડર ખરીદારી કરે અને નિશ્ચિત મુદ્દત (દા.ત. ૩૦ દિવસ)ની અંદર બેંકનું દેવુ અદા કરી આપે તો તેણે કોઈ વધારાની રકમ આપવી પડશે નહીં અને જો અદાયગી એ મુદ્દત કરતાં અધિક ટાળી કાઢી (લંબાવી) તો તેણે એક નિશ્ચિત માત્રાના હિસાબથી અધિક રકમ પણ આપવી પડશે. કાર્ડ લેનાર એ શર્તને કબૂલ કરે છે, જ્યારે કે આ શર્ત એક પ્રકારથી જાઈઝ તથા દુરૂસ્ત છે અને બીજા પ્રકારથી દુરૂસ્ત નથી બલ્કે શર્ત ફાસિદ છે, તો કાર્ડ લેનારો એને કબૂલ કરીને ગુનેહગાર થશે કે નહીં ? જ્યારે કે તેનો ઈરાદો એ છે કે મારો અમલ કેવળ પ્રથમ પ્રકાર (નિશ્ચિત મુદ્દતની અંદર મૂળ રકમ અદા કરી દેવા) પર થશે.

ચર્ચા વિચારણાને અંતે એ ઉકેલ પર એકમતી થઈ કે, કેમ કે મૂળ ગુનોહ વધારાની રકમ આપવું છે, એના કારણે એની શર્ત સ્વીકારવી પણ ગુનોહ બને છે, પરંતું અહીં એની સાથે એક શર્ત એ પણ છે જે અધિક રકમ આપવાથી ખાલી છે અને કાર્ડ ધરાવરનારનો ઈરાદો એના પર અમલનો પણ છે, ખરેખર

હક઼ીક઼તમાં એના પર એનો અમલ પણ હોય છે. સાથોસાથ માર્ગના ખતરાઓ (ચોરી વગેરે) વગેરેનો ફાયદો પણ હાંસલ થઈ રહ્યો છે, એટલા માટે વિરૂધ્ધ નિશ્ચય, એ કેવળ શાબ્દિક કે લેખિત ગુનાહની શર્તે નથી.

(૪) કોઈ મુસ્લિમ કાર્ડ હોલ્ડર અને મુસ્લિમ બેંકની દરમિયાન આર્થિક દંડ અને વ્યાજની સાથે શરતવાળો મામલો જાઈઝ નથી. અને જે મુસ્લિમ બૅંક આ પ્રકારની શર્ત લાગુ કરે છે અને તેના પર અમલ કરે છે તેમને હિદાયત કરવામાં આવે છે કે તે એવી નાજાઈઝ શર્તો ખત્મ કરીને કેવળ જાઈઝ આધારો પર પોતાની લેણ દેણ કરે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(જદીદ મસાઈલ પર ઉલમાકી રાઍં ઔર ફૈસલે, પેજ : ૨૨૭–૨૨૮, અઝ : મુફ્તી નિઝામુદ્દીન રઝવી–મુબારકપુર)*



ઈ કોમર્સ બિઝનેસ
e Commerce Business

કરના કૈસા ?

૦૧. B2B E Commerce (બી2બી ઈ કોમર્સ)

૦૨. B2C E Commerce (બી2સી ઈ કોમર્સ)

૦૩. B2B to B2B e Commerce
(બી2બી ટુ બી2બી ઈ કોમર્સ)

૦૪. B2B to B2C e Commerce
(બી2બી ટુ બી2સી ઈ કોમર્સ)

૦૫. Dropship Business Modules
(ડ્રોપશીપ બિઝનેસ મોડયુલ્સ)

૦૬. Dropship Business Agency
(ડ્રોપશીપ બિઝનેસ એજન્સી)

૦૧. E Commerce Business (ઈ કોમર્સ બિઝનેસ) કે મસાઈલ બયાન ફર્માઈએ.

૦૨. E Commerce Business (ઈ કોમર્સ બિઝનેસ) કરના કૈસા ?

૦૩. Amazon, Flipkart & Paytm....વગેરહ e Commerce માર્કેટ Place પર Sell કરના કૈસા ?

૦૪. E Commerce કે Dropship Business Modules (ઈ કોમર્સ બિઝનેસ કે ડ્રોપશીપ બિઝનેસ મોડયુલ્સ) મેં કામ કરના કૈસા ?

૦૫. Social media પર e Commerce Business કરના કૈસા?

૦૬. Branded ચીઝોં કી Copy યા નકલી સામાન બેચના કૈસા? જબ કી ખરીદનેવાલા ભી યે બાત જાનતા હો.

-Muhammed Shabbir Qadri-Surat

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્જવાબ (૧) (૨) (૩) (૪) (૫) : ઈ–કોમર્સ (e-commers) કે બારે મેં સવાલ કરને વાલે ઔર મુખ્તલિફ ઝરાએ સે જો મા'લૂમાત હાસિલ હૂઈ, ઉન કે એ'તેબાર સે ઈ–કોમર્સ કે હવાલે શરીઅત કા હુકમ યે હૈ કે ઉસ કી જિતની સૂરતેં સવાલ મેં ઝિક્ર કી ગઈ, ઉન મેં સે ડ્રોપશીપ બિઝમેસ મોડલ્સ (Dropahip Business Modales) નાજાઈઝ હૈ, ક્યૂં કે ઉસમેં જો ખરીદો ફરોખ્ત કરનેવાલા હોતા હૈ વોહ સ્ટોક મેં સામાન નહીં રખતા, બલ્કે કસ્ટમર (Costumer) કે ઓર્ડર્સ (Orders) ઔર સામાન ભેજને કી તફસીલ માલ બનાને વાલે યા હોલ સેલર કો ભેજ દેતા હૈ, જો સીધે કસ્ટમર કો વોહ સામાન ભેજ દેતા હૈ. ઈસ મુઆમલે મેં શરઅન યે ખરાબી હૈ કે રીટેલર (Retailer) ઐસી ચીઝ કો બેચતા હૈ જો ઉસ કી મિલ્ક મેં નહીં હૈ. ક્યૂં કે અભી બેચને કે વક્ત તક માલ બનાનેવાલે યા હોલ સેલર સે ઉસને વોહ ચીઝ નહીં ખરીદી, બલ્કે બેચને કે બાદ ખરીદતા હૈ. ઔર અલ્લાહ કે રસૂલ ﷺ કે ઈર્શાદ કે મુતાબિક઼ ઐસી ચીઝ કો બેચના જાઈઝ નહીં જો અપની મિલ્ક મેં નહો. તિર્મિઝી શરીફ મેં હૈ :

"عَنْ حَكِيْمِ بْنِ حِزَامٍ قَالَ :اَتَيْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ فَقُلْتُ :
يَأْتِيْنِىْ الرَّ جُلُ يَسْئَلُنِىْ مِنَ الْبَيْعِ مَا لَيْسَ عِنْدِىْ أَبْتَاعُ لَهُ مِنَ
السُّوْقِ ثُمَّ أَبِيْعُ؟قَالَ:لَا تَبِعْ مَالَيْسَ عِنْدَكَ"

યાની : હકીમ બિન હિઝામ رضی اللہ عنہ ને ફર્માયા કે મૈંને અલ્લાહકે રસૂલ ﷺ કી બારગાહ મેં હાઝિર હોકર અર્ઝ કિયા કે મેરે પાસ કભી કોઈ શખ્સ આતા હે ઔર મુઝસે ઐસી ચીઝ બેચનેકા સવાલ કરતા હે જો મેરે પાસ નહીં હોતી, તો મૈં ઉસે બાઝાર સે ખરીદતા હૂં ફિર ઉસે બેચ દેતા હૂં. (યાની અગર યે ઉસ વક્ત વોહ ચીઝ મેરે પાસ મૌજૂદ નહીં લેકિન બાઝાર સે ખરીદકર ઉસે દે દૂંગા તો ખરીદને સે પેહલે ઉસસે બેચના જાઈઝ હે યા નહીં ?) તો હુઝૂર ﷺ ને જવાબ મેં ઈર્શાદ ફર્માયા : જો ચીઝ તુમ્હારે પાસ મૌજૂદ નહીં ઉસે મત બેચો. (યા'ની જિસકે તુમ માલિક નહીં ઉસે મત બેચો) ''તન્વીરુલ અબ્સાર મઅ દુર્રે મુખ્તાર વ રદુલ મુહતાર'' મેં હે :–

"(وَ[بَطَلَ]بَيْعُ مَالَيْسَ فِىْ مِلْكِهِ)لِبُطْلَانِ بَيْعِ الْمَعْدُوْمِ وَمَالَهُ
خَطْرُ الْعَدَمِ (إلَّا بِطَرِيْقِ السّلَمِ)فَإنَّهُ صَحِيْحٌ لِأَنَّهُ عَلَيْهِ السَّلَا
نَهىٰ عَنْ بَيْعِ مَالَيْسَ عِنْدَ الْإنْسَانِ،وَرُخِّصَ فِى السَّلَمِ"(قَوْلُ
:بَيْعُ مَالَيْسَ فِىْ مِلْكِهِ)أَىْ بَيْعُ مَاسَيَمْلِكُهُ قَبْلَ مِلْكِهِ لَهُ۔اھ

યાની : ઉસ ચીઝ કો બેચના બાતિલ હે જો આદમી કી મિલ્ક મેં ન હો, ક્યૂં કે મા'દૂમ (અનઅસ્તિત્વવાળી) ચીઝ કો બેચના ઔર ઉસ ચીઝ કો બેચના, જિસ મેં મા'દૂમ હોને કા અંદેશા હો, બાતિલ હે. હાં ! મગર સલમ કે તરીકે પર બેચના જાઈઝ હે. ઈસ લિયે કે હુઝૂર ﷺ ને

ઈન્સાન કે પાસ જો ચીઝ ન હો ઉસ કે બેચને સે મના ફર્માયા ઔર સલમ કી ઈજાઝત અતા ફર્માઈ.

''જો ચીઝ કે આદમી કી મિલ્ક મેં ન હો'' ઉસ સે મુરાદ યે હૈ કે જિસ કા આદમી માલિક બનેગા અનક઼રીબ આને વાલે ઝમાને મેં. ''મુસ્લિમ શરીફ'' મેં હૈ :

”عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وآلہٖ وسلم: مَنِ ابْتَاعَ طَعَاماً فَلَا يَبِعْهُ حَتىٰ يَقْبِضَهُ قَالَ اِبْنُ عِبَّاسٍ : وَأَحْسِبُ كُلَّ شَيْءٍ بِمَنْزِلَةِ الطَّعَامِ“

યાની : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને ફર્માયા કે અલ્લાહ કે રસૂલ صلی اللہ علیہ وسلم ને ઈર્શાદ ફર્માયા : જિસ ને કિસી ગલ્લે કો (યાની ગેહૂં, ચાવલ વગૈરે) ખરીદા તો વોહ ઉસે ક઼બ્ઝા કરને સે પહલે ન બેચે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને ફર્માયા કે મેરા ખયાલ હૈ કે હર મન્કૂલ ચીઝ ગલ્લે હી કે હુકમ મેં હૈ.

હાં ! અગર રીટેઈલર (Retailer) માલ બનાને વાલે યા હોલ સેલર સે બેચને કી વકાલત (Agency) હાસિલ કર લે (જૈસા કે Dropship with agency મેં હોતા હૈ) તો અબ ઉસ કા બેચના ઔર દૂસરે કા ઉસ સે ખરીદના જાઈઝ હોગા ઔર રીટેઈલર અને કામ કે બદલે મેં મુક઼ર્રર ઉજરત ભી લે સકતા હૈ.

ઔર ઈ–કોમર્સ કી દૂસરી સૂરતેં શરઅન જાઈઝ હૈં. હાં ! અગર ઉનમેં સે કિસી મેં મઝકૂરા ખરાબી પાઈ જાએ તબ વોહ નાજાઈઝ હોગી.

''અલ્જામિઅતુલ અશરફિયા–મુબારકપૂર'' મેં ઈ–કોમર્સ કે હવાલે સે સેમીનાર હો ચુકા હૈ જિસ મેં સો સે ઝાઈદ ઓલમાએ

કિરામ વ મુફ્તિયાને ઈઝામ શરીક હુએ થે, ઉસ કે ફૈસલે મુખ્તસરન યે હૈ :–

Dropshiping કા હુકમ : જો સામાન અપની મિલ્ક મેં ન હો ઉસે બેચના નાજાઈઝ હૈ ઈસ લિયે દાનિસ્તા (જાનતે હુએ) ઐસે શખ્સ સે હરગિઝ સામન ન ખરીદેં ઔર ન રીટેઈલર બેચે. ઉસ કો ચાહીયે કે કંપની સે વકાલતે બૈયઅ હાસિલ કરે ફિર બૈયઅ કરે. ઈસ સૂરત મેં ઉસકા બેચના ઔર દૂસરે કા ઉસ સે ખરીદના જાઈઝ હોગા ઔર રીટેઈલર અપને કામ કે ઈવઝ મુકર્રરા ઉજરત કા ભી હક઼દાર હોગા.

B to C કા હુકમ : ઈસ સૂરત મેં કંપની જો સામાન ફરોખ્ત કરતી (બેચતી) હૈ વોહ ઉસ કે સ્ટોક મેં મૌજૂદ હોતા હૈ ઈસ લિયે ઉસ કા બેચના ઔર સારિફીન (ઈસ્તેમાલ કરને વાલોં) કા ઉસ સે ખરીદના જાઈઝ હૈ. હા ! યે લિહાઝ ઝરૂરી હૈ કે મુશ્તરી (ખરીદનેવાલા) કિસી મુઅતમદ વ ઝિમ્મેદાર કંપની સે હી ઈસ તરહ કા મુઆમલા કરે ઈસ બૈયમેં મુશ્તરી કો ખિયારે ઐબ વ ખિયારે રૂયત ભી હાસિલ હોગા.

B to B કા હુકમ : સામાન બનાનેવાલી કંપની કા ડિસ્ટ્રીબ્યૂટર (Distributor) સે, ઔર ઉસકા હોલ સેલર સે, ઔર હોલ સેલર કા રીટેઈલર સે ફરોખ્ત કરના જાઈઝ હૈ.

(માહનામા અશરફિયા, ડિસેમ્બર,૨૦૧૭)

(૬) જાઈઝ હૈ બશરતે કે ખરીદનેવાલા જાનતા હો : અલ્લાહ તઆલા બેહતર ઈલ્મવાલા હૈ. *(બરકાતે ખ્વાજા માસિક, એપ્રિલ–૨૦૧૮માંથી સાભાર)*

–(મુફ્તી) મુહમ્મદ સાબિર મિસ્બાહી

(ખાદિમુલ ઈફતા વત્તદરીસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ,

તા. ૧૩–૨–૨૦૧૮, ૨૬ જમાદિલ ઉલા, હિ.સ. ૧૪૩૯)

ફોરેક્ષ ટ્રેડિંગ શરીઅતની દષ્ટિએ

પ્રથમ બેઠક : ૧૮ રબીઉન્નૂર ૧૪૪૦ હિ.સ./ઈ.સ. ૨૭ નવેમ્બર ૨૦૧૮, મંગળવાર સવારે

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ★ حَامِدًا وَّ مُصَلِّیًا وَّ مُسَلِّمًا

:: ફેંસલાનો ખુલાસો ::

ગૈર અનુભવી તથા ગૈર માહિર લોકો આ વ્યવસાય તથા તિજારતમાં હાથ ન નાખે. જે લોકો આ વ્યવસાયના માહિર તથા અનુભવી છે અને ફાયદો થવાનું ગાલિબ ગુમાન ધરાવે છે તેમના માટે શરીઅત તરફથી ઈજાઝત છે. પરંતુ હિંદુસ્તાનમાં કાનૂની રીતે મનાઈ છે એટલા માટે તેઓ પણ આ વ્યવસાયથી બચે, પરહેઝ કરે.

(૧) બે અથવા બેથી અધિક દેશોની કરન્સીઓની અદલા બદલી (Exchange) જ્યાં જ્યાં તેનો રિવાજ છે.

ચલણ છે. કેમ કે ફિક્હની પરિભાષામાં કરન્સી માલ છે, ષમન છે. એટલા માટે બે કરન્સીઓની અદલા બદલી અક્દે બૈઅ (લે વેચ, લેન દેન) છે. તેના ઉપર માલને માલ વડે રઝામંદીની સાથે અદલા બદલી કરવી, જે બૈઅ (લે વેચ)ની વ્યાખ્યા છે, તે લાગુ પડે છે. હવે રહ્યું એ કે :–

બે દેશોની કરન્સીની ઓનલાઈન લે વેચ શું છે ?

જવાબ : તે પણ અક્દે બૈઅ (ખરીદ વેચાણ) છે. કરન્સીઓની અદલા બદલી જેઓ કરે છે. તેઓના ખાતાંઓ (Accounts)માં તેની

રકમની નોંધણી રહે છે. જે હુકમના આધારે કબ્જો ગણાય છે. આ રીતે તે બે વ્યક્તિઓ દરમિયાન પોતાના કબ્જાવાળા માલની અદલા બદલી થાય છે. અને ત્યારબાદ દરેકના ખાતામાં અદલા બદલી થયેલ રકમની નોંધણી પણ થઈ જાય છે જે અદલા બદલી કરેલ વસ્તુ ઉપર કબ્જો કહેવાય છે. જેથી તેના અક્દે બૈઅ (લે વેચ) હોવામાં કોઈ શંકા નથી.

હિદાયામાં છે, એક પૈસા (સિક્કા)ની બે પૈસા (સિક્કા)ના બદલામાં લે વેચ જાઈઝ છે. *(હિદાયા, ૩/૬૩, બાબુર્રિબા)*

ફતાવા રઝવિય્યહ્માં છે :–

અર્થાત : અને તેની તેહક઼ીક઼ (સંશોધન)એ છે કે દિરહમો દ્વારા નોટની લે વેચ એ જ પ્રમાણે છે જેમ કે દિરહમો દ્વારા પૈસાના સિક્કાની લે વેચ. તે બૈએ સર્ફ નથી (બૈએ સર્ફ : સોના ચાંદી વગેરેની લે વેચ સોના ચાંદી વડે) જેથી આ પ્રકારની લે વેચમાં (અદલા બદલી કરેલ દિરહમ તથા પૈસાના સિક્કા ઉપર) કબ્જો જરૂરી નથી. (બૈએ સર્ફમાં અદલા બદલી કરેલ વસ્તુ ઉપર કબ્જો જરૂરી છે) કેમ કે બૈએ સર્ફ તે વસ્તુની લે વેચ (અદલા બદલી) છે જે વસ્તુને ષમાનિયત (કિંમત હોવાના) માટે પેદા કરવામાં આવી છે તેની કિંમત વડે લે વેચ કરવી (એટલે કે સોના, ચાંદી વગેરેની લે વેચ સોના ચાંદી દ્વારા કરવી) જેમ કે બહર્રુરાઈક઼, દુર્રે મુખ્તાર વગેરેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. જ્યારે કે દરેક જાણે છે કે નોટ તથા સિક્કાઓ એ પ્રમાણે નથી કેમ કે નોટ તથા સિક્કાઓનું કિંમત હોવું (ષમન હોવું) મૂલ્ય હોવું પરિભાષિક છે જ્યાં સુધી તેનો રિવાજ તથા તેનું ચલણ રહે (ત્યાં સુધી તે કિંમત તથા મુલ્ય ગણાય છે) અને રિવાજ તથા ચલણ

ન રહે તો તે માત્ર કાગળ) અને આ પ્રકારની લે વેચનું બૈએ સર્ફ ન હોવાની સ્પષ્ટતા રદ્દુલ મુહ્તાર બાબુર્રિબામાં બહર, ઝખેરા તથા મશાઈખના હવાલાથી કરવામાં આવી છે. હા ! નોટ, સિક્કાઓનું મૂલ્ય તથા કિંમત હોવું રિવાજ તથા ચલણના આધારે છે જેથી બંને પક્ષોમાંથી એકનો કબ્જો જરૂરી છે, નહીં તો હરામ ગણાશે. કેમ કે રસૂલુલ્લાહ ﷺએ ઉધારની લે વેચ ઉધાર વડે કરવાથી મનાઈ ફર્માવી છે.

(ફતાવા રઝવિય્યહ્, ૭/૧૪૮, રિસાલા : કિફ્લુલ ફક્રીહિલ ફાહિમ)

(૨) ફોરેક્ષ ટ્રેડિંગ અંગે મળતી માહિતીના આધારે એ જાણવા મળ્યું કે કરન્સીઓની કિંમત વધતી ઘટતી રહે છે. મોટાભાગના લોકોને જો આજની કિંમતની જાણ થઈ જાય છે તો એ ખબર નથી પડતી કે કાલે અથવા થોડા દિવસો પછી અથવા થોડાક કલાકોમાં કઈ કરન્સીની કિંમત (Rate) ઓછી થશે ? કઈ કરન્સીની કિંમત વધશે ?

આ અંગે સફળતા મેળવવા માટે ઘણુ બધુ શિખવાની, અનુભવ મેળવવાની, ઈમાનદાર બ્રોકર તથા કંપનીના માર્ગદર્શનની જરૂરત પડતી હોય છે. જેનાથી અધિકતર લોકો કોરા તથા અજાણ હોય છે અને નાવાકેફ તથા અનુભવની અછત હોવાના કારણે પોતાની મૂડી (સરમાયો) ગુમાવી બેસે છે, જેમ કે આ વિષયની પુસ્તકો તથા રિપોર્ટ દ્વારા ખબર પડે છે કે ૯૦% લોકો આ પ્રકારના વ્યવસાયમાં સખત નુકસાન તથા ખોટમાં રહે છે અને જે ૧૦% લોકો કામયાબ થાય છે તેમના માટે પણ નુકસાન તથા ખોટનો ખતરો બાકી રહે છે. અને ક્યારેક ક્યારેક તેઓ પણ નુકસાન તથા ખોટના શિકાર બને છે.

જેથી સેમીનારની બેઠકમાં ચર્ચા તથા વિચારણા બાદ નક્કી થયું

કે બિન અનુભવી લોકો આ વ્યવસાયમાં હાથ ન નાખે. હા ! જે લોકો માહેર તથા અનુભવી છે અને ફાયદો થવાનું ગાલિબ ગુમાન (અધિક ગુમાન) ધરાવે છે તેઓ આ વ્યવસાય (ફોરેક્ષ ટ્રેડિંગ) કરી શકે છે. શરીઅત તરફથી તેઓને માટે જાઈઝ છે. પરંતુ આપણે ત્યાં ક઼ાનૂની રૂપે આ પ્રકારના વ્યવસાયની મનાઈ છે એટલા માટે તેઓ પણ તેનાથી પરહેઝ કરે બચે. ફતાવા રઝવિય્યહમાં છે :–

અર્થાત : મુબાહ (જાઈઝ) કામ જો ક઼ાનૂની રીતે અપરાધ હોય તો તેમાં પડવું પોતાને તકલીફમાં નાખવું તથા બદ્‌નામ કરવું છે, અને તે જાઈઝ નથી. જેથી આ પ્રકારનાં દરેક કામથી બચવું વાજિબ છે, સિવાય તે દરેક મુબાહ (જાઈઝ) કામ જેમાં કોઈ મનાઈ ન હોય. *(ફતાવા રઝવિય્યહ, ૭/૧૧૫, કિતાબુલ્ બુયૂઅ, બાબુર્રિબા, રઝા એકેડમી)*

વલ્લાહુ તઆલા અઅ્લમ

–અઝ : મુફ્તી મુહમ્મદસાબિર નજમી મિસ્બાહી

(સદર : દારુલ્ ઈફતા, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)